# સત્સંગ



(પ્રેરણાદાયી પ્રસંગો)

## લેખક : યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન
**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




E-Book

| | |
|---|---|
| Title | : Satsang |
| Language | : Gujarati |
| Version | : 2.0 |
| Pages | : 108 |
| Created | : April 14, 2008. |


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



## શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



## પ્રસ્તાવના

માનવમનને સામાન્ય રીતે સૂકા સદુપદેશો કરતાં દૃષ્ટાંતો કે કથાનકો વધારે અસર કરે છે અને રસ પૂરો પાડે છે. આ સંગ્રહમાં એવા દૃષ્ટાંતો, કથાનકો, કે પ્રેરક પ્રસંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસંગોને વધુ રસમય કે સરળ રીતે રજૂ કરવાનો ખાસ ખ્યાલ રાખ્યો છે જેથી તેમને સહેલાઈથી સમજી શકાય તેમજ જીવનોપયોગી કશુંક ગ્રહણ પણ કરી શકાય. ચારિત્ર્યઘડતરમાં એવા પ્રસંગો ઘણો મહત્વનો ભાગ ભજવતા હોય છે.

આ પુસ્તકમાં છપાયેલા કેટલાય પ્રસંગો રાજકોટના 'ફૂલછાબ' દૈનિકમાં ઈ.સ. ૧૯૬૨થી માંડીને ક્રમેક્રમે પ્રકટ થયેલા. વાચકોમાં એ સારો આદર પણ પામેલા. કેટલાક પ્રસંગો ઈ.સ. ૧૯૬૭માં વડોદરાના ‘લોકસત્તા’ દૈનિકમાં તથા બીજા કેટલાક ‘કિસ્મત’ માસિકમાં છપાયેલા.

વાચકો એમનો લાભ ઉઠાવે એવું ઈચ્છું છું.

- યોગેશ્વર

☼ ☼ ☼ ☼ ☼



## અનુક્રમણિકા

૧. ગાર્ગી
૨. 'દ'નો ઉપદેશ
૩. અષ્ટાવક્રનું દૃષ્ટિબિંદુ
૪. બુદ્ધિની શ્રેષ્ઠતા
૫. લક્ષ્મણની લાગણી
૬. વિભીષણનો ઉત્તર
૭. ખિસકોલી જેવી ભાવના
૮. ભક્તની અનન્યતા
૯. સંજીવની બુટ્ટીનો પ્રસંગ
૧૦. ભસ્માસુરનો નાશ
૧૧. સેવા અને સમર્પણની મૂર્તિ રંતિદેવ
૧૨. સુંદ-ઉપસુંદની કથા
૧૩. ભગવાન કૃષ્ણનું સ્મિત
૧૪. સેવાયજ્ઞોની આવશ્યકતા
૧૫. તક્ષક અને કાશ્યપ
૧૬. વિનમ્ર બનો
૧૭. દત્તાત્રેયની ગુણગ્રાહક દૃષ્ટિ
૧૮. પિંગલાનો પ્રસંગ
૧૯. પરિગ્રહ દુઃખનું કારણ
૨૦. બહારની સિદ્ધિઓ
૨૧. બાઈબલની ઘટના
૨૨. શક્તિ અને શંકરાચાર્ય
૨૩. ખુદાનું ઘર ક્યાં નથી ?
૨૪. ગુરુનું બલિદાન
૨૫. સાધુતાનો પોષાક
૨૬. અક્રોધી એકનાથ
૨૭. શૂરવીર સરદાર
૨૮. તુલસીદાસ અને ઔરંગઝેબ
૨૯. ભામાશાઓની આવશ્યકતા
૩૦. મીરાંનો સંદેશ
૩૧. જ્ઞાન અને વ્યવહાર
૩૨. પ્રથમ કેળવીએ પાત્રતા
૩૩. નરેન્દ્રની સંયમવૃત્તિ
૩૪. વિવેકાનંદ અને વાંદરા
૩૫. તોતાપુરીની કાયાપલટ
૩૬. સેવાના વ્રતધારી દયાનંદ
૩૭. બંગાળી કન્યાની મુક્તિ
૩૮. આસામની કન્યા
૩૯. આંખ મીંચાશે ત્યારે
૪૦. ઉદાત્ત ભાવના
૪૧. તીર્થની તાકાત
૪૨. ધનની સિદ્ધિ
૪૩. ઈશ્વરનું દર્શન
૪૪. દક્ષિણેશ્વરની દેવી
૪૫. એટલી ચતુરતા તો જોઈશે જ
૪૬. દેશનું ગોધન
૪૭. કાયાપલટ
૪૮. બહાદુર બાળકો
૪૯. વિવેકાનંદની ચંચળતા
૫૦. સંતશ્રી નારાયણ સ્વામી

☼ ☼ ☼ ☼ ☼

## ૧. ગાર્ગી

આત્મજ્ઞાની પુરુષોની કદર કરનારા અને એમની સેવામાં માનનારા રાજા જનકે એકવાર હજાર હૃષ્ટપુષ્ટ દૂધ આપનારી ગાયો તૈયાર કરાવી તથા પ્રત્યેક ગાયને શીંગડે બે બે સુવર્ણ મુદ્રાઓ બંધાવીને વિદ્નજ્જનોની સભાને સંબોધીને કહ્યું :

"તમારામાંથી જે સૌથી વધારે વિદ્વાન અને આત્મજ્ઞાની હોય તે આ ગાયોને લઈ જાય."

ગાયોને લેવાનું મન કોને ના થાય ? તેમાં પણ એવી સુંદર ગાયો ! જનકના શબ્દો સાંભળીને સૌ એકમેકના તરફ જોવા લાગ્યા. ગાયોને લઈ જવાનો પ્રસ્તાવ હતો તો આકર્ષક, પરંતુ જનક રાજાએ જે શરત રાખેલી તેનું શું ? એ શરત કોણ પૂરી કરે ? સૌથી વધારે વિદ્વાન અથવા આત્મજ્ઞાની કોણ છે તે કેવી રીતે સમજાય ? અને પોતાને સભાજનોમાં અથવા વધારે સારા શબ્દોમાં કહીએ તો સભામાં એકઠા થયેલા વિદ્વદ મંડળમાં શ્રેષ્ઠ આત્મજ્ઞાની માનીને એ ગાયોને લઈ જવાની હિંમત પણ કોણ કરે ? એ હિંમત એક પ્રકારનું સાહસ જ ગણાય.

થોડા વખત સુધી તો સભામાં શાંતિ પ્રસરી રહી.

પરંતુ પછી સભામાં બેઠેલા મહર્ષિ યાજ્ઞવલ્ક્ય ઊભા થયા ને પોતાના શિષ્યને સંબોધીને બોલ્યા -

"આ ગાયોને આપણે ત્યાં લઈ લે."

સભાના વિદ્વાનો તથા પંડિતોને માટે એ એક મહાન અને ખુલ્લો પડકાર હતો. પરંતુ એ પડકાર ઝીલે કોણ ?

સમસ્ત સભામાં સન્નાટો છવાઈ ગયો. યાજ્ઞવલ્ક્યને રાજા જનકે પૂછ્યું પણ ખરું !

'તમારી જાતને તમે સૌથી જ્ઞાની માનો છો ?'

બીજા બે ત્રણ પુરુષોએ પણ એવું જ પૂછ્યું.

યાજ્ઞવલ્ક્યે ઉત્તર આપ્યો:

'મારું મન તો આ ગાયોને જોઈને લલચાઈ ગયું છે.'

પરંતુ એ તો કાંઈ ઉત્તર કહેવાય ? એવો ઉત્તર કોને સંતોષ આપી શકે ?

સભામાં અઢારેક વરસની એક કુમારી બેઠેલી. એ કુમારી ભારે વિચક્ષણ બુદ્ધિની, ત્યાગ-પરાયણ તથા જ્ઞાની હતી. એના મુખમંડળ પર દિવ્ય પ્રકારની દીપ્તિ હતી. એનાં નેત્રો નિર્મળ હતાં. એમાંથી એક જાતની અલૌકિકતા ટપક્યા કરતી. એનું નામ ગાર્ગી વાચકનવી.

એણે તદ્દન નિર્ભય બનીને વિદ્વાનોની એ સભામાં યાજ્ઞવલ્ક્યને પડકાર કર્યો.

એ પરમ નિર્મળ વ્યક્તિત્વવાળી બ્રહ્મવાદિની, વિદુષી ગાર્ગીને યાજ્ઞવલ્ક્યનો મુકાબલો કરવા માટે વિદ્વાનોએ પોતાના પ્રતિનિધિ તરીકે પસંદ કરી એટલે એ યાજ્ઞવલ્ક્ય સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર થઈ. એણે યાજ્ઞવલ્ક્યને કહ્યું :

'વીર યોદ્ધાઓ જેવી રીતે શત્રુ પર છોડવાના આશયથી હાથમાં બાણ લઈને ઊભા રહે છે, તેવી રીતે હું તમારી કસોટી કરવા તમારી સામે ઊભી રહી છું. હું તમને પાંચ પ્રશ્નો પૂછીશ. એમના સંતોષકારક ઉત્તરો આપીને તમારા જ્ઞાનની શ્રેષ્ઠતા સાબિત કર્યા પછી જ તમે ગાયોને લઈ જઈ શકશો - તે વિના નહિ.'

એ બ્રહ્મવાદિની વિદુષી ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને પૂછેલા તત્વજ્ઞાન વિષયક પ્રશ્નોના ઉત્તરો યાજ્ઞવલ્ક્યે સંતોષકારક રીતે પૂરા પાડ્યા ત્યારે જ યાજ્ઞવલ્ક્ય ગાયોને લઈ જઈ શક્યા.

ગાર્ગીએ કહ્યું કે યાજ્ઞવલ્કય ગાયોને લઈ જવા માટે સૌથી વધારે લાયક છે.

પરંતુ યાજ્ઞવલ્ક્ય પણ ગાર્ગીની નિર્ભયતા, વિદ્વતા ને નિર્ભયતા જોઈને છક બની ગયા. એમણે ગાર્ગીને શાબાશી આપી.

પોતાના અનુપમ આકર્ષક વ્યક્તિત્વથી ને પોતાની અસાધારણ બૌદ્ધિક પ્રતિભાથી સૌને મંત્રમુગ્ધ કરનાર એ તપસ્વિની ગાર્ગી ભારતના વૈદિક વખતનાં જ નહિ પરંતુ સર્વ કાળનાં પ્રતાપી સ્ત્રી પાત્રોમાં અમર છે. જે લોકો એમ કહે છે કે ભારતમાં પ્રાચીન કાળમાં સ્ત્રીના વિકાસની કોઈ તકો ન હતી ને સ્ત્રીઓ પછાત હતી તેમણે ભારતના એ અતીત કાળનો ઈતિહાસ પૂરેપૂરો જાણ્યો જ નથી. એમણે ગાર્ગી જેવી સન્નારીઓની ગૌરવગાથાઓને જાણવાની જરૂર છે. જે દેશના મહાપુરુષ મનુએ પોતાની સ્મૃતિમાં એવો સુંદર સંદેશ આપ્યો કે,

'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમંતે તવ દેવતાઃ ।
યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વે તત્રા ફલા ક્રિયાઃ ॥'

એટલે કે જ્યાં સ્ત્રીઓનું સર્વપ્રકારે સન્માન ને પૂજન થાય છે તથા તેમની સમુન્નતિની યોજનાઓ કરવામાં આવે છે ત્યાં દેવતા અથવા દૈવી તત્વો વાસ કરે છે, ને જ્યાં એમનો અનાદર થાય છે ત્યાં બધી જ પ્રક્રિયાઓ નિષ્ફળ બને છે, તે દેશ સ્ત્રીઓને પછાત કેવી રીતે રાખી શકે, અને પછાત રાખવાનો અન્યાયયુક્ત અનર્થકારક સંદેશ પણ કેવી રીતે આપી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૨. 'દ' નો ઉપદેશ

ઉપનિષદોને જીવનોપયોગી સુંદર સુવાસિત વિચારપુષ્પોના એક અનેરા ઉદ્યાન સાથે સરખાવી શકાય.

એ ઉદ્યાનનાં પરિમલ ભરેલાં પુષ્પોએ અતીત કાળથી માંડીને આજ સુધી અનેકનાં પ્રાણને પ્રસન્ન ને પુલકિત કર્યા છે, અનેકના સંતપ્ત અંતરને એમણે શાંતિ આપી છે, પ્રેરણા પહોંચાડી છે, ને સંજીવની ધરી છે.

એની સૌરભથી સામાન્ય ચિંતકો કે વિચારકો જ નહિ, ભલભલા દાર્શનિકો પણ મુગ્ધ બન્યા છે. એમણે એની શ્રેયસ્કરતાની મુક્ત કંઠે પ્રશંસા કરી છે.

ભારતીય સંસ્કૃતિની એ એક મહામૂલ્યવાન મૂડી છે.

એનો ચિંતન વિભાગ જેમ અસાધારણ આકર્ષક અને આર્શીવાદરૂપ છે તેમ એ ચિંતનને સરળ ને સ્પષ્ટ કરતો એની પૂર્તિરૂપ રજૂ થયેલો કથા વિભાગ પણ એટલો જ અગત્યનો છે. ધર્મ, તત્વજ્ઞાન અને સાધનાના ગહનતમ સિદ્ધાંતોને સરળ રીતે સમજાવવામાં એનો ફાળો ઘણો મોટો છે. માનવમન કેવળ શુષ્ક સિદ્ધાંતો કરતાં એ સિદ્ધાંતોને સ્પષ્ટ કરતી કથાઓ તરફ વધારે આકર્ષાય છે. માનવ સ્વભાવની એ ખાસિયતને લક્ષમાં લઈને એને સંતોષવા તેમજ ધર્મ ને તત્વજ્ઞાનને લોકપ્રિય બનાવવા પુરાણ સાહિત્યની પેઠે ઉપનિષદ સાહિત્યમાં પણ અનેક જાતની ઉચ્ચ આદેશથી અલંકૃત થયેલી જીવનોપયોગી કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વરસો વીતી ગયાં છે તો પણ એ કથાઓ જૂની નથી થઈ, અથવા એમણે એમની અસરકારકતા અને લોકપ્રિયતા નથી ખોઈ.

અહીં જેની રજૂઆત થઈ રહી છે તે કથા પણ એવી જ છે.

બ્રહ્માની સૃષ્ટિના ત્રણ મુખ્ય પ્રતિનિધિ દેવ, દાનવ ને માનવ.

એમના પ્રમુખ નેતાઓ એકવાર બ્રહ્માની પાસે ઉપદેશની પ્રાપ્તિ કરવા ગયા.

એક વરસ પૂરું થયા પછી એમણે પોતાને ઘેર જવાની તૈયારી કરી.

સૌથી પહેલા દેવોના પ્રતિનિધિએ બ્રહ્માની પાસે આવીને એમની અનુજ્ઞા માગી અને ઉપદેશ માટે પ્રાર્થના કરી એટલે બ્રહ્માએ એમને ઉપદેશ આપતાં કહ્યું, 'દ'.

દેવોને થયું કે આપણને 'દ'નો ઉપદેશ આપવામાં આવ્યો એથી શું સમજવું ? બ્રહ્માનો ઉપદેશ કાંઈ મિથ્યા તો હોઈ જ ના શકે. એની પાછળ કાંઈ ને કાંઈ રહસ્ય તો હોવું જ જોઈએ.

જરાક શાંતિપૂર્વક વિચાર કરતાં એ રહસ્ય એમને સમજાઈ ગયું. એમને થયું કે આપણે સ્વર્ગમાં ખૂબ જ ભોગવિલાસ કે મોજશોખવાળું જીવન પસાર કરીએ છીએ. સ્વર્ગમાં ભોગ અને ઐશ્વર્યની પ્રચૂરતા છે. આપણાં જીવન પણ અસંયમી કે સ્વચ્છંદી છે. એટલે 'દ'નો ઉપદેશ આપીને બ્રહ્માએ આપણને દમનું પાલન કરવાનું અથવા ઈન્દ્રિયસંયમ સાધવાનું કહ્યું છે તે યથાર્થ જ છે. 'દ' એટલે દમ.

દાનવોના પ્રતિનિધિએ બ્રહ્માની વિદાય માગી ત્યારે બ્રહ્માએ એ જ ઉપદેશ આપતાં કહ્યું, 'દ'.

દાનવો એ ઉપદેશ સાંભળીને શરૂઆતમાં તો વિસ્મયમાં પડ્યા. પરંતુ પાછળથી એનો મર્મ સમજાતાં અંદર અંદર કહેવા લાગ્યા કે આપણને જે ઉપદેશ મળ્યો છે તે બરાબર છે. આપણે ખૂબ જ બળવાન છીએ

એટલે આપણે માથે મોટી જવાબદારી રહેલી છે... બળનો ઉપયોગ આપણે નિર્બળોને પજવવા માટે ના કરવો જોઈએ, પરંતુ એથી નિર્બળોની રક્ષા કરવી જોઈએ. એટલે 'દ' કહીને આપણને દયાનો જ ઉપદેશ આપવામાં આવ્યો છે.

માનવોના પ્રતિનિધિને પણ બ્રહ્માએ એ જ ઉપદેશ આપ્યો કે, 'દ'.

માનવોને થયું કે આપણને પણ એ જ ઉપદેશ આપવામાં આવ્યો છે. એનો અર્થ શું સમજવો ? એનો અર્થ એ જ કે આપણે દાન કરતાં શીખવું જોઈએ. જે વ્યક્તિ કે સમષ્ટિ સ્વાર્થી બને છે એ આગળ નથી વધી શકતી. પોતાની ને પોતે જે સમાજમાં રહે છે તે સમાજની સુખાકારી માટે માણસે એકલપેટાપણાનો ત્યાગ કરીને બીજાની સેવા કરવા તૈયાર રહેવું જોઈએ. સેવાધર્મથી સમાજ ટકે છે ને સમૃદ્ધ, સંવાદી તથા સુખી થાય છે. એટલે જીવનમાં જે મળે તે પરમાત્માનું સમજીને તેનો વિનિયોગ સમાજની સુખાકારી સારૂ કરવો આવશ્યક છે, એવી વૃત્તિ ને પ્રવૃત્તિવાળા મનુષ્યો જ સૃષ્ટિને સ્વર્ગસમી સુખદ બનાવી શકે. એ સંદર્ભમાં આપણે માટે દાનનો ઉપદેશ યથાર્થ છે.

ઉપનિષદકાળની એ કથાને તો વરસો વીતી ગયાં પરંતુ એનો સંદેશ આજે પણ એટલો જ ઉપયોગી છે. મનુષ્યની અંદર દેવ, દાનવ અને માનવ ત્રણેનો વાસ છે. એ ત્રિપુટી એની સાથે જ રહેતી હોય છે. એને ઉત્તમ ભાવો, વિચારો ને સંસ્કારો દેવ બનાવે છે, અને એથી ઊલટું અધમ ભાવો, વિચારો ને કર્મો દાનવ જેવો કરી દે છે. પોતાને ને બીજાના જીવનને સુખમય કરવા માટે એણે પોતાની પ્રકૃતિ પર કાબૂ કરતાં શીખવું જોઈએ. મન તથા ઈન્દ્રિયોનો સંયમ, દયા ને દાન જીવનને આદર્શ બનાવે છે ને ઉજ્જવળ કરે છે. એ ત્રિવેણીસંગમથી સંપન્ન મનુષ્ય સંસારની મહામૂલ્યવાન મૂડીરૂપ બની જાય છે. જીવનની શાંતિ તથા સમાજની સમૃદ્ધિ માટે એ ત્રણે વસ્તુઓની આજે આપણને અનિવાર્ય આવશ્યકતા છે, અને એ આવશ્યકતા કાયમને માટે રહેવાની જ. એ દષ્ટિએ 'દ'ના ઉપદેશનું મૂલ્ય ઘણું મોટું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩. અષ્ટાવક્રનું દૃષ્ટિબિંદુ

નાની ઉંમરના ભક્તો, જ્ઞાનીઓ અને યોગીઓ જેટલા પ્રમાણમાં ભારતમાં થયા છે તેટલા પ્રમાણમાં દુનિયાના બીજા દેશોમાં ભાગ્યે જ થયા હશે. નાની ઉંમરમાં કોઈની અંદર ઉત્તમ પ્રકારનું જ્ઞાન, ઉત્તમ પ્રકારની ભક્તિ અથવા યોગશક્તિ કે યોગસાધના પ્રત્યેની અભિરુચિનું દર્શન થાય ત્યારે સમજી લેવું કે એની પાછળ જન્માંતર સંસ્કારોનું ઘણું મોટું પીઠબળ રહેલું છે. જુદા જુદા જન્મોમાં સાધના કરતો જીવ ક્રમે ક્રમે આગળ વધે છે. અને એવા સ્વાભાવિક એકધારા વિકાસના પરિણામરૂપે કોઈ એક જન્મમાં ઊંડું આત્મજ્ઞાન, અસીમ ભક્તિ અને યોગની ઉત્કટ અભિરુચિ પ્રાપ્ત કરે છે.

અષ્ટાવક્રના સંબંધમાં પણ એવું જ હતું. એમનું શરીર કુરૂપ અને વાંકુ હોવાથી એ અષ્ટાવક્ર કહેવાતા, પરંતુ એમનો આત્મા અનેક જન્મોની એકધારી સાધનાને લીધે નિર્મળ બનેલો અને એ જ્ઞાનના પાવન પ્રકાશથી પ્રકાશિત બનીને આત્મોન્નતિની ઉચ્ચોચ્ચ અવસ્થાએ આરૂઢ થયેલા. એ પરમ તેજસ્વી, નમ્ર, સંયમી અને શાંતિ સંપન્ન હતા.

એ એક વખત રાજા જનકની સભામાં પ્રવેશ્યા ત્યારે રાજા જનકે એમનું સ્વાગત કર્યું, પરંતુ એમના વક્ર, કુરૂપ શરીરને જોઈને સભાજનો હસી પડ્યા.

બીજો કોઈ સામાન્ય માનવ હોત તો એ હાસ્ય તથા ઉપહાસને લીધે ક્રોધે ભરાત અથવા સંકોચ અનુભવત, પરંતુ અષ્ટાવક્ર, તો બધી રીતે જોતાં અસામાન્ય હતા એટલે સભાજનોના મુક્ત હાસ્યથી લેશ પણ ઉત્તેજિત થયા વિના એમની સામે હસવા માંડ્યા.

એમનું હાસ્ય જોઈને રાજા જનકને નવાઈ લાગી. એમણે કહ્યું કે સભાજનોમાંના કેટલાય પંડિત કે વિદ્વાન છે. એ તો તેમને જોઈને હસે એ સહેલાઈથી સમજી શકાય તેવું સ્વાભાવિક છે, પણ તમે તેમની સામે હસો છો તે જરા વિચિત્ર છે.

'એમાં વિચિત્ર જેવું કશું જ નથી'. અષ્ટાવક્રે જણાવ્યું, 'મને એટલા માટે હસવું આવે છે કે તમારી સભા પંડિતો ને વિદ્વાનોથી ભરેલી નથી. આ સભામાં તો બધા ચમારો જ બેઠેલા છે'.

'કારણ ?' જનકથી પૂછ્યા વિના ના રહેવાયું.

'કારણ દેખીતું છે'. અષ્ટાવક્રે ખુલાસો કર્યો, 'ચમાર હંમેશાં ચામડાનું કામ કરતો હોવાથી એની દ્રષ્ટિ ચામડા પર જ પડ્યા કરે છે. એ ચામડાને જ મહત્વનું માને છે. આ સભામાં બિરાજેલા વિદ્વાનોએ પણ મારા આત્માની આભાને અવલોકવાને બદલે મારા શરીરને જોઈને જ પોતાની પ્રતિક્રિયા પ્રગટ કરી છે. માટે એમનો સ્વભાવ ચમારનો જ છે. એમનામાં ને ચમારમાં કોઈ ખાસ ફરક નથી લાગતો.'

સમસ્ત સભા સ્તબ્ધ બની ગઈ. શાંત થઈ ગઈ.

સૌને પોતાની ભૂલ સમજાઈ ગઈ. સાથે સાથે એ પણ સમજાયું કે રાષ્ટ્રના આધ્યાત્મિક આકાશમાં એક અવનવા, મહાપ્રતાપી, તેજસ્વી, તારકનો ઉદય થયો છે. સૌએ અષ્ટાવક્રની માફી માગી.

રાજા જનક તો સ્વયં જ્ઞાની તથા હીરાપારખુ ઝવેરી હતા. અષ્ટાવક્રની અસાધારણ યોગ્યતાને પારખીને એમણે એમનું વિશેષ સન્માન કર્યું. અષ્ટાવક્રે એમના પ્રશ્નોના પ્રત્યુત્તર પૂરા પાડીને એમની શંકાઓનું સુખદ સમાધાન કર્યું એથી એ એમને ગુરુભાવે પણ જોવા લાગ્યા.

અષ્ટાવક્ર ને જનકને થયે તો વરસો વીતી ગયાં છે તો પણ આ કથા અને એની પાછળની પ્રેરણા આજે પણ એવી ને એવી કાયમ છે. એ જરા પણ પુરાણી નથી થઈ. દુનિયામાં બે જાતના મનુષ્યો હંમેશા જોવા મળે છે. એક તો માણસના ગુણને, વ્યક્તિત્વને, જ્ઞાનને કે આત્માને જુએ છે, ને બીજા કેવળ બહારના કલેવરને કે ચર્મને જ જુએ છે, અને તેની પ્રતિક્રિયાના ભોગ બને છે. એકને સૂક્ષ્મ-દૃષ્ટિ અને બીજાને સ્થૂળ દૃષ્ટિ કહી શકાય. જીવનને સુખી કરવા તથા જેને જોવાય તેને પૂરતો ન્યાય આપવો. એ અત્યંત આવશ્યક છે કે માણસ સૂક્ષ્મ દૃષ્ટિથી સંપન્ન બને. વ્યક્તિ કે વસ્તુના હાર્દમાં ઉતરવાનું પણ શીખી લે. આજની દુનિયા આગળ વધવાનો ને સુધરેલી હોવાનો દાવો કરે છે છતાં પણ અષ્ટાવક્રના દૃષ્ટિબિંદુ પ્રમાણે એમાં શ્વાસ લેતા મોટાભાગના માનવો શિક્ષિત, પંડિત, પદાધિકારી, પ્રતિષ્ઠિત, અમીર કે શૂરવીર ને સાક્ષર હોય તો પણ ચામડીને જ મહત્વની માનનારા ને ચામડીના જ સુખોપભોગમાં રમનારા હોવાથી એક પ્રકારના ચમારો જ છે એવું નથી લાગતું ? એ ચમારવૃત્તિથી મુક્તિ મેળવે તેને જ સંસ્કૃત કહી શકાય. વંદનીય અને અનુકરણીય પણ એ હોઈ શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. બુદ્ધિની શ્રેષ્ઠતા

રામાયણમાં એક સુંદર, પ્રેરક, રોચક પ્રસંગ છે મહર્ષિ વાલ્મીકિ તથા સંત તુલસીદાસ બંનેએ પોતપોતાના રામાયણમાં એનું વર્ણન કરેલું છે.

એ પ્રસંગ હનુમાન અને સુરસાનો છે.

સીતાની શોધ કરવા માટે જામવંતના વચનોથી ઉત્સાહિત થઈને હનુમાનજી સમુદ્રને પાર કરીને લંકામાં પહોંચવા માટે તૈયાર થયા. સૌને વંદન કરીને હૃદયમાં રામને ધારણ કરીને પ્રસન્નતાપૂર્વક આગળ વધીને સમુદ્ર તટ પરના એક પર્વત પર ચઢીને એ આકાશમાર્ગે ચાલી નીકળ્યા.

દેવોએ એમને પ્રયાણ કરતાં નિહાળીને સર્પોની માતા સુરસાને એમના બળ અને બુદ્ધિની પરીક્ષા કરવા મોકલી.

એણે હનુમાનજી પાસે પહોંચીને કહ્યું, 'આજે મારા સૌભાગ્યનો સૂરજ ઉગ્યો છે, કારણ કે દેવતાઓએ મને ઉત્તમ આહાર મોકલી આપ્યો છે.'

હનુમાને એને જણાવ્યું કે હમણાં હું ખૂબ જ જરૂરી કામે જઈ રહ્યો છું માટે મને જવા દે. મારા કાર્યમાં વિઘ્નરૂપ ન થા. રામના આદેશાનુસાર સીતાને શોધીને પાછો આવું ને સીતાના સમાચાર રામને સંભળાવું પછી તારી પાસે આવી પહોંચીશ. તે વખતે તું મને ખાઈ જજે.

પરંતુ સુરસા એવી રીતે ભોળવાઈને હનુમાનની માંગણીને મંજૂર કરે તેવી ન હતી. એણે તો હનુમાનને મારી નાંખવાનો મક્કમ નિર્ધાર કરેલો. એટલો એ એમનો રસ્તો રોકીને ઊભી રહી.

હનુમાનને ગળી જવાના ઉદ્દેશથી એણે પોતાની માયાનો આશ્રય લઈને પોતાના વદનનો વિસ્તાર એક યોજન જેટલો કરી દીધો.

હનુમાને એથી જરા પણ અંજાયા વિના પોતાના વદનનો વિસ્તાર એના કરતાં બમણો કરી દીધો.

સુરસાએ પોતાનું મુખ સોળ યોજન જેટલું મોટું કર્યું તો હનુમાને એથી બમણું સ્વરૂપ ધારણ કર્યું.

આ બંનેમાં એવી રીતે એક પ્રકારની હરીફાઈ ચાલી.

સુરસા એના મુખને મોટું કરતી ગઈ અને હનુમાનજી એના કરતાં ઉત્તરોત્તર મોટું ને મોટું રૂપ ધરતા રહ્યા.

એમ કરતાં કરતાં સુરસાએ મુખને સો યોજન જેટલું વિશાળ કર્યું. એ વખતે એની ભયાનકતાનો પાર ન રહ્યો. એ ખૂબ જ બળવાન હતી. હનુમાને વિચાર્યું કે આ આસુરી શક્તિ સંપત્તિવાળી રાક્ષસી સામે કેવળ બળનું પ્રદર્શન કરવાથી કાંઈ જ નહિ વળે. એની સામે તો બુદ્ધિનો પ્રયોગ જ કરવો પડશે. બળથી નહિ પરંતુ કળથી કામ લેવું જોઈશે.

એવું વિચારીને એમણે પોતાના રૂપને અતિશય નાનું કરી દીધું ને સુરસાના વિશાળ વિશ્વવ્યાપી વદનમાં પ્રવેશીને તરત બહાર નીકળીને એને પ્રણામ કરીને લંકાપ્રવેશ માટે આગળ વધવાની અનુજ્ઞા માંગી.

એ જોઈને સુરસા પ્રસન્ન થઈ ને બોલી, 'દેવોએ મને જે કામ માટે મોકલેલી તે તારી શક્તિની કસોટી કરવાનું કામ પૂરૂં થયું. તું બળવાન તો છે જ પરંતુ સાથે સાથે ખૂબ જ બુદ્ધિશાળી પણ છે. એની મને ખાતરી થઈ. તું રામનું કામ સારી રીતે કરી શકીશ. હું તને તે માટે આશીર્વાદ આપું છું.'

હનુમાનને આશીર્વાદ આપીને સુરસા વિદાય થઈ એટલે હનુમાનજી રામનું કાર્ય કરવા માટે આગળ વધ્યા.

તુલસીકૃત રામાયણના સુંદરકાંડમાં સંક્ષેપમાં છતાં સરસ રીતે આલેખાયેલો આ પ્રસંગ શું સૂચવે છે ? એ જ કે કેટલીય વાર બહારનાં બળ કરતાં બુદ્ધિબળ વધી જાય છે. જે પ્રશ્નો કે સમસ્યાઓનો ઉકેલ બળથી નથી થતો તેમનો ઉકેલ કળથી થઈ જાય છે. પશુબળ સામે ઝઝૂમવામાં ને તેને પરાસ્ત કરવામાં પણ કેટલીક વાર બુદ્ધિ જ મહત્વનો ભાગ ભજવતી હોય છે. કેટલાકનું કહેવું છે કે બળની સામે બળ જ ટકી શકે છે, માટે જગતમાં જે વિઘાતક બળોનો વિકાસ થઈ રહ્યો છે, એમનો પ્રતિકાર કરવા એવી જ વિઘાતક તૈયારી કરવી જોઈએ. એવી માન્યતાવાળી પ્રજા શસ્ત્રસજ્જ થાય છે, એટલું જ નહિ પણ શસ્ત્રોની હોડમાં પડે છે. એવી રીતે એક બાજુ ભૌતિક શક્તિ, શસ્ત્રશક્તિ, સુરસા છે ને બીજી બાજુ માણસની બુદ્ધિ, સૂઝ કે માનવતા-હનુમાન છે. બંને વચ્ચેના ઘર્ષણમાં અંતિમ વિજય બળનો નહિ પરંતુ બુદ્ધિનો ને દાનવતાનો નહિ પરંતુ માનવતાનો થશે, એટલી આશા આપણે અવશ્ય રાખીએ. સંસ્કૃતિની સુરક્ષા તથા શાંતિ માટે એ આવશ્યક છે. વિકાસની આગેકૂચમાં સુરસાને નહિ પણ હનુમાનને આદર્શ માનીને આગળ વધનારી પ્રજા જ સફળ થાય છે ને વિજયી બને છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. લક્ષ્મણની લાગણી

રામ લક્ષ્મણ અને સીતા અરણ્યના એકાંત માર્ગ પર ધીરેથી પગલાં ભરતાં અને આજુબાજુના અવનવા આલ્હાદક દૃશ્યને જોતાં ચાલ્યાં જાય છે.

વિધિની વિચિત્રતા પણ કેવી છે ?

જેની સ્વપ્ને પણ કલ્પના નહોતી તે વસ્તુ સામે આવીને ઊભી રહી.

મંથરા અને કૈકેયી એમાં નિમિત્ત બની.

અયોધ્યાની રાજગાદી પર રામનો અભિષેક થવાનો હતો. તેને માટેની બધી જ તૈયારીઓ થઈ ચૂકેલી, તીર્થોના સુવાસિત દિવ્ય પાણી પણ આવી ગયેલાં. અયોધ્યામાં સર્વત્ર સજાવટ કરવામાં આવેલી. પ્રજા આનંદમાં આવી ગયેલી. રાજભવનમાં કૈકેયી સાથે સૌની પ્રસન્નતાનો પાર નહોતો. પરંતુ ત્યાં તો... એક રાતમાં જ બધીયે બાજી બદલાઈ ગઈ.

કૈકેયીએ રાજા દશરથ પાસે વરદાન માંગ્યું ને રામને રાજ્યાભિષેકને બદલે વનવાસ મળ્યો.

રામે માતા કૈકેયી તથા પિતા દશરથની ઈચ્છાને વધાવી લીધી ને વનવાસ માટે પ્રસ્થાન કર્યું. લક્ષ્મણ તથા સીતા પણ એમની સાથે ચાલ્યાં.

અયોધ્યાનાં નર-નારી વિધિની એ વિચિત્રતાનો વિચાર કરીને, રામ, લક્ષ્મણ, અને સીતા પ્રત્યેના પ્રખર પ્રેમથી પ્રરાઈને શોક તથા વિલાપ કરવા લાગ્યાં, પરંતુ રઘુકુલતિલક રામ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એવાં જ શાંત અને સ્વસ્થ રહ્યા. રાજ્યના સુખોપભોગનો એમને મોહ ન હતો, હર્ષ ન હતો, ને વનવાસનો શોક નહોતો.

રાજભવનના સુવાસિત પલંગ પર શયન કરનાર ને ઉઘાડી પૃથ્વી પર પગ ન મૂકનાર રામ, લક્ષ્મણ અને સીતા જમીન પર ઉઘાડા પગે ચાલવા લાગ્યા ને વૃક્ષોની નીચે તૃણ પર સુવા માંડ્યા. લક્ષ્મણ તો રામ તથા સીતાની સેવાનું વ્રત લીધું હોવાથી સુએ જ ક્યાંથી ? વનમાં આખીયે રાત જાગીને એ રામ-સીતાની રક્ષા કર્યા કરતા.

કેવું કઠોર જીવન હતું ? છતાં પણ એમને તો આમાં આનંદ જ લાગતો.

અરણ્યના અવનવા સુંદર દૃશ્યોને નિહાળતાં ત્રણે આગળ ને આગળ વધતાં જતાં.

સૌથી આગળ રામ ચાલતા, પાછળ સીતા, ને સૌથી પાછળ લક્ષ્મણ.

ઘાસથી છવાયેલી ઝાંખી દેખાતી નાની પગદંડી પર ત્રણે ધીમે પગલે ચાલ્યાં કરતાં.

વચ્ચે વચ્ચે રામ સીતાને માર્ગમાં મળતા સુંદર ઝરણ, હરણ, પ્રકૃતિના ખોળામાં ખીલેલા રંગબેરંગી પરિમલ ભરેલાં પુષ્પો ને વૃક્ષો બતાવતા.

સીતા તે રસપૂર્વક જોયા કરતી.

કેટલાક પદાર્થો સંબંધી તે કુતૂહલ બતાવતી ત્યારે રામ તેના કુતૂહલને જરૂરી સમજ પૂરી પાડીને શાંત કરતા.

એ બધા વખત દરમિયાન લક્ષ્મણ વારંવાર એક પ્રકારની ઊંડી અસ્વસ્થતાનો અનુભવ કરતો.

એની અસ્વસ્થતાનું કારણ જરાક જુદું હતું.

સીતા એની તથા રામની વચ્ચે ચાલતી હોવાથી રામના રસમય હૃદયાભિરામ, સુંદર સ્વરૂપને એ સારી પેઠે જોઈ શકતો નહિ. એને લીધે એ જરા બેચેન બનતો.

એકવાર તો પોતાની બેચેનીની વાત એણે સીતાને કહી બતાવી પણ ખરી ને વિનવણી કરી.

'રામનું સુધામય સુખકારક સ્વરૂપ નથી જોતો તો મને કાંઈનું કાંઈ થઈ જાય છે. એમના પ્રત્યેના પ્રખર પ્રેમ અને અસીમ આકર્ષણને લીધે મારું દિલ દુઃખી થાય છે.'

'તો પછી ? હું શું કરું ?' સીતાએ પૂછ્યું.

'તમે એક કામ કરી શકો છો. મારી લાગણીનો ખ્યાલ રાખીને તમે મારી ને રામની વચ્ચેથી વારંવાર હઠી જાવ અને એવી રીતે મને રામના દૈવી દર્શનનો અમૃતરસ પાવ તો સારૂં. રામનું દર્શન કરીને મારી આંખ આનંદ અનુભવે ને મારું અંતર કૃતાર્થ બને.'

લક્ષ્મણની લાગણી કે માગણી સમજતાં સીતાને જરા પણ વાર ના લાગી.

પછી તો સીતા અવારનવાર રસ્તાની બાજુએ ખસી જતી ને લક્ષ્મણ રામના સુંદરતાના સંપુટ જેવાં સ્વરૂપની ઝાંખી કરીને ધન્ય બનતો.

રામાયણનો એ પ્રસંગ ઉપરથી જોતાં ઘણો સાધારણ હોવા છતાં માર્મિક છે. જીવનના આ પુણ્યપ્રવાસમાં પણ એવું જ છે ને ! લક્ષ્મણને જીવ ને રામને શિવ માનીએ તો કહી શકાય કે જીવ પણ પોતાના આ પુણ્યપ્રવાસમાં શિવનો સાક્ષાત્કાર કરવા માંગે છે પરંતુ એ સાક્ષાત્કાર એને થાય કેવી રીતે ? જીવ તથા શિવની વચ્ચે આવરણ એક અવિદ્યાનું, વિષયોના આકર્ષણનું, કર્મસંસ્કારોના સમૂહનું કે લોકસમૂહમાં પ્રચલિત ભાષામાં કહીએ તો માયાનું છે. એ આવરણ હઠી જાય તો શિવની ઝાંખી જરૂર થઈ શકે ને સારી પેઠે થઈ શકે. પ્રકૃતિના એ આવરણને દૂર કરવા માટે જ જુદી જુદી તપશ્ચર્યા તથા સાધના છે. એના બળથી કે પરમાત્માના પરમ અનુગ્રહથી માયા પોતે જ જો સાધકના માર્ગમાંથી હઠી જાય તો સાધકની મહેચ્છા પૂરી થાય ને સાધના કૃતાર્થ બની જાય. એને માટે સાધકના દિલમાં લક્ષ્મણ જેવી ઉત્કટ લાગણી જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૬. વિભીષણનો ઉત્તર

સીતાની શોધ કરતા રામના દૂત પરમભક્ત હનુમાનજી જ્યારે લંકામાં ફરવા લાગ્યા ત્યારે તેમણે એક સુંદર ભવન જોયું. એ ભવનમાં ભગવાનનું અલગ મંદિર પણ બનાવેલું. એ ભવન રામનાં શસ્ત્રોના સુંદર ચિત્રોથી સુશોભિત હતું, તથા તેની બહાર તુલસીક્યારો હતો.

એવા પવિત્ર વાયુમંડળવાળા ભવનને નિહાળીને હનુમાનજીને સ્વાભાવિક રીતે જ આનંદ થયો. એમને થયું કે, લંકાનગરી તો રાક્ષસોથી ભરેલી છે. આવી રાક્ષસી વૃત્તિવાળી નગરીમાં કોઈ સજ્જન કે ભગવદ્ ભક્તનો નિવાસ કેવી રીતે હોઈ શકે ?

એવા એવા અનેક પ્રકારના તર્ક એમના મનમાં પેદા થતા હતા તે જ વખતે એમણે રામનામનો સુમધુર ધ્વનિ સાંભળ્યો. એથી તો એમના હરખનો પાર ના રહ્યો.

વાત એમ હતી કે વિભીષણ રાત્રિના પાછલા પ્રહરમાં જાગ્યા હતા અને રામનામની પાવન સરિતામાં સ્નાન કરતા'તા.

બ્રાહ્મણનું રૂપ લઈને હનુમાનજીએ વિભીષણને ઉદ્દેશીને થોડાંક વચનો કહ્યાં. એ સાંભળીને વિભીષણે એમની પાસે આવીને એમનો પરિચય પૂછ્યો.

ત્યારે હનુમાનજીએ પોતાનો પરિચય આપ્યો તથા રામની કથા પણ કહી સંભળાવી. રામના ગુણગાન સાંભળીને વિભીષણનું શરીર પુલકિત બની ગયું. અને મન પ્રેમના પવિત્ર પારાવારમાં જાણે કે ડૂબી ગયું. એમણે ભાવવિભોર બનીને ગદ્દગદ્ કંઠે કહેવા માંડ્યું કે રામચંદ્રજી મને અનાથ જાણીને મારા પર કોઈ દિવસ દયા કરશે ખરા કે ? શરીરથી કોઈ જાતનું સાધન થઈ શકતું નથી ને મનમાં એમના ચરણકમળની પ્રીતિ નથી. તમારાં દર્શનનો લાભ મળ્યો તેને હું રામની મોટી કૃપા સમજુ છું. કેમ કે હરિની કૃપા વિના સંતોનો સમાગમ નથી થઈ શકતો એવો મારો વિશ્વાસ છે.

હનુમાનજીએ ઉત્તર આપતાં કહેવા માંડ્યું કે રામ પોતાના સેવક પર સદા પ્રેમ રાખે છે, એવો એમનો સ્વભાવ છે. મારામાં કોઈ પ્રકારની વિશેષ યોગ્યતા નથી ને ચંચળતા પણ ઘણી છે છતાં એમનો મારા પર ઘણો પ્રેમ અને અનુગ્રહ છે.

એવું કહેતાં કહેતાં હનુમાનજીની આંખ પણ ઉભરાઈ આવી.

એ ચિરસ્મરણીય વાર્તાલાપ દરમિયાન હનુમાનજીએ પૂછયું કે આવા આસુરી વૃત્તિથી વીંટળાયેલા વાતાવરણમાં તમે કેવી રીતે વાસ કરો છો ? ત્યારે વિભીષણે ઉત્તર આપ્યો કે દાંતની વચ્ચે જેવી રીતે જીભ રહે છે તેવી રીતે આ લંકાપુરીમાં વાસ કરું છું.

રામાયણમાં સુંદરકાંડમાં તુલસીદાસજીએ આલેખેલા આ પ્રસંગમાં અને ખાસ કરીને વિભીષણે આપેલા ટૂંકા પણ માર્મિક ઉત્તરમાં ગઈ કાલની, આજની અને ભવિષ્યની પ્રજાને માટે વિશેષ શક્તિશાળી સંદેશ સમાયેલો છે. એ સંદેશ કયો છે તે જાણો છો ? માણસો વારંવાર દલીલ કરે છે કે વાતાવરણ વધારે ને વધારે વિકૃત બનતું જાય છે, તથા બધી રીતે પ્રતિકૂળ છે. તેમાં રહીને આત્મિક વિકાસ કેવી રીતે કરી શકીએ. અથવા તો ઉચ્ચ આદર્શોને અને જીવનના નૈતિક મૂલ્યોને કેવી રીતે વળગી રહીએ ? જમાનો તથા

વાતાવરણ તદ્દન વિપરીત છે. એવા માણસોએ વિભીષણના શબ્દો યાદ રાખીને એમાંથી બોધપાઠ લેવાનો છે. વિભિષણે વાતાવરણનો દોષ નથી કાઢ્યો. એ તો લંકાના વિકૃત વાતાવરણની વચ્ચે રહીને પણ પોતાના જીવનને ઈશ્વરપરાયણ બનાવી ચૂક્યા છે. એવી રીતે વાતાવરણનો દોષ કાઢીને બેસી રહેવાથી કંઈ જ નહિ વળે. બહારનું વાતાવરણ આપણે માટે સંપૂર્ણપણે સારૂં થાય કે ન થાય તેની વધારે પડતી ચિંતા કર્યા વિના, આપણી અંદરનાં વાતાવરણને બને તેટલું સારું બનાવવાની આવશ્યકતા છે.

વિભીષણ દાંતની વચ્ચે રહેતી જીભનો ઉલ્લેખ કરી બતાવે છે તે શું સૂચવે છે ? દાંતની વચ્ચે જેમ જીભ અત્યંત સંભાળપૂર્વક હરેફરે છે તેમ પવિત્ર, સદાચારી અને ઈશ્વરપરાયણ જીવન જીવનાર કે જીવવા માગનારે સંસારના વિરોધાભાસી વાતાવરણમાં અત્યંત સંભાળીને જાગૃતિપૂર્વક જીવવું જોઈએ. જે જાગૃત કે સાવધાન છે તે સદાને સારૂ સલામત રહે છે. અસાવધાની, પ્રમાદ કે ગફલત મરણ છે અને જાગૃતિ જીવન છે. જીવનના વિકાસમાં સાધકે પળેપળે જાગૃત રહેવાનું છે. પળેપળે આત્મનિરિક્ષણ કરી, પોતાની ત્રુટિઓને દૂર કરી પોતાની સત્વસંપત્તિને વધારતા રહેવાનું છે. લંકાના વિકૃત વાતાવરણની વચ્ચે વસીને પણ વિભીષણે પોતાના જીવનને નીતિપરાયણ કરીને રામની કૃપાનો લાભ મેળવ્યો તેવી રીતે જીવનને નીતિપરાયણ કરીને આપણે પણ ઈશ્વરનો અનુગ્રહ મેળવવાનો છે. પાશવી બળો આપણને હતાશ કે હતપ્રભ ના કરે, જીવનવિકાસની આપણી શ્રદ્ધાને ન હણે તથા આપણા માર્ગમાં વિઘ્નરૂપ ના બને, એ ખાસ જોવાનું છે. રામાયણમાં વર્ણવેલો હનુમાન તથા વિભીષણનો પ્રસંગ આપણે અવારનવાર વાંચીએ કે સાંભળીએ છીએ, પણ એમાંથી એવો પ્રેરક શક્તિસંચારક સંદેશ શીખવાનો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭. ખિસકોલી જેવી ભાવના

રામાયણના વખતનો નાનકડો છતાં સુંદર સારવાહી પ્રસંગ છે.

એ પ્રસંગની પાછળ કવિની કલ્પનાએ પણ થોડું કામ કર્યું હોય એવો સંભવ છે.

છતાં પણ એ પ્રસંગ અત્યંત રસમય અને ઉલ્લેખનીય છે એ તો નક્કી જ.

રાવણે સીતાનું હરણ કર્યું, તે પછી સીતાને પાછી મેળવવા માટે રામે સાગરને પાર કરીને લંકા જવાની તૈયારી કરી.

પરંતુ સાગરને બીજે કિનારે જવું કેવી રીતે ?

વિશાળ અથવા અસીમ સાગરને પાર કરવાનું શું સહેલું છે ?

તો પણ સાગરને નાથવાની જરૂર તો હતી જ. રામમાં એને માટેનું જરૂરી સંકલ્પબળ હતું.

એ સંકલ્પબળની સાથે નલ અને નીલનું જન્મજાત અસાધારણ બળ ભળ્યું, ને એના પરિણામરૂપે સાગરને પાર કરવાનું કઠિન કામ સહેલું બન્યું. સાગર પર સેતુ બંધાવા માંડ્યો.

રામ અને સીતાના પુનર્મિલનના પુણ્ય કામમાં મદદરૂપ થનારા એ સુંદર સૌભાગ્યવાન સેતુની રચનામાં નલ તથા નીલે તો પોતાનો મહામૂલ્યવાન અજોડ ફાળો આપ્યો જ. પરંતુ રામના સખા ને સહચર વાનરયોદ્ધાઓએ પણ મદદ કરી.

કહે છે કે સેતુની રચનામાં સહાયક થવાની ભાવનાથી એક ખિસકોલી પણ ત્યાં આવી પહોંચી.

એની કાયા નાની છતાં ભાવના મોટી હતી. એ ભાવનાથી પ્રેરાઈને એણે શું કરવા માંડ્યું તે જાણો છો ? એને થયું કે આ તો એક મહામૂલ્યવાન યજ્ઞ થઈ રહ્યો છે. એ લોકોપકાર યજ્ઞમાં જ્યારે સૌ કોઈ પોતપોતાના ગજા પ્રમાણેની આહુતિ આપી રહ્યા હોય ત્યારે મારાથી નિષ્ક્રિય રીતે બેસી કેવી રીતે રહેવાય ? તટસ્થ પ્રેક્ષકની પેઠે સેતુ રચનાનું નિરીક્ષણ કરવા કરતાં મારે તેમાં બનતો ફાળો આપવો જોઈએ.

બસ, પછી તો એ ભાવનાનો અમલ કરવામાં વિલંબને કારણ જ ક્યાં હતું ? ખિસકોલીએ તો પોતાની નાની સરખી સાધના શરૂ કરી. પોતાના મુખની મદદથી કિનારા પરથી રેતી લાવીલાવીને એણે સેતુ માટે નાખવા માંડી. સ્વભાવસહજ ચપળતાથી એણે એ કામ કરવા માંડ્યું.

કામ સાધારણ હતું, પરંતુ એની પાછળનું દિલ એકદમ અસાધારણ.

રામની વેધક, ગુણગ્રાહી, દૈવી દૃષ્ટિથી એ દિલ કેવી રીતે છૂપું રહી શકે ?

એમણે ખિસકોલીના અનુરાગપૂર્ણ અંતરને ઓળખી લઈ, એની પાછળની ભાવનાને પિછાની, એની કોમળ કાયા પર હાથ મૂક્યો. ખિસકોલીને જાણે કે પારિતોષિક મળી ગયું. એનું પ્રત્યેક પરમાણુ પ્રફુલ્લ પ્રફુલ્લ બની ગયું. આટલી સાધારણ સેવા પણ શ્રીરામના ધ્યાન બહાર રહે તો તે રામ શેના ? એ સેવાથી કાંઈ સેતુ તૈયાર નહોતો થવાનો. છતાં પણ એ સેવા સેવા હતી અને એને પોતાનું આગવુ મૂલ્ય હતું એની કોણ ના કહી શકશે ?

કહે છે કે ખિસકોલીના શરીર પર રામે હાથ મૂક્યો ત્યારથી એના પર અંગુલિનાં નિશાન પડી ગયાં છે. એ વાતને વાત જ માનીએ અને એની વિશેષ ચર્ચાવિચારણામાં ન ઊતરીએ તો પણ, એના પરથી

આપણે જે સાર તારવવાનો છે તેને તો કશી હરકત નથી જ આવતી. આપણા સૌનું ધ્યાન એ સાર તરફ રહે તે જરૂરી છે.

સીતા શાંતિ અથવા તો સમૃદ્ધિ છે. દેશની એ શાંતિ તથા સમૃદ્ધિરૂપી સીતાનું કેટલાય કાળથી હરણ થયું છે. એના વિના દેશના આત્મારૂપી રામની દશા કફોડી છે. એ વ્યગ્ર છે, વ્યાકુળ છે, દીન છે અને હીન છે, એને આરામ નથી. અને ક્યાંથી હોય ? પોતાની ચિરકાળથી ખોવાયેલી શાંતિસમૃદ્ધિને એ ઝંખે છે. ફરી મેળવવા માંગે છે અને એના માટે પુરુષાર્થપરાયણ થઈને સેતુ પણ બાંધે છે. એ સેતુનિર્માણમાં એને દેશના નેતા, વિચારક તથા સેવકોનો સાથ અને સહકાર છે. પરંતુ દેશના નવનિર્માણનો એ યજ્ઞ, સુખ, શાંતિ ને સમૃદ્ધિને મેળવી આપનારો એ સેતુ, એટલા માત્રથી જ પૂરો થઈ શકશે ? એમાં સૌએ પોતપોતાનો યથાશક્તિ ફાળો આપવો પડશે. એક મંગલ કર્તવ્ય સમજી, ધર્મ માની, પ્રત્યેક દેશવાસીએ પોતપોતાની રીતે ખિસકોલી બનીને દેશના અભ્યુત્થાનને માટે બનતો ત્યાગ કે પુરુષાર્થ કરવો રહેશે. એ વિશાળ યજ્ઞમાં સૌએ આહુતિ આપવી પડશે. સૌનો સહકાર જોઈશે. નાનીમોટી સર્વ પ્રકારની સેવાની એમાં જરૂર રહેશે ત્યારે જ તે સફળ થશે કે સાર્થક ઠરશે.

દેશને માટે ફના થવાની કે કાંઈક કરી છૂટવાની એ ભાવના, વિચારણા ને વૃત્તિને પ્રકટાવવાની અને પ્રબળ બનાવવાની જરૂર છે. પ્રત્યેક દેશવાસીનાં દિલમાં એવી ભાવના પેદા થશે અને એને મૂર્ત રૂપ મળશે ત્યારે દેશના નવનિર્માણનો એ સેતુ અવશ્ય તૈયાર થઈ જશે. દેશનાં અનેક અનિષ્ટોનો અંત આવશે. રાવણ રણમાં રોળાશે ને દેશ એકવાર ફરી શાંતિ, સદાચાર તથા સમૃદ્ધિરૂપી સીતાથી સંયુક્ત બનશે. સૌ એ સેતુની રચનામાં સહકાર આપે. કોઈ ભૂલેચૂકે પણ એને તોડીફોડી નાખવાની વૃત્તિપ્રવૃત્તિ તો ન જ કરે. એવી વૃત્તિપ્રવૃત્તિને સાથ પણ ન આપે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. ભક્તની અનન્યતા

તુલસીકૃત રામાયણમાં આવિર્ભાવ પામેલી સંત તુલસીદાસની લોકોત્તર કળાનો વિશેષ રસાસ્વાદ ચાખવો હોય તો આવો, એમાં વર્ણવેલા એક નાના સરખા, છતાં સુંદર પ્રસંગ પાસે પહોંચી જઈએ.

પ્રસંગ લંકાકાંડનો છે. સમુદ્ર પર સેતુ બાંધી ભગવાન રામ પોતાની વિશાળ વાનરસેના સાથે 'સુબેલ' પર્વત પર આવ્યા.

એ પર્વતના એક સુંદર પ્રદેશ પર લક્ષ્મણે શ્રીરામ માટે બિછાવેલા આસન પર રામ વિરાજમાન થયા. હનુમાન, સુગ્રીવ, અંગદ તથા વિભીષણ એમની સામે બેઠા. લક્ષ્મણજી હાથમાં ધનુષબાણ ધારણ કરી રામની પાછળ બેસી ગયા.

અને એ શોભામાં વધારો કરતો પૂર્વ દિશામાં ચારૂ ચંદ્રનો ઉદય થયો.

અંધકારના આવરણને ભેદી, બહાર નીકળેલો એ સુંદર, શાંત-શીતળ-સુધામય ચંદ્ર-જાણે રામનાં દર્શન માટે આવ્યો હતો !

જોતજોતામાં તો એના કોમળ કિરણો બધે ફરી વળ્યાં અને આખું વાતાવરણ અવનવું બની ગયું.

સાગરના ઉત્તુંગ તરંગો ઉછળતા હોય, એની સમીપમાં લીલીછમ સુંદર પર્વતમાળા હોય ને સામેના તારામઢ્યા આકાશમાંથી ચંદ્રનો ઉદય થાય ત્યારે આખુંય દૃશ્ય કેટલું બધું આલ્હાદક અને અનોખું બની જાય છે તથા કેટલો બધો રસ પેદા થાય છે, તે કાંઈ કહી બતાવવાની નહિ-અનુભવવાની વસ્તુ છે.

ચંદ્રોદયનું અનુપમ દૃશ્ય જોઈ બધાનાં અંતર આનંદથી ઉછળવા લાગ્યાં. રામના મનમાં એ જોઈ એક જુદો જ ભાવ પેદા થયો.

એ ભાવ વિચારને વ્યક્ત કરતાં એમણે પોતાના પ્રિયજનોને પૂછ્યું, 'ચંદ્રનું સ્વરૂપ છે તો બહુ સુંદર. એને નિહાળી મન મુગ્ધ બને છે-પરંતુ એની અંદર જે શ્યામતા છે તે શાને લીધે છે-અથવા એ શું છે, તે સંબંધમાં તમારો વ્યક્તિગત અભિપ્રાય કહી બતાવો. તેથી મને આનંદ થશે.'

રામના શબ્દો સાંભળી સહુ વિચારમાં ડૂબ્યા, પરંતુ થોડીવાર પછી બધાએ વારાફરતી પોતાની માન્યતા રજૂ કરી.

સુગ્રીવે કહ્યું, 'ચંદ્રમાં શ્યામતા છે તે બીજું કશું નહિ, પણ પૃથ્વીનો પડછાયો છે.'

બીજાએ કહ્યું, 'રાહુ અને ચંદ્ર વચ્ચે ભીષણ યુદ્ધ થયેલું ત્યારે રાહુએ ચંદ્ર પર પ્રહાર કરેલો, તેથી એનું અંતર શ્યામ બની ગયું છે.'

ત્રીજાએ જણાવ્યું, 'બ્રહ્માએ કામદેવની સ્ત્રી રતિનું મુખ બનાવ્યું ત્યારે ચંદ્રનો સારભાગ લઈ લીધેલો. ચંદ્રના દેહમાં તેથી છિદ્ર પડી ગયેલું. જે શ્યામતા છે તે બીજું કાંઈ નહિ પરંતુ એ કાણામાં પડતો આકાશનો પડછાયો છે.'

હવે રામનો વારો આવ્યો એટલે એમણે કહેવા માંડ્યું:

'ચંદ્ર તથા ઝેર બેઉની ઉત્પત્તિ સમુદ્રમંથનના પરિણામે થયેલી હોવાથી એ બેઉ ભાઈ છે એટલા માટે ચંદ્ર વિષને હંમેશા પોતાના હૃદયમાં રાખે છે, ને પોતાના ઝેરી કિરણો ફેલાવી વિરહમાં ડૂબેલા નરનારીને દુઃખી કરે છે. મને તો એવું જ લાગે છે.'

આ બધું શાંતિપૂર્વક સાંભળી રહેલા હનુમાને કહ્યું, 'મારે અભિપ્રાય એથી જરા જુદો છે. મને તો લાગે છે પ્રભુ ! ચંદ્ર તમારો ભક્ત હોવાથી તમારી શ્યામમૂર્તિ એના હૃદયમાં વસી ગયેલી હોવાથી તમારી શ્યામતા દેખાય છે.'

હનુમાનજીના શબ્દો સાંભળી શ્રીરામે સ્મિત કર્યું.

એ સુંદર અનોખો પ્રસંગ ત્યાં જ પૂરો થાય છે. ઉપરથી જોતાં તો એ પ્રસંગ સાધારણ લાગે છે-પરંતુ એમાં ઊંડુ રહસ્ય છે, 'દ્રષ્ટિ તેવી સૃષ્ટિ' ના કુદરતી નિયમ પ્રમાણે સુગ્રીવને ચંદ્રમાં પૃથ્વીનો પડછાયો તેવી જ રીતે રામ એ વખતે સીતાની વિરહ-વેદનાથી દુઃખી હોવાથી ચંદ્રના હૃદયમાં ઝેર છે અને એને પોતાના કિરણોથી ફેલાવી એ વિરહમાં ડૂબેલાં નર-નારીને દઝાડે છે એવો અભિપ્રાય એમણે પ્રકટ કર્યો. પરંતુ હનુમાન તો રામના એકનિષ્ઠ ભક્ત હતા. એમના હૃદયમાં રામ વગર બીજું કાંઈ ન હતું, એટલે એ કલ્પના પણ બીજા કોની કરી શકે ? એમને ચંદ્રના હૃદયમાં પણ રામ દેખાયા તથા રામની પોતાની શ્યામતાનો આભાસ લાગ્યો, 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ'નો નિયમ એ રીતે સાચો ઠર્યો.

પરંતુ એથી આગળ વધીને વિચારીએ તો એ પ્રસંગમાથી એક બીજી સાધના વિષયક હકીકતનો પણ પડઘો પડ્યા વગર નથી રહેતો ? તે પડઘો સાંભળવા જેવો છે. ઊંચી અવસ્થા પર પહોંચેલા ભક્ત અથવા જ્ઞાનીનો એ સ્વભાવ બની જાય છે કે એ પોતાના ઉપાસ્ય દેવને કે પરમાત્માને સંસારના બધા પદાર્થોમાં જોયા કરે છે. સંસારને તે પોતાના પ્રાણપ્યારા પ્રિયતમ પરમાત્માનું સાકાર સ્વરૂપ સમજે છે ને એ રીતે જ જુએ છે. એની આંખમાં અને અંતરમાં બીજું કાઈ રહેતું જ નથી. કવિ કલાપીના શબ્દોમાં કહીએ તો 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની' અને મહાકવિ ન્હાનાલાલની પંક્તિમાં કહીએ તો

'નાથ સઘળે વિરાજે રે, સૃજનમાં સભર ભર્યા,
નથી અણુ પણ ખાલી રે, ચરાચરમાંહી ભળ્યા.'

એ અનુભવ એને માટે સહજ બની જાય છે.

એવો અનુભવ હનુમાનજી માટે સ્વાભાવિક હોવાથી એમના મુખમાંથી એવા શબ્દો નીકળી શક્યા. આ રહ્યા એ તુલસીકૃત રામાયણમાં લખાયેલા એમના મૂળ શબ્દો,

'કહ હનુમંત સુનહુ પ્રભુ, સસિ તુમ્હાર પ્રિય દાસ,
તવ મુરતી બિધુ ઉર બસતિ, સોઈ શ્યામતા અભાસ.'

અનન્ય ભક્ત અથવા જ્ઞાનીએ ક્રમક્રમે આગળ વધી એવી અભેદભાવથી ભરેલી પરમાત્મદ્રષ્ટિ કેળવવી જોઈએ. સાધકોએ એ સંદેશ ધ્યાનમાં રાખવા જેવો છે. કિષ્કિંધાકાંડમાં રામચંદ્રજીએ હનુમાનને એ સંદેશ સંભળાવતાં કહેલું, 'અનન્ય ભક્ત તો એ છે-જે પોતાને સદા સેવક સમજે છે ને પરમાત્માનું અથવા પોતાના સ્વામીનું સ્વરૂપ ચરાચરમાં વ્યાપેલું માને છે.'

'સો અનન્ય જાકે અસિ, મતિ ન ટરઈ હનુમંત,

મેં સેવક સચરાચર, રૂપ સ્વામિ ભગવંત.'

લંકાકાંડના ઉપરના પ્રસંગમાં, રામે જાણે કે હનુમાનની કસોટી કરી અને હનુમાનજી એ કસોટીમાંથી સફળતાપૂર્વક પસાર થયા.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. સંજીવની બુટ્ટીનો પ્રસંગ

તુલસીકૃત રામાયણની લોકપ્રિયતા આટલી બધી કેમ છે તે જાણો છો ? એની લોકપ્રિયતાનાં કારણો કેટલાય છે, એની ચર્ચાવિચારણા અહીં અસ્થાને છે. છતાં પણ એની લોકપ્રિયતાના એક અત્યંત અગત્યના કારણ તરફ અંગુલિનિર્દેશ કર્યા વિના નથી રહી શકાતું કે એની શૈલી, ભાષા ને ભાવના લોકભોગ્ય છે. લોકભોગ્ય ભાષામાં લોકહૃદયને સ્પર્શતા કે અસર કરતા ભાવો, વિચારો ને પ્રસંગોને એમાં એટલી બધી કળાત્મક રીતે વણી લેવામાં આવ્યા છે કે વાત નહિ. માટે જ વરસો વીતી ગયાં ને વીતતા જાય છે તો પણ એની અસરકારકતા ઓછી નથી થતી.

એ રામાયણના લંકાકાડના એક રસમય, સરળ, છતાં માર્મિક પ્રસંગ પર ઊડતી નજર નાખી જઈએ.

લંકાના ભીષણ યુદ્ધમાં મેઘનાદે લક્ષ્મણને શક્તિ મારીને મૂર્છિત કરી દીધા.

એ જીવલેણ શક્તિના પ્રભાવથી લક્ષ્મણ નીચે ઢળી પડ્યા.

ચારેકોર હાહાકાર થઈ રહ્યો.

લક્ષ્મણને ધરતી પર ઢળેલા જોઈને રામનું હૃદય અતિશય કરૂણ બની ગયું ને રડવા લાગ્યું. વિવિધ પ્રકારે મર્મભેદક વિલાપ કરતાં શ્રીરામ કહેવા માંડ્યા કે સંસારમાં સઘળું હોય પણ ભાઈ વિના એ સઘળાની કિંમત કશી જ નથી. એ બધું નીરસ છે. જે ભાઈએ મારે ખાતર વનવાસનાં કપરાં કષ્ટો વેઠીને મારી સ્મિતપૂર્વક સેવા કરી તે ભાઈથી વંચિત થઈને હવે હું શું મોઢું લઈને અયોધ્યા પાછો જઈશ ? અયોધ્યામાં લક્ષ્મણ વિના પગ મૂકવાનું કેવી રીતે ગમશે ? આ કેવો દંડ ?

રામના વિલાપથી વાતાવરણ બદલાઈ ગયું.

એમના આત્માની સાથે સમસ્ત સૃષ્ટિનો આત્મા જાણે કે આક્રંદ કરવા લાગ્યો.

પરંતુ એવી રીતે આક્રંદ કરતા રહેવાથી શું વળે ? લક્ષ્મણ મૂર્છિત થયા છે એ સાચું, પણ એમની મૂર્છા વળે અને એ ફરી પાછા સ્વસ્થ થાય એ માટેના પ્રયાસો તો કરવા જોઈએ ને ? રાત્રીનો અંધકાર બધે છવાઈ ચૂક્યો છે ને સવાર થતાં ફરી યુદ્ધનો આરંભ થશે. એ પહેલાં તો લક્ષ્મણને સાજા કરવા જોઈએ.

હનુમાનજીની સહાયથી સુષેણ વૈદને લંકામાંથી શ્રી રામ પાસે લાવવામાં આવ્યા.

સુષેણ વૈદે લક્ષ્મણને તપાસીને કહ્યું કે હિમાલયના પાવન પ્રદેશમાં સંજીવની બુટ્ટી થાય છે. તેને જો સવાર થતાં પહેલાં લાવવામાં આવે તો લક્ષ્મણજી સાજા થઈ શકે.

પરંતુ સંજીવની બુટ્ટી લાવે કોણ અને એ પણ આટલા ઓછા સમયમાં ?

બધાની નજર હનુમાનજી પર ઠરી. હનુમાનજી વિના બીજું કોઈ જ એ કામ કરી શકે તેમ ન હતું.

રામચંદ્રજીએ પણ હનુમાનજીને આજ્ઞા કરી એટલે હનુમાનજી ઉઠ્યા.

પ્રભાતનો પાવન પ્રકાશ પૃથ્વી પર ફરી વળે તે પહેલાં તો એ સંજીવની બુટ્ટી લઈને આવી પહોંચ્યા. પરિણામે લક્ષ્મણની મૂર્છા વળી અને એ સંપૂર્ણ સ્વસ્થ થયા.

બીજે દિવસે યુદ્ધ પાછું શરૂ થયું.

આ આખોયે પ્રસંગ શું સૂચવે છે ? એમાં એકથી વધારે જીવનોપયોગી સારતત્વો સમાયેલા છે. આ પ્રસંગનો સૌથી પ્રથમ સંદેશ તો એ છે કે રામને લક્ષ્મણ પ્રત્યે કેટલો બધો પ્રેમ છે ! ભાઈ-ભાઈ વચ્ચે એવો પવિત્ર પ્રેમ હોવો જોઈએ. પ્રેમની એ મધુર મંદાકિની આજે સૂકાઈ ગઈ છે.

બીજો સંદેશ દાસભક્તિનો છે. હનુમાનજી રામના સાચા સેવક હતા તેથી તે સંજીવની બુટ્ટી લેવા જવા તરત જ તૈયાર થયા. કોઈ સાધારણ દાસ, સેવક કે ભક્ત હોત તો બહાનું કાઢત કે અત્યારે ક્યાં જઉં....અત્યારે તો અંધારું છે, ઊંઘ આવે છે ! પરંતુ આ તો દાસ્યભક્તિના પ્રતિક જેવા હનુમાનજી હતા. એમણે એવું કોઈ જ બહાનું ના કાઢ્યું. સેવકના દિલમાં સ્વામીને માટેનો એવો ઉત્કટ ભક્તિભાવ હોવો જોઈએ. સેવકનું જીવન જ સ્વામીની સેવા માટે હોય.

આ પ્રસંગનો આધ્યાત્મિક અર્થ પણ કરી શકાય છે. રામ ઈશ્વર છે. લક્ષ્મણ જીવ છે. મેઘનાદ બીજું કાંઈ જ નથી પણ માયાવી પદાર્થ, માયા કે વાસના છે. જીવ તેથી મૂર્છિત છે. તેની મૂર્છા કે વાસના કેવી રીતે જાય ? સુષેણ વૈદ એટલે કે સુષુમ્ણા નાડીનો તેને પરિચય થાય. એ નાડીમાં પ્રવેશીને એ સંજીવની બુટ્ટી એટલે કે હિમાલય જેવા ઉત્તમ ને શાંત બ્રહ્મરંધ્ર પ્રદેશની પરમાત્મપરાયણ વૃત્તિમાં લીન થાય. તો જ એને નવજીવન મળે, એની જડતા ટળે, અને એની આધિવ્યાધિ મટી શકે. એ સંજીવની બુટ્ટીનો સંપર્ક કેવી રીતે સાધી શકાય ? એ બુટ્ટી અથવા પરમાત્મપરાયણ વૃત્તિ હનુમાનજીને જ મળી શકે.

હનુમાનજી એટલે શું તે કલ્પી શકો છો ? મારૂત તુલ્ય વેગવાળી મનોવૃત્તિવાળા, જીતેન્દ્રિય એવા સમર્થ સદ્‌ગુરુ અથવા તો યોગીની પોતાની પવિત્ર પ્રજ્ઞાશક્તિ. એને ઋતંભરા પ્રજ્ઞા પણ કહેવામાં આવે છે. એની મદદથી માણસ પરમાત્મપરાયણ બને કે બ્રહ્માકાર વૃત્તિને સહેજે પહોંચી શકે.

રામાયણના પ્રસંગનો આ ગર્ભિત સાર કેટલો બધો ઉત્સાહપ્રેરક અને ઉપયોગી છે ? રામાયણને આવી રીતે વાંચીએ કે વિચારીએ તો ખરેખર લાભ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. ભસ્માસુરનો નાશ

ભગવાન શંકર ભોળા કહેવાય છે. ભક્તો પર એ સત્વર કૃપા કરે છે એટલા માટે એમને આશુતોષ પણ કહેવામાં આવે છે.

કહે છે કે એ જો પ્રસન્ન થાય તો ભક્તો કે શરણાગતોને આંખ મીંચીને, છૂટે હાથે, ઈચ્છાનુસાર વરદાન આપી દે છે. એમની કૃપાથી એમની ભક્તિ કરનાર ધન્ય બને છે.

એટલા માટે તો સંતો તથા શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે એમના સમાન અનુગ્રહ કરનાર દેવ બીજા કોઈ જ નથી.

પ્રસંગો પણ એ હકીકતની સાક્ષી પૂરે છે.

રાવણ એમની કૃપાથી ધન્ય બની ગયો અને બાણાસુર પરમ ઐશ્વર્યશાળી થયો.

પુરાણકાળમાં ભસ્માસુરે ભયંકર તપ કર્યું તેથી ભગવાન શંકરે પ્રસન્ન થઈને તેને વરદાન માંગવાનું કહ્યું.

ભસ્માસુરની તપશ્ચર્યા સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઈને થયેલી હતી. એની પાછળ કોઈ લોકોપકારી હેતુ ન હતો. એણે પોતાની આસુરી બુદ્ધિની અસર નીચે આવીને માંગ્યું :

'તમે મારા પર સાચેસાચ પ્રસન્ન થયા હો તો એવું વરદાન આપો કે જેના મસ્તક પર હું હાથ મૂકું તે ભસ્મ થઈ જાય.'

શંકર ભગવાને કહ્યું, તથાસ્તુ.

બસ, પછી તો શું જોઈએ ? ભસ્માસુરને થયું કે શંકરનો કાંઈ ભરોસો નહિ. એમનું વરદાન સાચું છે કે ખોટું એની ખાતરી કરવી જોઈએ. એને માટે દૂર જવાની જરૂર નથી. પહેલાં શંકર પર જ પ્રયોગ કરી જોઉં.

એ શંકરના મસ્તક પર હાથ મૂકવા ઉપડ્યો.

ભગવાન શંકર બધી પરિસ્થિતિ પામી જઈને દોડવા માંડ્યા.

છેવટે વિષ્ણુ ભગવાને મોહીનીરૂપ લઈને એમને સહાયતા કરી.

ભગવાનનું મોહિનીરૂપ જોઈને ભસ્માસુર મંત્રમુગ્ધ જેવો બની ગયો.

વિષ્ણુ ભગવાન સ્ત્રી રૂપમાં નૃત્ય કરવા લાગ્યા તેમ ભસ્માસુર પણ નાચવા અને એનું અનુકરણ કરવા માંડ્યો. એ પૂરેપૂરો પરવશ બની ગયો છે એ જોઈને જુદા જુદા અભિનય કરતાં-કરતાં લાગ જોઈને વિષ્ણુ ભગવાને પોતાના મસ્તક પર હાથ મૂક્યો તો ભસ્માસુરે પણ એનું અનુકરણ કર્યું અને એ ભસ્મિભૂત થઈ ગયો. ભગવાન શંકર ભયમુક્ત બન્યા.

પુરાણકાળનો એ ભસ્માસુર તો નાશ પામ્યો પરંતુ જગતને માટે સર્વોપયોગી સનાતન સંદેશ મૂકતો ગયો. ભસ્માસુરની જેમ જે અનિષ્ટ, આસુરી તત્વો સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઈને શુભનો સામનો કરવા અને એનો સર્વનાશ નોતરવા તૈયાર છે. તે શુભનો નાશ તો નથી કરી શકતા પરંતુ પોતાનો જ નાશ નોતરી લે છે. એ પદાર્થપાઠને યાદ રાખવામાં આવે તો માણસ સદા શુભ અને સત્યનો જ આરાધક બને અને જીવનમાં મંગલની જ ફોરમ ફેલાવીને ધન્ય બનવાની સાથે બીજાને પણ ધન્ય કરે.

જગતમાં આજે જડવાદના ભસ્માસુરની બોલબાલા છે. એ અહંકારયુક્ત, ઉન્માદી, જડવાદરૂપી ભસ્માસુર જ્યાં જાય છે ત્યાં આતંક ફેલાવે છે, સંસારનાં શિવ અથવા શુભ તત્વોને માટે ભયજનક સાબિત થાય છે. સંસ્કૃતિનું ઉદાત્ત અંતર અથવા એનું જે સત્ય, શિવ ને સુંદર છે તે એથી ભયમાં મૂકાયું છે. છતાં પણ ભસ્માસુર એને ભરખી નહિ જઈ શકે, માનવમનની ઉદાત્ત ભાવનાઓ અને આધ્યાત્મિકતા જ આખરે તો વિજયી ઠરશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. સેવા અને સમર્પણની મૂર્તિ રંતિદેવ

રાજા રંતિદેવ.

કરૂણા, પ્રેમ અને પરમાત્મપરાયણતાની પ્રખર પ્રતિમૂર્તિ.

સૌની અંદર એ ઈશ્વરનું દર્શન કરે ને સૌના સુખદુઃખને પોતાનાં ગણે.

શ્રીમદ ભાગવતના નવમાં સ્કંધમાં અપવિત્ર દિલના પરહિતરત રાજાની વાત આવે છે.

એક વાર વિપરીત વખતમાં એમને અડતાલીસ દિવસના એકધારા ઉપવાસ પછી ઓગણપચાસમે દિવસે, ઘી, ખીર, લાપસી તથા પાણીનું ભોજન મળ્યું. તે ભોજન લઈને એ પોતાનાં કુટુંબ સાથે જમવા બેઠા તે જ વખતે ત્યાં એક અતિથિ બ્રાહ્મણ આવી પહોંચ્યો.

એણે ભોજનની માંગણી કરી, એટલે સૌની અંદર વિરાજેલા પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરવાની ટેવવાળા રાજાએ ભોજનનો થોડો ભાગ એને આપી દીધો.

બાકી રહેલા ભોજનમાંથી સૌએ જમવાની તૈયારી કરી ત્યાં તો બીજો શુદ્ર અતિથિ આવી પહોંચ્યો.

રાજાએ એને પણ થોડું ભોજન અર્પણ કર્યું.

એ પછી કૂતરા સાથે બીજો અતિથિ આવ્યો.

ભોજન માટેની પ્રાર્થના પરથી રાજાએ એને પણ થોડું ભોજન આપી દીધું. એવી રીતે બધું જ ભોજન પૂરું થયું અને કેવળ પાણી જ રહ્યું. તે લઈને રાજા રંતિદેવ પોતાના કુટુંબ સાથે પાન કરવા બેઠા ત્યાં જ એક ચાંડાલે આવીને પાણીની માંગણી કરી.

એ વખતે રાજા રંતિદેવે કહ્યું, 'હું ભગવાનની પાસે અષ્ટૈશ્વર્યયુક્ત પરમ ગતિ નથી ચાહતો અને મોક્ષની ચાહનાયે નથી રાખતો. હું તો સર્વ શરીરધારીના હૃદયમાં બેસીને એમનું દુઃખ સહન કરવા ઈચ્છું છું. જેથી એમનું દુઃખ દૂર થાય. જીવવાની ઈચ્છાવાળા દીન-જનને જીવનરૂપી જલ દેવાથી મારી ક્ષુધા, તૃષા, પીડા, શિથિલતા, દીનતા તથા ગ્લાનિ દૂર થઈ ગઈ છે. મારો શોક, મોહ અને વિષાદ દૂર થયો છે.'

એમ કહીને તરસથી પીડાતા છતાં કરૂણ ને ધૈર્યની મૂર્તિ રાજા રંતિદેવે એ ચાંડાલને પાણી પાઈ દીધું.

તૃપ્ત થયેલો ચાંડાલ ત્યાંથી વિદાય થયો.

રંતિદેવના ધૈર્યની કસોટી કરવા ભગવાનની માયાના પ્રભાવથી બ્રાહ્મણ તથા શુદ્રાદિનું રૂપ બતાવી, ફળની ઈચ્છા રાખનારને સર્વ પ્રકારના ફળ દેનાર બ્રહ્મા, વિષ્ણુ તથા મહાદેવે એને પ્રત્યક્ષ દર્શન આપ્યું, પરંતુ રતિદેવે એમને નમન કરીને પોતાનું મન પરમાત્મામાં જોડી દીધું. એમને ઈશ્વર સિવાયની બીજી કોઈ વસ્તુની ઈચ્છા જ ન હતી. એમના ચિત્તમાંથી ત્રિગુણાત્મક માયા સ્વપ્નની પેઠે વિલીન થઈ ગઈ અને એ જીવનમુક્ત બની ગયા.

ભાગવતની આ કથા એ સંદેશ તરફ અંગુલિનિર્દેશ કરી જાય છે કે મનુષ્યમાત્રે રાજા રંતિદેવની પેઠે કરૂણા, સ્નેહ અને સેવાભાવની મૂર્તિ બનવાની જરૂર છે. સૌ રાજા રંતિદેવ ના બની શકે, અથવા એટલો મોટો ત્યાગ પણ ન કરી શકે, પરંતુ પોતપોતાના મર્યાદિત ક્ષેત્રમાં રહીને બીજાની યથાશક્તિ સેવા તો કરી જ શકે.

એવી સેવા કરતાં કરતાં જે ઘસાવું પડે તે નાનોમોટો ભોગ સમજપૂર્વક, શાંતિથી, સસ્મિત અને યજ્ઞભાવે આપવાની શક્તિ તો સૌ કોઈ કેળવી શકે. રાજા રંતિદેવની કથાની પાછળ જીવમાત્રમાં ઈશ્વરનું દર્શન કરવાની, જીવમાત્રનાં દુઃખને દૂર કરવાની તથા તે માટે નિષ્કામભાવે, કોઈપણ પ્રકારની બીજી લૌકિક કે પારલૌકિક કામના વિના જે મરી ફીટવાની ભાવના છે, તે અત્યંત આદરણીય ભાવનાને જો અપનાવાય તો વ્યક્તિ તથા સમષ્ટિને ઘણો મોટો લાભ થાય એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. સુંદ-ઉપસુંદની કથા

ભારતવર્ષના સાંસ્કૃતિક ધાર્મિક સાહિત્યભંડારમાં પુરાણોનું સ્થાન ખૂબ જ મહત્વનું છે. એમની અંદર પણ મહાભારતનું મહત્વ સવિશેષ છે. વેદ, ઉપનિષદ ને દર્શનશાસ્ત્રોના ગહનતમ જ્ઞાન સિદ્ધાંતોને સરળતાથી ને સંપૂર્ણપણે સમજવાનું કાર્ય સામાન્ય બૌધિક પ્રતિભાવાળા માનવોને માટે અતિશય કપરું હોવાથી, પરહિતપરાયણ સ્વાનુભવસંપન્ન મહર્ષિ વ્યાસે મહાભારત જેવાં મહાપુરાણોની રચના કરી છે, અને એમની દ્વારા કથાત્મક ધર્મ ને તત્વજ્ઞાનવિષયક જુદા જુદા સંદેશને પ્રવાહિત કર્યા છે. મહાભારતને માટે તો એવું કહેવાય છે કે જે એમાં નથી તે બીજે ક્યાંય નથી, અને જે એમાં છે તે બીજે પણ છે. व्यासोच्छिष्ट जगत्सर्वम कહીને સૂચવવામાં આવ્યું છે કે જ્ઞાન-વિજ્ઞાનની એવી કોઈયે શાખા-પ્રશાખા નથી જેના વિશે મહર્ષિ વ્યાસે મહાભારતમાં પોતાના વિચારો પ્રકટ ન કર્યા હોય. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-માનવજીવનના એ ચતુર્વિધ પુરુષાર્થોને લક્ષ્ય કરીને એમાં ચિંતન-મનનની રસભરપૂર સામગ્રી પીરસવામાં આવી છે. એ સામગ્રી સનાતન અને પ્રેરણાત્મક હોવાથી આજે સમય બદલાયો હોવા છતાં પણ, એટલી જ રસમય અને ઉપયોગી છે.

મહાભારત ભારતવર્ષનો સાંસ્કૃતિક ગૌરવગ્રંથ છે. એમાં આવતી જુદી જુદી કથાઓ અને ઉપકથાઓ માનવજીવન અને રાષ્ટ્રના અભ્યુત્થાનને માટે અસાધારણ ઉપકારક તત્વોથી ભરપૂર છે. સુંદ અને ઉપસુંદ નામના અસુરોની ઉપકથા એવી જ ચિરંજીવ ને પ્રેરક કથા છે. એ ઉપકથાનો પરિચય કરવા જેવો છે.

હિરણ્યકશિપુના વંશમાં નિકુંભ નામે એક પરમ પરાક્રમી પ્રતાપી દૈત્ય થઈ ગયો. સુંદ અને ઉપસુંદ બંને એના જ પુત્રો હતા. મોટા થતાં એ પરાક્રમી, પ્રતાપી ને ક્રૂર પ્રકૃતિના ભાઈઓ દૈત્યોના સરદાર બન્યા.

એમની વચ્ચે એટલો બધો પ્રેમભાવ તથા મેળ હતો કે વાત નહિ. એ બંને સાથે જ રહેતા, સાથે જ જમતા, ને સાથે જ ફરતા. એમના દેહ જુદા પણ આત્મા જાણે એક હતા.

વખતના વિતવા સાથે એમના અંતરમાં ત્રિલોકનું સ્વામિત્વ પ્રાપ્ત કરવાની મહત્વકાંક્ષા પેદા થઈ. એ મહત્વકાંક્ષાથી પ્રેરાઈને એમણે શાસ્ત્રોક્ત રીતે દીક્ષા લઈને વિંધ્યાચલ પર્વત પર જઈને તપશ્ચર્યા કરવાનો પ્રારંભ કર્યો.

તપશ્ચર્યા પણ કેવી ? એકદમ કઠોર કહી શકાય એવી. અન્ન તથા જલનો ત્યાગ કરીને કેવળ વાયુ પર રહીને બંને હાથ ઉપર ઉઠાવીને સૂર્યની સામે દૃષ્ટિને સ્થિર કરીને એ તપવા માંડ્યા.

એમના પ્રબળ તપથી પ્રસન્ન થઈને એમની આગળ બ્રહ્મા પ્રકટ થયા. એમણે વરદાન માંગવા કહ્યું તો એ પ્રણામ કરીને બોલ્યા :

'દેવ ! તમે અમારા પર પ્રસન્ન થઈને અમને વરદાન આપવા માગતા હોય તો અમે બંને માયાવી, શસ્ત્રાસ્ત્રમાં કુશળ, ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા, બળવાન અને અમર બની જઈએ એવું વરદાન આપીને અમને કૃતાર્થ કરો.'

બ્રહ્માએ કહ્યું, 'મનુષ્યો કે દૈત્યોને માટે અમર બનવાનું અશક્ય છે. અમર તો કેવળ દેવો જ બની શકે છે. એટલે અમર બનવા સિવાયનાં તમે માગેલાં બીજાં વરદાન તમને આપી રહ્યો છું. અમર બનવાનું વરદાન તમને નહિ આપી શકું.'

'તો પછી એને બદલે એવું વરદાન આપો કે અમે દુનિયાના કોઈપણ પ્રાણી કે પદાર્થથી ના મરીએ. અમારું મૃત્યુ જ્યારે થાય ત્યારે એકબીજાના હાથે જ થાય' સુંદ અને ઉપસુંદ બોલ્યા.

'તથાસ્તુ.' કહીને બ્રહ્મા પોતાના દિવ્ય લોકમાં જવા માટે ચાલી નીકળ્યા, અને તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત થયેલા વરદાનથી સંતુષ્ટ બનેલા સુંદ અને ઉપસુંદ ઘેર આવ્યા.

ઘેર આવીને અહંકારથી ઉન્મત્ત બનીને મોટો ઉત્સવ કર્યો.

એ ઉત્સવમાં એમના બંધુઓ, મિત્રો તથા સ્નેહીઓએ પણ ભાગ લીધો.

એ પછી થોડોક વખત આમોદપ્રમોદમાં પસાર કરીને એ બંને ભાઈઓ દિગ્વિજય કરવા તૈયાર થયા.

એ માયાની શક્તિવાળા ભયંકર અસુરોના ઉત્પાતને લીધે પ્રજા દુઃખી બની ગઈ. એમની ભયંકર પ્રવૃત્તિ જોઈને જિતેન્દ્રિય મુનિઓ અને મહાત્મા પુરુષોની પીડાનો પાર ન રહ્યો એમની ચિંતા, વેદના અને અશાંતિનો અતિરેક થતાં એમણે બ્રહ્મલોકમાં જઈને સુંદ અને ઉપસુંદને તથા એમના અનુચરોના અનર્થની વાતો બ્રહ્માને કહી બતાવીને પ્રજાની પીડાના નિવારણ માટે પ્રાર્થના કરી.

બ્રહ્માએ એમને આશ્વાસન આપ્યું અને એ અસુરોનો નાશ કરવા માટે વિશ્વકર્મા પાસે એક સુંદર સ્ત્રી તૈયાર કરાવી. સૃષ્ટિના શ્રેષ્ઠ રત્નોના અંશમાંથી એની રચના થઈ હોવાથી બ્રહ્માએ એનું નામ તિલોત્તમા પાડ્યું. બ્રહ્માના આદેશથી એ અસુરોને મોહિત કરવા માટે ચાલી નીકળી.

સુંદ અને ઉપસુંદ તિલોત્તમાને જોઈને ભાન ભૂલી ગયા. અને એનો હાથ પકડીને ઊભા રહ્યા. તિલોત્તમા બોલી કે મારો સંકલ્પ છે કે હું કોઈ એકની જ થઈશ, બેની નહિં થાઉં.

સુંદ અને ઉપસુંદ તિલોત્તમાને મેળવવાના ઉદ્દેશથી ભયંકર ગદાયુદ્ધમાં પ્રવૃત્ત થયાં. બંને એકબીજા પર તૂટી પડ્યા. બંનેનાં શરીર લોહીથી લથપથ થઈ ગયાં. અને એ આખરે નિર્જીવ બનીને ચિત્કાર કરતાં ધરતી પર ઢળી પડ્યા. તિલોત્તમા પોતાનું કાર્ય સંપૂર્ણપણે સફળ થયેલું જોઈને સંતોષ પામી. દેવો, મુનીઓ ને બ્રહ્માએ એને અભિનંદન આપ્યાં.

આ કળાત્મક કથા શું સૂચવે છે ? માનવ પ્રખરમાં પ્રખર તપ કરે ને મોટામાં મોટી શક્તિ મેળવે તો પણ પ્રકૃતિના મોહપાશમાંથી નથી છૂટતો ત્યાં સુધી સ્વસ્થતા, પૂર્ણતા કે મુક્તિ નથી મેળવી શકતો. પોતાના જીવનનું શ્રેય પણ નથી સાધી શકતો. સ્વાર્થરૂપી માયા, સત્તારૂપી માયા, શરીરની મોહિનીરૂપી મહામાયા માનવને ચલિત કરી, સંમોહિત બનાવીને એને એની નિષ્ઠામાંથી ડગાવીને, જો એ સાવધાન ના હોય તો એનો મૃત્યુઘંટ વગાડી દે છે. માટે માનવે જાગ્રત રહેવાની, જુદી જુદી જાતના મોહમાંથી મુક્તિ મેળવવાની ને શક્તિનો સદુપયોગ કરવાની આવશ્યકતા છે. જે પોતાની બુદ્ધિ તથા શક્તિનો દુરુપયોગ કરે છે તે વિનાશ પામે છે એમાં સંશય નથી. સામાન્ય ને અસામાન્ય સઘળા માનવોએ એ સંદેશને અથવા બોધપાઠને યાદ રાખવાનો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. ભગવાન કૃષ્ણનું સ્મિત

કુરૂક્ષેત્રના વરસો પહેલાંના વિશાળ યુદ્ધ મેદાનમાં કલ્પનાની પાંખ પર ચઢીને ચાલો જરા પહોંચી જઈએ.

કૌરવ તથા પાંડવોની પ્રચંડ સેનાઓ શસ્ત્રસજ્જ બનીને એકમેકનો સંહાર કરવાના આશયથી ઊભી રહી છે.

કુરુક્ષેત્રની મહામહિમાવંતી તીર્થભૂમિ એકાએક યુદ્ધભૂમિમાં પલટાઈ ગઈ છે.

યુદ્ધ પણ કેવું ? મિત્રો, સંબંધીઓ, ગુરુજનો તથા ભાઈઓ વચ્ચેનું.

અર્જુને મહાભારતના એ મહાયુદ્ધમાં ભગવાન શ્રીકૃષ્ણને પોતાના રથના સારથિ બનાવ્યા છે. સ્થુલ રથના જ નહિ પરંતુ પોતાના સમગ્ર જીવનના સૂક્ષ્મ રથના પણ. શ્રીકૃષ્ણ એના પથપ્રદર્શક, પ્રકાશદાતા તથા પ્રેરણામૂર્તિ બન્યા છે. અર્જુનના રથના ઘોડાની લગામ પોતાના હાથમાં લઈને એ રથમાં બેસી રહ્યા છે ત્યારે એમનો દેખાવ કેટલો બધો આકર્ષક, આનંદદાયક અને અદ્દભુત લાગે છે !

પરંતુ ત્યાં તો રથમાં બેઠેલા અર્જુને શ્રીકૃષ્ણને કહેવા માંડ્યુ, 'આ યુદ્ધમાં અમારી સાથે લડવા માટે કોણ કોણ એકઠા થયા છે તે જોવાની મને ઈચ્છા થઈ છે. એટલા માટે આપણા રથને બંને સેનાની મધ્યમાં લઈ જઈને ઊભો રાખો.'

અર્જુનની પ્રાર્થના લક્ષમાં લઈને ભગવાન શ્રીકૃષ્ણે રથને બંને સેનાની મધ્યમાં લઈ જઈને ઊભો રાખ્યો.

અર્જુને યુદ્ધ કરવા માટે એકઠા થયેલા યોદ્ધાઓ પર દૃષ્ટિપાત કર્યો.

પરંતુ એ દૃષ્ટપાત ઘણો વિચિત્ર નીકળ્યો. એને પરિણામે અર્જુનનો યુદ્ધને માટેનો ઉત્સાહ એકદમ ઓસરી ગયો. એ નાહિંમત ને નિરાશ બની ગયો. એના જ ઉદ્દગારોમાં કહીએ તો-

'યુદ્ધના વિશાળ મેદાનમાં લડવા માટે ભેગાં થયેલાં આ સ્વજનોને નિહાળીને હે કૃષ્ણ, મને કાંઈનું કાંઈ થઈ જાય છે. મારા અંગો ખેંચાવા માંડે છે. મોઢું સૂકાય છે, શરીરે પ્રસ્વેદ વળે છે. રોમાંચ થાય છે, ચામડીમાં બળતરા પેદા થાય છે, તથા હાથમાંથી ગાંડીવ સરી પડે છે. મારું મન ભમવા લાગે છે ને મારાથી ઊભા રહેવાનું નથી બનતું. આમ બધા જાતના લક્ષણો મને વિપરીત દેખાય છે. યુદ્ધમાં સ્વજનોને મારવાથી કોઈ પ્રકારનું શ્રેય થશે એવું મને નથી લાગતું.'

'હે કૃષ્ણ, મારે રાજ્ય, સુખ કે વિજય કશું જ નથી જોઈતું. જેમની સાથે રહીને અમને રાજ્યભોગ તથા સુખો સારાં લાગ્યાં હોત તે તો બધા ધન, સંપત્તિ તથા પ્રાણોના મોહનો પરિત્યાગ કરીને આ યુદ્ધમેદાનમાં મરવા માટે ઊભા રહ્યા છે. અહીં ઊભેલા આચાર્યો, પિતૃઓ, પુત્રો, પૌત્રો તથા જુદી જુદી જાતના સંબંધીઓને ત્રણે લોકનું રાજ્ય મળતું હોય તો પણ મારવા તૈયાર ન થઉં, તો સાધારણ ધરતી માટે તેમને મારી શકું જ કેવી રીતે ? એમને કે કૌરવોને હણવાથી મને પાપ જ લાગે અને સુખ તો સ્વપ્ને પણ સાંપડે જ નહિ.'

'એમની બુદ્ધિ તો લોકવૃત્તિથી હણાયેલી હોવાથી એ કુળના નાશના અપરાધનો ને મિત્રોના દ્રોહના પાપનો વિચાર નથી કરી શકતા, પરંતુ અમે તો એ વિચાર કરી શકીએ છીએ, તો એ પાપમાંથી પાછા કેમ

ના વળીએ ? મને તો લાગે છે કે રાજ્યસુખની લાલસાથી સ્વજનોનો સંહાર કરવા તૈયાર થઈને અમે ઘણું મોટું પાપ કરી રહ્યા છીએ. એના કરતાં તો શસ્ત્રસજ્જ કૌરવો મને શસ્ત્ર વિનાનો ને પ્રતિકાર કર્યા સિવાયનો જોઈને યુદ્ધમાં હણી નાંખે એ જ વધારે કલ્યાણકારક થઈ પડે.'

એવા ઉદ્દગાર કાઢીને કુરુક્ષેત્રની ભૂમિમાં યુદ્ધ કરવાની પૂરેપૂરી તૈયારી સાથે આવેલો અર્જુન ગાંડીવને મૂકીને શોકમગ્ન મનથી રથમાં બેસી ગયો અને મારે યુદ્ધ નથી કરવું એવું સ્પષ્ટ સંભળાવીને મૌન રહ્યો.

ભગવાન શ્રીકૃષ્ણની કસોટીનો સાચો સમય તો હજુ હવે જ શરૂ થયો. અર્જુનની પરિસ્થિતિ એમની ખરેખરી પરીક્ષા કરનારી પૂરવાર થઈ. એ મહાન જ્ઞાની અને યોગી, યોગીઓના યોગી હતા, ને **समत्वं योगे उच्चते** 'સમતા યોગ કહેવામાં આવે છે' એ સૂત્રમાં માનતા હતા. આગળ પર એનો ઉપદેશ પણ એ અર્જુનને આપવાના હતા.

પરંતુ ઉપદેશ આપવો એ એક વાત છે અને એ પ્રમાણે ચાલવું એ જુદી જ વાત છે. કેટલાય લોકો એવા હોય છે કે જે બીજાને ઉપદેશ આપવામાં કુશળ હોય છે પરંતુ પોતે તે પ્રમાણે નથી ચાલતા. માણસના સદ્દુપદેશની સાચી કિંમત તો તેનું પોતાનું જીવન એનાથી કેટલા પ્રમાણમાં સુવાસિત થયેલું કે શક્તિશાળી બનેલું છે એમાં રહેલી છે. ખાસ કરીને પ્રતિકૂળ સંજોગોમાં એની કસોટી વધારે થાય છે. દુઃખમાં, વિપત્તિમાં ને પ્રતિકૂળતામાં એ મોટેભાગે ચળી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણના સંબંધમાં પણ જો એવું જ થાય તો એ પણ એક સામાન્ય મનુષ્ય જ કહેવાય ને ? પણ એ સામાન્ય ન હતા, અસામાન્ય હતા. એમની જગ્યાએ કોઈ બીજો સામાન્ય મનુષ્ય હોત તો એવી કે એને મળતી પરિસ્થિતિમાં ગભરાઈ જાત, ઉત્તેજીત બનત, કે ગુસ્સે થાત, ને ના કહેવા જેવા શબ્દ કહી સંભળાવત, પણ શ્રીકૃષ્ણ પૂર્ણ યોગી તથા મનના વિજેતા હોવાથી શાંત જ રહ્યા. એ જાણતા હતા કે અત્યારે અર્જુન યુદ્ધ કરવાની ભલે ના પાડે, છેવટે તો એ લડશે જ.

યુદ્ધ અવશ્યં ભાવિ છે માટે એમના મુખ પર એવું જ સ્મિત ફરકી રહ્યું. **तमुवाच ऋषिकेशः प्रहसन्निव भारत्** એ વાક્યમાં કહ્યા પ્રમાણે એ અર્જુનને હસતાં હસતાં કહેવા માંડ્યા એ જ એમની વિશેષતા.

એ વિશેષતા આપણે માટે અનુકરણીય છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એવી રીતે જ જો આપણે સ્વસ્થ રહી શકીએ ને સ્મિત કરી શકીએ તો જીવનના જંગને જરૂર જીતી શકીએ. કોઈ પણ કાળે હતાશ ના થવું ખૂબ જ જરૂરી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૪. સેવાયજ્ઞોની આવશ્યકતા

મહાભારતને મોતીની કોઈ અસાધારણ ખાણની સાથે જ સરખાવી શકાય. એની અંદર મોતી કરતાં પણ મહામૂલ્યવાન જીવનોપયોગી અનેક પ્રસંગો છે. એ પ્રસંગોના પરિચયથી આપણને આનંદ તો મળે છે જ, પરંતુ પ્રેરણાની પણ પ્રાપ્તિ થાય છે.

એ પ્રસંગોમાંથી એક સુંદર પ્રસંગનો પરિચય કરવા જેવો છે.

મહાભારતના ભીષણ યુદ્ધસંહારને પરિણામે પેદા થયેલ શોકને દૂર કરવા યુધિષ્ઠિરે અશ્વમેઘ યજ્ઞ કર્યો. એ યજ્ઞનો અશ્વ સમસ્ત ભારતમાં ફરીને એકાદ વરસમાં પાછો આવ્યો. કોઈ એને રોકી કે બાંધી શક્યું નહિ.

યજ્ઞની પૂર્ણાહુતિ થઈ. બ્રાહ્મણો તથા ગરીબોને ધનધાન્યની પ્રપ્તિ થઈ. મહારાજા યુધિષ્ઠિર યજ્ઞની સફળતાના ઉલ્લાસમાં યજ્ઞભૂમિમાં બેઠા હતા. એ વખતે ત્યાં એક નોળિયો આવી પહોંચ્યો. એ નોળિયો બીજા સામાન્ય નોળિયા કરતાં જુદી જાતનો હતો. એનું અડધું શરીર સોનાનું હતું.

યજ્ઞભૂમિમાં આવીને એ નોળિયો ખૂબ આળોટ્યો. અને પછી મનુષ્યની જેમ સભાજનોની સામે હસીને કહેવા માંડ્યો કે આ યજ્ઞને શું તમે સૌથી ઉત્તમ કહો છો ? આ યજ્ઞ કરતાં તો કુરુક્ષેત્રની પુણ્યભૂમિમાં મેં જે યજ્ઞનું દર્શન કરેલું તે યજ્ઞનો મહિમા વધારે હતો.

નોળિયાની વાત સાંભળીને સભાજનો નવાઈ પામ્યા, ત્યારે નોળિયાએ કહ્યું કે, એમાં નવાઈ પામવા જેવું કશું જ નથી. હું સાચું જ કહું છું કે બહારથી મોટા દેખાતા યજ્ઞ કરતાં મેં જોયેલો પેલો સેવાયજ્ઞ દેખીતી રીતે ઘણો નાનો છતાં પણ ચઢિયાતો હતો.

નોળિયાની વાત સાંભળીને સૌને એ વિશે જાણવાની ઈચ્છા થઈ. એટલે નોળિયાએ નજરે જોયેલી ઘટના કહેવા માંડી. એના કથનનો સાર એવો હતો કે કુરુક્ષેત્રમાં કૌરવ પાંડવનું ઘોર યુદ્ધ થયું તે પહેલાં-લાંબા વખત પહેલાં, એ ભૂમિમાં એક દીન બ્રાહ્મણ તેના પુત્રી, પુત્રવધુ ને પુત્રની સાથે રહેતો હતો. એ ચારે દિવસમાં માત્ર એક જ વાર જમતાં અને ખેતરમાંથી ખેડૂત દાણા લઈ જાય પછીથી પડી રહેલા દાણા વીણીને ગુજરાન ચલાવતાં.

એવી રીતે કેટલાક કાળ સુધી એમણે ઉઝ્છવૃત્તિવ્રત પાળ્યું. પછી દેશમાં દુકાળ પડ્યો, એટલે એમને માટે મુશ્કેલી ઊભી થઈ. એ દિવસોમાં એક વાર એમને મહામુસીબતે માંડમાંડ થોડા જવ મળી શક્યા. એ જવનો સાથવો બનાવીને એના ચાર સરખા ભાગ કરીને એ ખાવા બેઠાં.

એ જ વખતે એમની પાસે એક અતિથિ આવી પહોંચ્યો. અતિથિને દેવ માનીને એની યથાશક્તિ સેવા કરવાની પરિપાટી એ વખતે પ્રચલિત હતી. તે પ્રમાણે બ્રાહ્મણે પોતાનો ભોજન ભાગ અતિથિને આપી દીધો.

અતિથિને હજી પૂરી તૃપ્તિ નથી થઈ એ જોઈને બ્રાહ્મણની સ્ત્રીએ, પછી બ્રાહ્મણના પુત્રે અને બ્રાહ્મણની પુત્રવધૂએ પણ પોતાને ફાળે આવેલો ભાગ એને સ્વેચ્છાથી અર્પણ કર્યો.

અતિથિ એ ભોજનથી તૃપ્ત થયો ને બોલ્યો કે તમારી અતિથિસેવાની ભાવનાને ધન્ય છે. એથી હું પ્રસન્ન થયો છું. ભૂખ્યાને ભોજન આપવાનો આત્મસમર્પણ ભાવથી ભરેલો આજે જે યજ્ઞ થયો છે એની આગળ અશ્વમેધ અને રાજસૂય યજ્ઞની પણ વિસાત નથી.

એવું કહીને અતિથિ દેવ અદૃશ્ય થયા. પછી એ વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ અને બ્રાહ્મણને એના પરિવાર સાથે સ્વર્ગલોકની પ્રાપ્તિ થઈ.

નોળિયાએ ઉપસંહાર કરતાં કહ્યું કે, એ સેવાયજ્ઞની પરિસમાપ્તિ પછી મારા નજીકના દરમાંથી બહાર નીકળીને એ અતિથિના એંઠા પતરાળા પર હું આળોટ્યો. એ પતરાળામાં લગીર સાથવો હતો. તેના સ્પર્શથી મારું અડધું શરીર સોનાનું થયું. બાકીનું અડધું શરીર સોનાનું કરવા જ્યાં જ્યાં યજ્ઞ થાય છે ત્યાં હું પહોંચી જાઉં છું. રાજા યુધિષ્ઠિરના વિશાળ યજ્ઞની વાત સાંભળીને હું અહીં પણ આવી પહોંચ્યો. પરંતુ યજ્ઞભૂમિમાં આળોટવા છતાં મારું શેષ શરીર સોનાનું ના થઈ શક્યું. એટલે જ, મારા અનુભવના આધાર પર કહું છું કે આ યજ્ઞ કરતાં પેલો યજ્ઞ શ્રેષ્ઠ હતો.

સભાજનો નોળિયાની વાત સાંભળીને પ્રસન્ન થયાં. નોળિયાની વાતનો મર્મ ઘણો માટો હતો. જે યજ્ઞની પાછળ હજારો કે લાખો રૂપીયા ખર્ચાય છે, પુષ્કળ સામગ્રી વપરાય છે, અને જે અંગત સ્વાર્થવૃત્તિને સંતોષવા, પ્રતિષ્ઠાને પોષવા, રૂઢી અથવા પરંપરાનું પાલન કરવા, દેખાદેખીથી કરવામાં આવે છે તેના કરતાં બીજાની અંદર ઈશ્વરના પરમ પ્રકાશની ઝાંખી કરીને, બીજાને સુખશાંતિ અને આરામ આપવાના, બીજાના આંસુને લૂછવાના, બીજાની પીડાને શમાવવાના, બીજાને એક યા બીજી રીતે ઉપયોગી થવાના, અથવા બીજાને માટે ઘસાવાના, સેવાયજ્ઞ વધારે કીમતી છે, ઉપયોગી છે, ને કલ્યાણકારક છે. એવા સેવાયજ્ઞો જ્યારે પ્રત્યેકના જીવનમાં શરૂ થશે ત્યારે પોતાને માટે તો શ્રેયસ્કર કે શાંતિકારક થશે જ, પરંતુ બીજાની અથવા તો સમસ્ત સમાજની પણ કાયાપલટ કરી દેશે. સમસ્ત સમાજ એથી સોનેરી બનશે. એવા નિઃસ્વાર્થ સેવાયજ્ઞોની આપણને આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. તક્ષક અને કાશ્યપ

મરવાનું કોને ગમે છે ? કોઈકને જ. જગતના મોટા ભાગના મનુષ્યો તો જીવનને ને વધારે ને વધારે દીર્ઘ તથા સુખી જીવનને જ ઈચ્છે છે. અમર જીવનની અભિલાષા પણ કેટલાક રાખતા હોય છે.

રાજા પરીક્ષિત પણ એમાં અપવાદરૂપ નહોતા. તક્ષક નાગના કરડવાથી સાત દિવસમાં મૃત્યુ થવાનો પોતાને શાપ મળ્યો છે એ જાણીને તે ચિંતામાં ડૂબી ગયા. પોતાના મંત્રીઓની સલાહ પ્રમાણે એક સ્તંભની ઉપર એક સુરક્ષિત ભવન બનાવડાવ્યું. એ ભવનમાં એમણે રહેવા માંડ્યું, અને એમાં પોતાની સાથે અનેક અનુભવી વૈદ્યો, ઔષધિઓ તથા મંત્રની મદદથી સાપના વિષને દૂર કરવાની વિદ્યા જાણનારા બ્રાહ્મણોને રાખવામાં આવ્યા.

મંત્રીઓ અને અંગરક્ષકો પ્રતિપળ એમની પાસે રહીને એમની રક્ષા કરતા. રાજાની અનુજ્ઞા વિના એમની પાસે કોઈ પણ ના જઈ શકતું.

એવી પૂર્ણ તૈયારીમાં છ દિવસ પસાર થઈ ગયા પછી સાતમે દિવસે કાશ્યપ નામે એક વિદ્વાન બ્રાહ્મણ રાજા પરિક્ષિત પાસે જવા તૈયાર થયો. રાજાને મળેલા શાપની ખબર હોવાથી એણે નક્કી કર્યું કે રાજાને આજે તક્ષક નાગ કરડશે તે પછી મારા મંત્રબળથી હું એમને જીવતા કરી દઈશ. કશ્યપ મહાન મંત્રવેત્તા હતો.

બીજી બાજુ તક્ષક પણ પોતાનું કામ પૂરું કરવા માટે ચાલી નીકળ્યો.

એણે ઈચ્છાનુસાર રૂપ ધારણ કરવાની પોતાની શક્તિથી વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું ને કાશ્યપની આગળ આવીને પૂછ્યું :

'આજે તમે કોઈ અગત્યના કામે જઈ રહ્યા હો એવું લાગે છે. તમારી ચાલ ઝડપી છે. એવું કયું કામ આવી પડ્યું છે ?'

કશ્યપે કહ્યું :

'રાજા પરીક્ષિતને આજે તક્ષક નાગ કરડવાનો છે. એમને જીવતા કરવાની અભિલાષાથી હું એમની પાસે જઈ રહ્યો છું'.

'તો તમે એમને જીવતા કરી શકો એમ છો ?'

'જરૂર'.

'કેવી રીતે ?'

'મારી પાસે મૃતસંજીવની વિદ્યા છે. સાપના વિષને દૂર કરવાની વિદ્યાનું પણ મને જ્ઞાન છે.'

તક્ષકે થોડોક વિચાર કરીને કહ્યું, 'મારા દંશથી નિષ્પ્રાણ બનેલાને જો તમે જીવાડી શકતા હો તો મને તમારી એ શક્તિનો પરચો બતાવો. આ પાસેના વૃક્ષને મારા ઝેરથી જલાવી દઉં છું. તમે તેને પુનર્જીવિત કરો.

કાશ્યપે કહ્યું, 'તમે વૃક્ષને ખાખ કરશો તો પણ મારી શક્તિથી હું તેને લીલુંછમ કરી દઈશ.'

તક્ષકે એ વિશાળ વૃક્ષને દંશ દીધો કે તરત જ એ એના વિષના પ્રભાવથી સળગી ઊઠ્યું.

પરંતુ કાશ્યપે તરત જ પોતાની વિદ્યાનો પ્રયોગ કરી બતાવ્યો. એણે એ વૃક્ષની રાખને ભેગી કરી અને પોતાના મંત્રપ્રયોગથી જોતજોતામાં એ વૃક્ષને પહેલાંની પેઠે લીલુંછમ કરી દીધું.

તક્ષકને ભારે આશ્ચર્ય થયું. એને વિશ્વાસ થઈ ગયો કે કાશ્યપ પોતાનું કર્યું કરાવ્યું ધૂળમાં મેળવશે.

એણે એક બીજી યુક્તિ અજમાવી.

'તમે રાજાને જીવતા કરવા જાવ છો તે કોઈક વસ્તુપ્રાપ્તિની કામનાથી જ જતા હશો ને ? તમારી કામના દુર્લભ હશે તો પણ હું એની પૂર્તિ કરી દઈશ. એને માટે તમારે રાજા પાસે નહિ જવું પડે. બ્રહ્મશાપથી રાજાના આયુષ્યનો નાશ થયો હોવાથી એમને પુનર્જીવિત કરવાના કામમાં તમને સફળતા ના પણ મળે. તો એ પરિસ્થિતિમાં તમારો આજ સુધીનો ઉજ્જવળ યશ ફિક્કો પણ પડી જાય.'

તક્ષકની એ યુક્તિ સફળ નીવડી. કાશ્યપે જણાવ્યું,

'રાજાને પુનર્જીવિત કરવા પાછળનું મારું પ્રયોજન ધનની પ્રાપ્તિ કરવાનું છે.'

'તો પછી હું તમને જેટલું જોઈએ તેટલું ધન આપું.'

કાશ્યપે ધ્યાન ધરીને જોયું તો રાજાનું આયુષ્ય ક્ષીણ થયેલું લાગ્યું એટલે એમને જીવાડવાનો પુરૂષાર્થ કરવાને બદલે એ તક્ષક પાસેથી ઈચ્છાનુસાર ધન લઈને વિદાય થયો.

તક્ષકે પોતાના અનુચરોને એ બધું જણાવ્યું એટલે એ પણ રાજી થયા. રાજા પરિક્ષિતના મૃત્યુની ભૂમિકા તૈયાર થઈ ગઈ.

કાશ્યપ ને તક્ષકના મેળાપનો મહાભારતનો આ પ્રસંગ આપણને સૂચવે છે કે ધનની લિપ્સાથી પ્રેરિત થઈને માણસ શું નથી કરતો ? એ લિપ્સા આગળ એની વિદ્યા, સમજશક્તિ, ધીરજ, નિષ્ઠા, વીરતા તથા પવિત્રતા બધું જ ગૌણ બની જાય છે, ઝાંખુ પડી જાય છે. ધનની લાલસામાં અટવાયેલો માણસ પોતાના સાચા સ્વાર્થને ભૂલી જાય છે, ને કેટલીકવાર ના કરવાના કામ પણ કરી બેસે છે. સામાજિક અને રાષ્ટ્રીય જીવનમાં આવાં ઉદાહરણો અનેક બને છે. એ બધાં ભયસ્થાનોમાંથી માણસે બચવું જોઈએ. વ્યક્તિ, સમષ્ટિ કે રાષ્ટ્રના જીવનનો નાશ કરવા માગનારા અને એને માટેની પોતાની અનર્થકારક યોજનાઓની આગળ કોઈ કાશ્યપની કર્તવ્યપરાયણતાને ફાવવા ના દેનારા તક્ષકો સમાજમાં ઓછા નથી. સમાજની સુખ, શાંતિ કે સમૃદ્ધિ હરી લેનારા એ તક્ષકોથી સૌએ ચેતતા રહેવાનું છે.

કાશ્યપે કર્તવ્યપરાયણ થઈને રાજાની પાસે જઈને ધારેલું કર્યું હોત તો ઈતિહાસ જુદો જ હોત. ધન તો એને રાજા પાસેથી પણ મળી રહેત. એનો યશ પણ અક્ષય રહેત, અને સમાજને લાભ થાત. તક્ષકના કરડવાથી શાપ તો સફળ થાત જ, પરંતુ કાશ્યપ રાજાને ભલે થોડા વખતને માટે પણ પુનર્જીવિત કરત તેથી એનું ને એની વિદ્યાનું ગૌરવ વધત. પરંતુ એની લાલસાને લીધે એવું ના થઈ શક્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬. વિનમ્ર બનો

કશ્યપ ઋષિને એમની ઈચ્છાનુસાર ધન પ્રદાન કરીને, પાછા વાળીને, તક્ષક પોતાનું ધારેલું કામ કરવાના ઉદ્દેશથી ઉત્સાહિક થઈને હસ્તિનાપુરની દિશામાં ચાલી નીકળ્યો.

એને પોતાના કાર્યમાં સફળતા મેળવવા સંબંધી કોઈયે પ્રકારનો સંદેહ ના રહ્યો.

રસ્તામાં એને સમાચાર મળ્યા કે રાજા પરીક્ષિતે એક વિશેષ પ્રકારના ભવનનું નિર્માણ કરાવીને એમાં રહેવાનું શરૂ કર્યું છે અને અનેક જાતના વૈદ્યો, ઔષધિશાસ્ત્રજ્ઞો, અસ્ત્રશસ્ત્રધારી અંગરક્ષકો તેમજ સાપના વિષને ઉતારવામાં કુશળ ઉસ્તાદો આઠે પહોર એમની રક્ષા કરે છે.

એવા સંપૂર્ણપણે સુરક્ષિત રાજાની પાસે પહોંચવાનું કામ દેખીતી રીતે મુશ્કેલ હોવા છતાં તક્ષક હિંમત ના હાર્યો ને ડર્યો અથવા ગભરાયો પણ નહિ. એણે શાંતિપૂર્વક વિચાર કરીને પોતાની અદ્દભૂત રહસ્યમયી માયાથી રાજાને સાંપડેલો શાપ સફળ કરવાની યોજના ઘડી કાઢી.

એ યોજનાનુસાર એણે એના અનુચર જેવા બીજા નાગને તપસ્વીઓના વેશમાં રાજાની પાસે મોકલ્યા. તક્ષકે એમને આદેશ આપ્યો કે તમે કોઈપણ પ્રકારના ભય કે સંકોચ વિના મુનીઓનો વેશ ધારણ કરીને રાજાની પાસે જાવ અને એમને આશીર્વાદરૂપે ફળ, ફૂલ, મૂળ અર્પણ કરો. પછી આગળનું કામ હું કરી લઈશ.

તક્ષકના અનુચર નાગ તપસ્વીઓનો વેશ ધારણ કરી રાજા પરીક્ષિત પાસે જઈ પહોંચ્યા. એમણે રાજાને શુભાશીર્વાદ આપીને ફળફૂલ અર્પણ કર્યાં.

એમના વિદાય થયા પછી એમના પ્રસાદરૂપે પ્રાપ્ત થયેલા એ ફળમાંથી થોડાક ફળ ખાવાની ઈચ્છા રાજાએ પોતાના ચતુર મંત્રીઓ પાસે પ્રકટ કરી.

મંત્રીઓની સંમતિથી રાજાએ ખાવા માટે એક ફળ લીધું.

એ ફળનું ભક્ષણ કરતાં એમની દ્રષ્ટિ એની અંદરના એક કીડા પર પડી.

એ કીડો એકદમ નાનો હતો. એની આંખ કાળી હતી અને એના શરીરનો રંગ લાલ હતો.

એ કીડાને પકડીને રાજા પરીક્ષિતે પોતાના મંત્રીઓને કહ્યું કે, સૂર્યાસ્ત થઈ રહ્યો હોવાથી હવે મને વિષનો ડર નથી લાગતો. આ કીડો જો તક્ષક બનીને મને કરડે તો પણ શું થયું ? એ મને કરડે તો ઋષિપુત્રે આપેલો શાપ સફળ થાય.

મંત્રીઓનાં મન પણ એ વખતે જાણે કે મોહિત થઈને ભાન ભૂલ્યા હોય તેમ કશું જ ના બોલ્યા.

વૈદ્યો તથા ઔષધિશાસ્ત્રજ્ઞો પણ મૂક રહ્યા.

ઘડીના છઠ્ઠા ભાગમાં, અરે નિમીષ માત્રમાં, જે નાટક થઈ ગયું તેની કોઈને ખબર જ ના પડી.

કેવું વિચિત્ર નાટક ?

રાજા પરીક્ષિતને જાણે કે ભાન જ ના રહ્યું હોય તેમ, એ કીડાને એમણે પોતાની ગરદન પર મૂક્યો. એમને સમજાયું નહિ કે કીડાનું રૂપ તક્ષકે જ ધારણ કરેલું છે. અથવા કીડાના રૂપમાં બીજુ કોઈ જ નથી પરંતુ તક્ષક પોતે જ છે.

મંત્રીઓ અને અંગરક્ષકોને જો એની સહેજ પણ ગંધ આવી હોત તો કીડાને કદાચ ત્યાં જ કચડી નાખત. એ એને ગમે તે ઉપાયે પણ જીવતો ના જવા દેત. પરંતુ એ પણ રાજાની આજુબાજુ એમનો વિચિત્ર અભિનય જોતાં મંત્રમુગ્ધ બનીને ઉદાસીનની જેમ ઊભા જ રહ્યા.

રાજાએ કીડાને પોતાની ગરદન પર મૂક્યો કે તરત જ કીડાના રૂપમાં રહેલા તક્ષકે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું.

એને જોઈ બધા ચમક્યા.

પરંતુ એથી વધારે કાંઈ પણ થઈ શકે એ પહેલાં તો તક્ષક વિકરાળ રૂપ ધારણ કરીને રાજાની ગરદનની આજુબાજુ વીંટળાઈ વળ્યો. શાપથી પ્રેરિત થયેલા એ ભયંકર તક્ષકે રાજાને દંશ દઈને પોતાનું કામ પુરુ કર્યું.

મંત્રીઓ રડવા લાગ્યા.

બીજા કેટલાક લોકો ભયભીત બનીને છૂપાવા તથા નાસવા લાગ્યા.

થોડા વખતમાં તો લાલ કમળના રંગવાળા નાગરાજ તક્ષકને સૌએ આકાશમાર્ગથી ચાલ્યો જતો જોયો.

એના વિષના પ્રભાવથી સ્થંભના આધારે ટકી રહેલું એ સુંદર ભવન પણ સળગવા લાગ્યું એટલે રાજાને છોડીને સૌ નાસવા માંડ્યા.

રાજા નિષ્પ્રાણ બની ગયા.

પહેલાંના ઋષિઓના આશીર્વાદ અથવા શાપ નિષ્ફળ નહોતા જતા એ તો સાચું જ, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે જે થવાનું છે તે કદી પણ કોટી ઉપાયે પણ અન્યથા નથી થતું. માણસ ગમે તેટલી કોશિશ કરે કે સુરક્ષાની ગમે તેવી યોજનાઓ ઘડે તો પણ કાળ પોતાનું કામ કરવાનો જ. મૃત્યુ એને મહાત કરવાનું જ. એવું વિચારીને એણે નમ્ર બનવાનું છે, જાગ્રત થવાનું છે, ને જીવનનું શ્રેય સાધવા કટિબદ્ધ બનીને અનેક જાતના દુષ્કર્મોમાંથી છૂટવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. દત્તાત્રેયની ગુણગ્રાહક દૃષ્ટિ

માણસની આંખ જો ઉઘાડી હોય તો એ જીવનની વિશાળ પ્રવાસકેડી પર પદેપદે જુદી જુદી જાતના રહસ્યોનું દર્શન કરી શકે છે, અને જો એના કાન બરાબર કામ કરતા હોય તો ક્ષણેક્ષણે ઉત્તમ પ્રકારનો સદુપદેશ સાંભળી શકે છે. સમસ્ત વિશ્વ એને માટે એક મહાન વિરાટ વિશ્વવિદ્યાલય બની જાય છે. એનો પ્રત્યેક પદાર્થ ને પ્રસંગ એને કાંઈ ને કાંઈ પ્રેરણા પૂરી પાડે છે અથવા એના જીવનમાં જ્યોતિ ભરે છે.

શ્રીમદ્ ભાગવતમાં એની પ્રતીતિ કરાવતા પ્રસંગો અનેક છે. એમાં એકાદશ સ્કંધમાં ગુરુ દત્તાત્રેયના કથા પ્રસંગો ખાસ ઉલ્લેખનીય છે.

ગુરુ દત્તાત્રેય જગતમાં વિભિન્ન સ્થળોમાં વિચરણ કરતા, પણ દૃષ્ટિ ઉઘાડી રાખીને તથા કાન ખોલીને વિચરણ કરતા એટલે ડગલે ને પગલે કોઈ ને કોઈ જીવનોપયોગી સંદેશ મેળવી શકતા. એવી રીતે એમણે ચોવીસ ગુરુ કરેલા અથવા ચોવીસ વસ્તુ પાસેથી બોધ અથવા સાર ગ્રહણ કરેલો.

વાત વિસ્મય પમાડે એવી છે પરંતુ સાચી છે કે એમણે એક કુમારિકાને પણ ગુરુ કરેલી.

એકવાર પોતાના પ્રવાસ દરમિયાન એ ફરતા ફરતા એક સુંદર સાધારણ ગામમાં જઈ પહોંચ્યા.

ગામમાં એક ઘર હતું. તેમાં અંદરના ખંડમાં એક કન્યા હાથમાં સાંબેલું લઈને કશુંક ખાંડી રહેલી.

એ કન્યા ઘરમાં એકલી હતી.

એ વખતે એને ત્યાં એના વેવિશાળની વાત કરવા માટે પાસેના બીજા ગામના કેટલાક લોકો આવી પહોંચ્યા.

એમનું સ્વાગત કરી એમને ઘરના બહારના ખંડમાં બેસાડી, પોતે પોતાના કામમાં લાગી ગઈ.

પરંતુ કામ કરતાં એના હાથની બંગડીઓનો અવાજ આવવા માંડ્યો એટલે એને થયું કે મારે માટે આ સારું નહિ કહેવાય. બહાર બેઠેલા લોકોને વિચાર આવશે કે અમારી સ્થિતિ સાધારણ છે તથા અમે હાથે કામ કરીએ છીએ, માટે મારા માતાપિતાના સંબંધમાં એમનો અભિપ્રાય બહુ સારો નહિ બંધાય.

હાથે કામ કરવામાં કશી નાનમ છે ? ખરી રીતે તો એમાં એક પ્રકારની સ્વતંત્રતા અને આનંદ છે. માણસ પોતાના જીવનને માટે બીજાના પર જેટલા પણ ઓછા પ્રમાણમાં નિર્ભર રહે એટલા જ વધારે પ્રમાણમાં સુખી થાય છે. છતાં પણ કેટલાક લોકો પોતાની મેળે સમય અથવા શક્તિ હોય તો પણ કામ કરી લેવામાં નાનમ સમજે છે. આપણે ત્યાં સમાજમાં સર્વત્ર એવી વૃત્તિ વ્યાપક જોવા મળે છે એ હકીકત એટલી બધી આનંદદાયક અને આવકારદાયક નથી.

ભાગવતના જમાનામાં પણ એવી વિચારસરણી કે મનોવૃત્તિ સમાજમાં પ્રચલિત હતી એની પ્રતીતિ આ પ્રસંગ પરથી સહેલાઈથી થઈ રહે છે.

પેલી કુમારિકા હાથે કામ તો કરતી પરંતુ બહારના બીજા માણસો એ હકીકતને જાણી જાય એવી તેની ઈચ્છા ન હતી. એટલા માટે કે કોઈ બીજા એવા વિચારથી જ પ્રેરાઈને એણે પોતાના હાથ પરની બે બંગડીમાંથી એકેક બંગડી કાઢી નાંખી એથી બંગડીઓનો અવાજ આવતો અટકી ગયો.

વાત બહારથી જોતાં તદ્દન સાધારણ હતી, પરંતુ ગુરુ દત્તાત્રેયની સૂક્ષ્મ વિવેકશક્તિને એમાં એકદમ અસાધારણતા લાગી. દત્તાત્રેયની દૃષ્ટિ માર્મિક હોવાથી પ્રત્યેક પદાર્થ, પ્રસંગ કે પરિસ્થિતિ પરથી કાંઈ ને કાંઈ શીખવા કે સાર ગ્રહણ કરવા ટેવાયેલી હતી. એટલે એ કુમારિકાની એવી પ્રવૃત્તિ જોઈને એને એમણે ગુરુ માનીને મનોમન કહ્યું:

'કુમારિકા, તું બહારથી જોતાં સામાન્ય જેવી દેખાય છે પણ તારી પાસેથી મને પ્રકાશ મળ્યો છે. શાસ્ત્રો, ગ્રંથો ને સંતો પણ જે ના શીખવી શકે તે સંદેશ તું તારી પ્રવૃત્તિ દ્વારા આજે મને શીખવી શકી છે. જે પ્રેરણા પૂરી પાડે છે, પ્રકાશ આપે છે, કે પથપ્રદર્શન કરે છે તેને જ ગુરુ કહેવામાં આવે છે. એ દૃષ્ટિએ જોતાં તું પણ મારી ગુરુ છે. તારી પાસેથી મને એક અગત્યની અમૂલખ વાત એ શીખવા મળી છે કે તપશ્ચર્યા કે સાધના કરનારે સદા એકલા જ રહેવું જોઈએ. બે કે વધારે સાધકો ભેગા રહે તેથી વાત ઘણીવાર બગડી જાય છે. એ સાધકો બંગડીઓની પેઠે કેટલીકવાર ક્ષુલ્લક વસ્તુઓ માટે ખખડાટ કરે છે, લડે છે, વાતે વળગે છે, ને મોહ કે રાગના શિકાર બને છે. માટે તપશ્ચર્યા તો એકલાએ અને એકાંતમાં જ કરવી સારી. હું પણ જ્યારે તપ કરવા બેસીશ ત્યારે એકલો જ બેસીશ, સર્વ પ્રકારની ઉપાધિઓનો પરિત્યાગ કરીને બેસીશ, ને જીવનને સફળ કરીશ.'

ગામડાની એ કન્યાને ખબર પણ ના પડી કે એની રોજબરોજની કહેવાતી એક સાધારણ જીવનચર્યા એક મહાપ્રતાપી મહાત્મા પુરુષને માટે પ્રેરણાની સામગ્રી સમી બની ગઈ છે. દત્તાત્રેયને પ્રેરણા પૂરી પાડવામાં એણે પરોક્ષ રીતે જે ભાગ ભજવ્યો એથી એ એકદમ અનભિજ્ઞ હતી. પરંતુ એથી શું ? દત્તાત્રેયે એને મનોમન નમસ્કાર કરીને ત્યાંથી વિદાય લીધી અને એ નાનકડા પ્રસંગમાંથી પોતે તો પ્રેરણા લીધી જ પરંતુ સંસારની આગળ એનું સંસ્મરણ કરીને સૌને એની સુવાસ દીધી.

ધન્ય દત્તાત્રેય ! તમને અનેકવાર ધન્યવાદ છે !

આપણે પણ દત્તાત્રેય જેવી ગુણદૃષ્ટિ કેળવીએ તો ? આપણને કેટલો બધો લાભ થાય ? જે ગ્રંથો ને વિદ્યાલયોમાં ના મળે તે જીવનના વ્યવહારમાંથી જ જડી જાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. પિંગલાનો પ્રસંગ

માણસની આંખ જો ઉઘાડી હોય, અને મધમાખીની જેમ એની અંદર સઘળેથી સુવાસ લેવાની કે ગુણ ગ્રહણ કરવાની વૃત્તિ હોય તો, સમસ્ત વિશ્વ એને માટે એક મહાન વિશ્વવિદ્યાલય બની જાય છે. અથવા એનું પોતાનું જીવન જ એક સર્વોત્તમ પાઠશાળા થાય છે. દત્તાત્રેયમાં એવી દૃષ્ટિ ને વૃત્તિ હોવાથી એ એમના જીવનમાં નાની સરખી દેખાતી ઘટનાઓમાંથી પણ સાર તારવી શકેલા ને જીવનોપયોગી સંદેશ ગ્રહણ કરી શકેલા. એ લોકગુરુ બની શક્યા એની પાછળ એ જ રહસ્ય હતું કે ગુરુભાવનો ત્યાગ કરીને સૌથી પહેલાં એ પ્રકાશની પ્રાપ્તિ માટે શિષ્યભાવે જીવતાં શીખેલા. એવી નમ્ર, નિખાલસ, ગુણગ્રાહી વૃત્તિને લીધે જ એ આગળ જતાં વિશ્વવંદ્ય બની શકેલા. એમનું જીવન આપણને એવી સર્વોત્તમ વૃત્તિ કેળવવાનો સંદેશ આપે છે.

એમણે પોતાની એ ગુણગ્રાહી દૃષ્ટિને લીધે એક વેશ્યાને પણ ગુરુ માનેલી.

એ હકીકત જાણવા જેવી છે.

એ વેશ્યાનું નામ પિંગલા હતું. જે નગરમાં એ રહેતી હતી એ નગરમાં એકવાર ભગવાન દત્તાત્રેય જઈ પહોંચ્યા.

પિંગલા નગરમાં પ્રખ્યાત અને ધનવાન હતી. એના રૂપથી આકર્ષાઈને એના સહવાસનું સુખ માણવા નગરના નાનામોટા કેટલાય પુરુષો એની પાસે વાસનાયુક્ત વૃત્તિથી આવ્યા કરતા. પિંગલા એમની લાલસા કે વાસનાને ધન લઈને જુદી જુદી રીતે તૃપ્ત કરતી. એમ કરવામાં એને અસાધારણ આનંદ મળતો.

એવી રીતે એકધારા સતત પ્રવાહની પેઠે વહેતા જતા એના જીવનમાં એકાએક વિક્ષેપ પડ્યો.

એક રાતે પિંગલા પોતાનું મન જેનામાં લાગ્યું હતું તે પ્રેમીને મળવા માટે સંપૂર્ણપણે સર્વોત્તમ શૃંગાર કરીને બનીઠનીને બેઠી.

એના શુભાગમનની પ્રતીક્ષા કરતી, એને માટે અતિશય આતુર બનીને એ અવારનવાર પોતાની આહ્લાદક આકૃતિને દીવાલો પર લટકતા કાચમાં જોવા લાગી.

વચ્ચે વચ્ચે એ દ્વાર તરફ જતી તથા બારીમાંથી બહાર દૃષ્ટિપાત કરતી.

એના ઉરમાં ઉત્સાહ હતો અને અણુએ અણુમાં આશાનો આવિર્ભાવ થયેલો. પરંતુ વખતના વીતવા સાથે એ ઉત્સાહ ઓસરવા માંડ્યો.

મધ્યરાત્રી થઈ ગઈ તો પણ કોઈ આવ્યું નહિ ત્યારે એની વેદના વધી ગઈ.

એને નિરાશા થઈ ને પોતાના જીવન પર કંટાળો આવ્યો. એણે મનોમન ઉદ્ગાર કાઢ્યા :

'ઓહો ! આ આશા તથા તૃષ્ણા જ મને દુઃખી કરી રહી છે. મારું સમસ્ત જીવન મેં ભોગવિલાસમાં વીતાવ્યું ને મારા રૂપ તથા લાવણ્યથી બીજાના મનને મુગ્ધ ને મોહિત કરવામાં પસાર કર્યું છે. આજે મને મારી ભૂલ સમજાઈ છે. આશાની પૂર્તિ થાય છે તો નવી આશા પેદા થાય છે અને એવી રીતે મન અશાંત બને છે, અને એની પૂર્તિ કોઈ કારણે નથી થતી તો પણ વ્યથા થાય છે. એવી રીતે આશા તથા તૃષ્ણા સદાય દુઃખનું કારણ થઈ પડતી હોવાથી તેનો સદાય ત્યાગ કરીને માણસે તૃષ્ણારહિત થઈ જવું જોઈએ. નિરાશા

અથવા તૃષ્ણારહિતતા જ સુખકારક છે. મારો આટલો વખત મેં અજ્ઞાનને લીધે અનિદ્રામાં વ્યર્થ વીતાવ્યો. હવે હું શરીરની મોહિનીનો તથા તૃષ્ણાનો ત્યાગ કરીને શાંતિથી સૂઈ રહીશ.'

એવા એવા વિવિધ વિચારોના વમળમાં વીંટળાયેલી પિંગલાના દિલમાં વૈરાગ્ય થયો, જ્ઞાનનો પાવન પ્રકાશ પથરાયો, અને એને લીધે એની સઘળી ભ્રાંતિ દૂર થઈ.

એ ક્ષણ એના જીવનમાં સમૂળી ક્રાંતિ કરનારી અને આશીર્વાદરૂપ સાબિત થઈ.

એને મળેલો નવો પ્રકાશ એને માટે પતિતપાવન સાબિત થયો.

એને શરીર પરના અલંકારો દૂર કર્યા, શૃંગારને કાઢી નાંખ્યો, સુંદર વસ્ત્રોને ઉતારી નાખ્યાં, ને દ્વાર બંધ કરી તૃષ્ણારહિત થઈને શયનખંડમાં પ્રયાણ કર્યું.

થોડા વખતમાં જ એને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

ભગવાન દત્તાત્રેયને એનું જીવન પ્રેરણાત્મક લાગ્યું. એમણે એના જીવનમાંથી વિષયોની ઉપરામતા તથા તૃષ્ણારહિતતાનો સંદેશ ગ્રહણ કર્યો, અને મંત્ર અપનાવ્યો કે,

'આશા હિ પરમં દુઃખં, નૈરાશ્યં પરમં સુખમ !'

'આશા સૌથી મોટું દુઃખ, નિરાશા છે મોટું સુખ.'

આપણે પણ એવી ગુણગ્રાહી વૃત્તિ કેળવીએ તો ? જીવનમાં કેટલો મોટો લાભ થાય ને જીવન કેવું ઉજ્જવળ બની જાય. દત્તાત્રેયનું જીવન આપણને એ જ સંદેશ પૂરો પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. પરિગ્રહ દુઃખનું કારણ

શ્રીમદ ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યા પ્રમાણે ભગવાન દત્તાત્રેયે મધમાખીને પણ ગુરુ કરી છે.

વનમાં વિહાર કરતાં એક દિવસ એમની દૃષ્ટિ વૃક્ષની ડાળી પરના એક મધપૂડા પર પડી.

અસંખ્ય મધમાખીઓએ એ મધપૂડાની રચના કરેલી, અને એના પ્રત્યેક પરમાણુને રસમય કરવા માટે સહયોગ કરેલો.

કેટલો સરસ, મધુમય હતો એ મધપૂડો ?

મધમાખીઓ એને ભારે મમતાથી વળગીને એનો રસાસ્વાદ લેતી એની ઉપર અને આજુબાજુ ફર્યા કરતી.

એથી એમને ઊંડી તૃપ્તિ મળતી.

પરંતુ એમના સુખ, સંતોષ અને આનંદનો થોડો જ વખતમાં અંત આવ્યો.

જોતજોતામાં તો ત્યાં એક પુરુષ આવી પહોંચ્યો. એણે ધૂમાડો કરીને તથા બીજા ઉપાયોથી માખીઓને અળગી કરી, ને મધપૂડાને લઈ લીધો.

માખીઓનું કાંઈ જ ના ચાલ્યું. એ નિરાશ તથા દુઃખી થઈને જોતી જ રહી, અને એ પુરુષ એમના દિવસોના પરિશ્રમથી પેદા કરેલા મહામોંઘા સંચિત ધનભંડારને લઈને વિદાય થયો.

એ બધું જોઈને દત્તાત્રેય ઊંડા વિચારમાં પડી ગયા. મધમાખીઓને ગુરૂ માનીને એમની પાસેથી સદુપદેશ ગ્રહણ કરતાં એ મનોમન બોલ્યા કે પરિગ્રહ માત્ર દુઃખ અથવા ચિંતાનું કારણ થઈ પડે છે. માણસ પણ આવી રીતે સુખોપભોગની ભાવનાથી પ્રેરાઈને જુદી જુદી જાતનો સંગ્રહ કર્યા કરે છે, પરંતુ એ બધા પરિગ્રહનો ભોગ એના ભાગ્યમાં ભાગ્યે જ લખાયેલો હોય છે. કાળ એને એના ઉપભોગથી વંચિત રાખે છે. પરિગ્રહ કરાયેલા ભોગ કે પદાર્થોનો પરિત્યાગ કરીને એ ચાલતો થાય છે, અથવા કોઈવાર એ પદાર્થો એને છોડીને ચાલ્યા જાય છે.

દત્તાત્રેયે સંકલ્પ કર્યો કે કોઈપણ પદાર્થની મમતા ના કરવી અને અપરિગ્રહની વૃત્તિને પોષવી ને કાયમ રાખવી.

એનો સંકલ્પ કરીને એ આગળ વધ્યા.

અપરિગ્રહ અને નિર્મમતાનો એ સંકલ્પ સૌને કામનો છે. અપરિગ્રહનો સંદેશ ઘણો પ્રાચીન છતાં સનાતન સંદેશ છે, અને આજના જમાનામાં તો એનું મહત્વ સવિશેષ છે. પરિગ્રહવૃત્તિ વ્યક્તિ તેમજ સમષ્ટિને માટે ભારે દુઃખદાયક, અમંગલ અને અશાંતિકારક થઈ પડે છે એ હકીકત તો થોડોક વિચાર કરવાથી સહેજે સમજી શકાય તેવી છે.

પરિગ્રહ કરેલા ભોગપદાર્થોનો ત્યાગ કરવો પડે કે કાળ એમનો કોળિયો કરે તે પહેલાં એમનો બનતો સદુપયોગ કરી લેવાય તો સારું છે. એને માટે આપણને સૌને સાવધાન કરતાં પેલા ભક્તકવિએ મધમાખીનું જ ઉદાહરણ આપતાં કહ્યું છે :

'માખીએ મધ ભેળું કીધું,

ન ખાધું ના ખાવા દીધું,
લૂટનારે લૂંટી લીધું રે, પામર પ્રાણી !
ચેતે તો ચેતાવું તને રે, પામર પ્રાણી !

કવિએ સીધી રીતે અને દત્તાત્રેય ભગવાને આડકતરી રીતે જે ચેતવણી આપી છે તે ચેતવણીને જીવમાત્રે લક્ષમાં લેવાની તથા તે સંબંધી ઘટતું કરવાની જરૂર છે. તેમ કરવાથી સૌનું કલ્યાણ જ થશે. અકલ્યાણ તો નહિ જ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. બહારની સિદ્ધિઓ

ભગવાન બુદ્ધના વખતમાં ભાતભાતના તપસ્વી કે યોગીઓ વાસ કરતા.

એમનામાં કેટલાક તો લોકસમૂહથી દૂર એકાંતમાં રહીને કઠોર નિયમો તથા વ્રતોનું પાલન કરતાં તેમજ અનેક પ્રકારના અટપટા અનુષ્ઠાનોનો આધાર લઈ પોતાનો વખત નિર્ગમન કરતા.

કઠોર સાધનોનો આશ્રય લેનારા એ યોગીઓમાંના કોઈ કોઈને ઘણા અનુયાયીઓ, પ્રશંસકો ને શિષ્યો હતા. એ એમની અસાધારણ શક્તિ કે સિદ્ધિઓથી ચકિત થતા. એમની પ્રશંસા કરતા અને એમને પૂજતા પણ ખરા.

કેટલાક તપસ્વીઓ અને યોગીઓ એમની સિદ્ધિઓનો ગર્વ પણ રાખતા. પોતાના કરતા સાધારણ, સિદ્ધિઓ વગરના સાધકો અને સંતોને એ તુચ્છ લેખતા.

આત્મકલ્યાણ, આત્મચિંતન, આત્માનુસંધાન અને આત્મસાક્ષાત્કાર કરતાં અવનવી સિદ્ધિઓની પ્રાપ્તિને એ વધારે મહત્વ આપતા, એ સિદ્ધિઓની પ્રાપ્તિ જ એમનું લક્ષ્ય રહેતું. સિદ્ધિઓની પ્રાપ્તિને માટે અને એ સિદ્ધિઓનું પ્રદર્શન કરીને લોકોને ચકિત કરવા માટે જ સાધના, તપશ્ચર્યા કે ઉપાસના છે એવી એમની માન્યતા હતી. એને લીધે એમનો સમસ્ત પુરુષાર્થ એ જ હેતુની સિદ્ધિ માટે વપરાયા કરતો.

બુદ્ધને એવા સિદ્ધિપ્રાપ્ત યોગી પુરુષનો મેળાપ અવારનવાર થયા કરતો.

કોઈ કોઈ એમના સંસર્ગથી પલટાતા પણ ખરા, તો કોઈ બીજા એમની ઉપર પોતાનો પ્રભાવ પાડીને એમને પોતાના શિષ્ય બનાવવાનો પ્રયાસ પણ કરતા રહેતા.

પરંતુ એ સફળ થવાને બદલે બુદ્ધના વિરાટ વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને પાછા ફરતા. બુદ્ધની પાસે જ એક વિશેષ જીવનદર્શન હતું. તે એમને સઘળા સંજોગોમાં જાગૃત રાખીને એમની પોતાની તો રક્ષા કરતું જ પરંતુ બીજા અનેકને માટે પણ ઉપયોગી ઠરતું. બીજા અનેકના જીવનપરિવર્તનમાં એ મદદરૂપ બનતું.

એકવાર એમની પાસે એક યોગીએ આવીને કહેવા માંડ્યું, 'યોગની સાધના કરીને મેં અત્યંત વિલક્ષણ શક્તિ મેળવી છે.'

'મેળવી હશે.' બુદ્ધે કહ્યું.

તમને ખબર નહિ હોય પરંતુ એ શક્તિની પ્રાપ્તિ કરતાં મને લાંબો વખત લાગ્યો છે.' પેલા યોગીએ ઉત્સાહથી ઉભરાઈને પોતાની વાતના અનુસંધાનમાં આગળ કહ્યું.

'લાંબો વખત એટલે કેટલો વખત ?'

'પૂરાં બાર વરસ. બાર વર્ષ સુધી કઠોર તપ કરીને મેં એ સિદ્ધિની પ્રાપ્તિ કરી છે. નજરે જોયા વિના વિશ્વાસ કદાચ નહિ બેસે એટલે એ સિદ્ધિનો ચમત્કાર તમને તમારા શિષ્યોની હાજરીમાં પ્રત્યક્ષ બતાવવા માંગુ છું.'

'તમારે એનો પ્રયોગ કરી બતાવવો હોય તો મને એને જોવામાં કશી હરકત નથી.'

બીજે દિવસે નિશ્ચિત સમયે એ યોગીની સમસ્ત શિષ્યમંડળી એકઠી થઈ. ભિક્ષુઓ પણ ભેગા થયા. એક બાજુ બધાની વચ્ચે ભગવાન બુદ્ધ બેસી ગયા. અને એ યોગી પણ આવી પહોંચ્યા.

યોગીએ જણાવ્યું :

'તમે જેની કલ્પના યે નહિ કરી હોય એવી સિદ્ધિની મેં પ્રાપ્તિ કરી છે. એને જોઈને તમે સૌ આશ્ચર્યચકિત બની જશો અને મારા શિષ્યો થશો, એવો પ્રયોગ હવે તમારી આગળ કરી બતાવું છું.'

યોગીનો એ વિલક્ષણ શક્તિ પ્રયોગ જોવા સૌ ઉત્સુક બની ગયા. ભગવાન બુદ્ધ સિવાય બધાની જિજ્ઞાસા વધી ગઈ.

યોગીએ સૌના કુતૂહલને સંતોષવાની તૈયારી કરી. ભગવાન બુદ્ધ તરફ ગૌરવ તથા ગર્વથી ભરેલી દૃષ્ટિથી જોઈને એ સામેની નદી તરફ આગળ વધ્યા. જોતજોતામાં તો એ નદીના ઊંડા પાણી પર પગ મૂકીને જમીન પર ચાલે તેમ કોઈ પણ જાતના સંકોચ વિના ચાલવા માંડ્યા. નિમીષમાત્રમાં નદી પાર કરીને એ સામે કિનારે જઈને થોડીવાર ઊભા રહ્યાં ને ફરી પાછા એ જ પ્રમાણે નદીના પ્રબળ વેગથી વહેતા પાણી પરથી ચાલીને બીજી જ બાજુ સૌની આગળ આવી પહોંચ્યા.

સૌના વિસ્મયનો પાર ન રહ્યો. સૌએ હર્ષધ્વનિ કર્યો.

કેવળ ભગવાન બુદ્ધ શાંત રહ્યા એમને શાંત જોઈને યોગીએ પૂછ્યું:

'તમને મારી સિદ્ધિ ના ગમી ?'

'ગમી.'

'તો પછી ? તમે બીજાની પેઠે મને ધન્યવાદ કેમ નથી આપતા ? તમને મારી ઈર્ષા થાય છે ? કે પછી તમારા શિષ્યો મારા શિષ્યો બની જશે એવો ભય લાગે છે ?'

'મને એવો ભય લેશ પણ નથી થતો. મને તો એ જાણીને દુઃખ થાય છે કે આવી સાધારણ શક્તિને મેળવવા માટે તમે બાર વરસનો લાંબો વખત વિતાવી દીધો.'

'નદીના પાણી પર પગ મૂકીને ચાલવાની શકિત શું સાધારણ કહેવાય ?' યોગીને હવે ક્રોધ થયો. પરંતુ બુદ્ધે શાંતિથી કહ્યું :

'હા. એકદમ સાધારણ કહેવાય. નાવમાં બેસીને થોડી જ વારમાં નદી પાર જઈ શકાય છે. પછી આવી શક્તિ શા માટે મેળવવી ? અહંકારની નદીમાં મમતાના મગરમચ્છ, રાગદ્વેષના ખાડા તેમજ કામક્રોધના કુંડાળા છે. એ નદીને સંયમ, શીલ અને જ્ઞાન તથા સદાચારની મદદથી પાર કરવાની કળા શીખવાની જરૂર છે. ત્યારે જ શાંતિ મળી શકે. બુદ્ધને એ નદી પાર કરવામાં વધારે રસ છે.'

યોગીનો ગર્વ ગળી ગયો. એ બુદ્ધનો શિષ્ય બન્યો.

બહારની સિદ્ધિઓ ખોટી નથી. એ એકદમ અનાવશ્યક છે એવું પણ નથી. એમનું મહત્વ એમના સ્થાનમાં છે જ. પરંતુ એમના મોહમાં પડીને અને એમને વધારે પડતું મહત્વ આપીને તથા સાધનાનું મહત્વ સર્વસ્વ ગણીને સાધક પોતાની અંદરની આત્મસિદ્ધિ પ્રત્યે ઉદાસીન બને ને ઈશ્વરવિમુખ થાય એ જરાય આવકારદાયક નથી. એ સદા યાદ રહેવું જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. બાઈબલની ઘટના

બાઈબલમાં એક નાનો સરખો છતાં યાદગાર પ્રસંગ આવે છે.

પ્રસંગ નાનો છે-પણ એની અસર ઘણી મોટી છે.

એ પ્રસંગ વગર ઈશુના જીવનનો પ્રવાહ જુદી જ રીતે વહ્યો હોત. માત્ર ઈશુના જીવનનો જ નહિ, પરંતુ આખા ખ્રિસ્તી ધર્મનો પ્રવાહ.

વાત એવી છે કે ઈશુના દસ શિષ્યો ઈશુ પર પ્રેમ રાખતા. એને પરમેશ્વર માનતા. દશેના દિલમાં ઈશુને માટે શ્રદ્ધાની અખંડ જ્યોત જલ્યા કરતી. ઈશુને માટે એમને અત્યંત આદર અને ફના થઈ જવાની, સર્વસમર્પણ કરવાની વૃત્તિ હતી.

એક દિવસ પર્વત પરના પોતાના સ્થાનમાં બધા શિષ્યો ઈશુને વીંટળાઈને બેઠા હતા. એકાએક વાર્તાલાપ ચાલ્યો અને ઈશુએ ધડાકો કર્યો, 'તમારા બધામાં જે મારો સૌથી પ્યારો શિષ્ય છે, તે જ મને પકડાવી દેશે. મને પકડવા માંગનારા સાથે તે મળી જશે, ને મને દગો દેશે.'

બધા એકમેક સામે જોવા લાગ્યા. બધાંના મોં ઉતરી ગયાં. ઈશુ આ શું કહે છે ? એ ખોટું તો કહે નહીં. એ તો સ્પષ્ટ અને સત્યવક્તા છે. તો પછી ? એમના કહ્યા પ્રમાણે એમને દુશ્મનના હાથમાં પકડાવી દેનાર શિષ્ય આપણામાંથી કયો હશે ? એવું હલકું કર્મ કોણ કરશે ?

કોઈએ કહ્યું, 'પ્રભુ, અમારામાંથી તો કોઈ તમોને નહીં પકડાવે. એવું નીચ કર્મ અમારામાંથી કોઈ ન કરે. એવા કર્મની કલ્પનાય ન કરી શકે. તમે આ શું કહી રહ્યા છો ?'

'હું જે કહું છું તે સાચું જ કહું છું.' ઈશુએ કહ્યું, 'ભવિષ્યને હું મારી દિવ્ય દૃષ્ટિથી જોઈ શકું છું. એમાં ફેર નહિ પડે. ઈશ્વરે એ જ નિર્માણ કરેલું છે.'

પછી બોલનારા સામે જોઈ એમણે કહ્યું, 'તું જ મને પકડાવશે.'

'હું ?'

'હા, તું જ જુડાસ.'

'બને જ નહિ. મારો પ્રાણ ચાલ્યો જાય તો પણ હું તમને ન પકડાવી શકું. હું તમને કેટલે બધો ચાહું છું, તે તમને ખબર છે ?'

'ખબર છે.' ઈશુએ શાંતિથી કહ્યું. 'પરંતુ વખત આવ્યે, તું જ મને પકડાવશે. મારે માટેની છૂપી બાતમી, વિરોધીઓને તું જ આપશે.'

'એ બને જ નહિ, કોઈ ઉપાયે બને જ નહિ.' જુડાસ તે સાંભળી રડી પડ્યો.

એ વાતને થોડા દિવસ થયા ને તેની બુદ્ધિ બગડી. વિરોધીઓ સાથે એ મળી ગયો, ને કહેવા લાગ્યો, 'ઈશુને પકડવામાં હું તમને મદદ કરી શકું તેમ છું. મને એના સંતાવાના સ્થાનની ખબર છે. મારામાં વિશ્વાસ રાખો.'

વિરોધીઓને જોઈતી વસ્તુ મળી ગઈ. એમને સાથે લઈ, જુડાસ પર્વતના એ જ એકાંત સ્થાનમાં આવી પહોંચ્યો. ઈશુની સામે આંગળી ચીંધી. બોલ્યો, 'નાઝરથનો ઈશુ આ જ છે, એને પકડી લો.'

ઈશુએ સ્મિત સાથે એનો સત્કાર કરતાં કહ્યું, 'આખરે તું આવી પહોંચ્યો ને ? હું તારી રાહ જોતો'તો. ઈશ્વરની ઈચ્છા જ છેવટે વિજયી થાય છે. તું તો તેમાં નિમિત્ત માત્ર છે.'

ધન્ય ઈશુ ! કસોટીના કપરા કાળમાં પણ તમે એવા જ શાંત અને નિર્વિકાર તથા અચલ રહ્યા. તમારા મનોબળને ધન્ય છે !

પછીનો ઈતિહાસ જાણીતો છે. ઈશુને વધસ્તંભ પર લટકાવી ઘાતકી રીતે મારી નાંખવામાં આવ્યા. એ આપણે જાણીએ જ છીએ.

જુડાસને થયે તો કેટલાંય વર્ષો થઈ ગયાં. પરંતુ એના વંશજો હજુ નથી મર્યા. વ્યક્તિ તથા સમષ્ઠિના તે છૂપા શત્રુ છે. તેમનું શરીર આ ધરતી પર હરતુંફરતું હોય છે, પરંતુ મન કે હૃદય બહારથી પ્રેરણા મેળવતું હોય છે. તેમની દેશભક્તિ સદાય સ્વાર્થી અને પોલી હોય છે. એમના વચન અને વર્તન વચ્ચે આભજમીનનો ફેર હોય છે. ને ભૂલેચૂકે પણ એમનામાં વિશ્વાસ નથી રાખી શકાતો. દેશની તરફ તે હંમેશા સાવકી માના જેવું વર્તન રાખે છે. દેશને માથે આફત ઉતરી છે ત્યારે, એવા એક નહિ પણ અનેક જુડાસોથી ચેતતા રહેવાની જરૂર છે. દેશની મહામૂલી આઝાદીનો તેઓ સોદો કરવા માંગે છે. આક્રમણખોરની મદદે દોડવાની એમને ટેવ છે. એવા જુડાસોએ હવે ચેતી જવું જોઈશે. અને લોકોએ પણ એમને ઓળખી લઈને, એમનાથી સાવધ રહેવું પડશે. દેશ ત્યારે જ સલામત રહી શકશે અને આગળ વધશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. શક્તિ અને શંકરાચાર્ય

ભારતના જ નહીં પરંતુ સમસ્ત સંસારના આધ્યાત્મિક જગતના મહાન જ્યોર્તિધર શ્રી આદ્ય શંકરાચાર્ય.

હિંદુ ધર્મના વિશાળ વ્યોમમાં જ્યારે વિપત્તિના વાદળાં છવાઈ ગયેલાં અને ધર્મનું સાચું સ્વરૂપ ભૂલાઈ ગયેલું ત્યારે એ અસાધારણ પ્રતિભાસંપન્ન શક્તિશાળી જ્યોર્તિધરનું પ્રાકટ્ય થયું, અને એ પ્રાકટ્ય સમસ્ત દેશને માટે અમુલખ આશીર્વાદરૂપ થઈ પડ્યું. બત્રીસ વરસની નાની વયમાં એમણે કરેલું વિવિધલક્ષી લોકકલ્યાણનું કાર્ય આજે પણ અમર છે, એવું જ પ્રાણવાન છે, અને એમના પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરે છે.

એ મહાપુરુષના જીવનની એક પ્રેરણાત્મક વાત છે.

એ વાત શાંતિથી સમજવા જેવી છે.

કહે છે કે એકવાર ભારતવર્ષના પોતાના પ્રવાસ દરમિયાન ફરતા ફરતા એ વૈષ્ણવી દેવી આવી પહોંચ્યા.

વૈષ્ણવી દેવી કાશ્મીરનું મોટું તીર્થધામ ગણાય. દર વરસે નવરાત્રીના દિવસોમાં ત્યાં મોટો મેળો ભરાય. દેશના વિભિન્ન વિભાગોમાંથી લોકો ભારે ઉત્સાહ સાથે ત્યાં ભેગા થાય.

કાશ્મીરમાં શક્તિ ઉપાસનાનું જોર વધારે. શંકરાચાર્યે શુદ્ધ આત્મજ્ઞાનની પ્રતિષ્ઠા માટે એ ઉપાસનાની વિરુદ્ધ પંડીતો સાથે શાસ્ત્રાર્થ કરવા માંડ્યો.

એ શાસ્ત્રાર્થને લીધે પંડિતો અને ઉપાસકોમાં ખળભળાટ મચી ગયો.

શંકરાચાર્યની પ્રખર તર્કશક્તિ કે મેધા આગળ પંડિતો ટકી ના શક્યા તો પછી સામાન્ય જનતાનું તો કહેવું જ શું ? એમની શ્રદ્ધા હાલવા માંડી.

લોકોને લાગ્યું કે કાશ્મીરમાંથી શક્તિ સંપ્રદાયનો નાશ થઈ જશે. આ સંન્યાસીનું આગમન એટલા માટે જ થયું લાગે છે. એ શક્તિનું ખંડન કરે છે ને શક્તિ ઉપાસનાની વિરુદ્ધ એવી અકાટ્ય દલીલો કરે છે કે અસાધારણ કહેવાતા વિદ્વાનો પણ એમના ઉત્તરો નથી આપી શકતા.

કાશ્મીરના ખૂણેખૂણેથી વૈષ્ણવી દેવીમાં ટોળે વળેલા વિદ્વાનો નિરાશ થઈ થઈને પાછા ફરવા માંડ્યા.

એ દિવસોમાં એક અદ્દભૂત બનાવ બન્યો.

વધારે પડતા પરિશ્રમને લીધે કે કાશ્મીરનું પાણી માફક ન આવવાથી, ગમે તે કારણે, શંકરાચાર્યનું સ્વાસ્થ્ય બગડ્યું અને એમને તાવ આવવાથી એ પથારીવશ બની ગયા. એમને માટે વાદવિવાદ કે શાસ્ત્રાર્થ કરવાનું તો ઠીક પરંતુ હરવા-ફરવાનું પણ મુશ્કેલ બની ગયું.

થોડાક દિવસો એવી અસ્વસ્થ દશામાં પસાર થઈ ગયા પછી એક દિવસ વહેલી સવારે એમની આગળ એક નવેક વરસની વયની તેજસ્વી કન્યા આવી.

એ એમને પ્રણામ કરીને બોલી, 'હું તમારું દર્શન કરવા ને તમારો શાસ્ત્રાર્થ સાંભળવા આવી છું પરંતુ તમે તો સૂઈ રહ્યાં છો. તમે હરતાફરતા કેમ નથી ?'

'મારામાં શક્તિ નથી.' શંકરાચાર્યે ઉત્તર આપ્યો.

'શક્તિ નથી ? તમે શક્તિમાં માનો છો ?'

'કેમ ના માનું ? મારામાં શક્તિ નથી એટલે તો પથારીમાં પડ્યો છું. ને મારી બધી જ બાહ્ય પ્રવૃત્તિઓ બંધ પડી છે.'

'એમ ?' છોકરી બોલી, 'મને તો એવું લાગતું'તું કે તમે શક્તિમાં નહિ માનતા હો. માટે તો તમે પંડિતોની શ્રદ્ધાને હલાવવા માટે શાસ્ત્રાર્થ દ્વારા પ્રવૃત્તિ કરી રહ્યા છો. કાશ્મીરમાં આવીને તમે શક્તિમાર્ગનું ખંડન કરો છો એથી મને આશ્ચર્ય થાય છે કે શક્તિમાં માનતા હોવા છતાં એવું અનર્થકારક કામ કેવી રીતે કરી શકો છો ?'

શંકરાચાર્ય તો છોકરીના શબ્દો સાંભળીને વિસ્મય પામ્યા. એમને થયું કે છોકરી કોઈ સાધારણ છોકરી નથી.

ત્યાં તો કન્યાએ કહ્યું, 'તમે મને નથી ઓળખી શક્યા પરંતુ હું વૈષ્ણવી દેવી પોતે છું. તમને દર્શન આપવા આવી છું.'

'વૈષ્ણવી દેવી ?'

'હા, વૈષ્ણવી દેવી.'

કન્યાના શરીરમાંથી પ્રકાશનાં કિરણો ફૂટ્યાં. શંકરાચાર્યને શંકા ના રહી કે પોતાની આગળ સાક્ષાત દેવી જ મૂર્તિમંત થઈ છે.

દેવીને એ પગે લાગ્યા એટલે દેવીએ કહ્યું, 'શંકર, મેં તને મારા મહિમાનું ભાન કરાવવા જ તાવ લાગુ કરીને પથારીવશ કર્યો છે. તું મને નથી માનતો પણ હવે સમજી શકીશ કે હું તારા કરતાંય વધારે વાસ્તવિક છું. શક્તિ સંપ્રદાયમાં અને દેવીની ઉપાસનામાં કોઈક દોષો જરૂર હશે. તે દોષો પ્રત્યે લોકોનું લક્ષ ખેંચવાને બદલે તું તે ઉપાસના તથા સંપ્રદાયનું જ નિકંદન કાઢવા માગે છે તેથી લોકોનું યથાર્થ હિત નહિ થાય.'

શંકરાચાર્યને નવી જ દૃષ્ટિની પ્રાપ્તિ થઈ. એમણે દેવીની સ્તુતિ કરી.

દેવીએ આશીર્વાદ આપતાં કહ્યું, 'તારો તાવ મારી કૃપાના પરિણામરૂપે આજથી જ મટી જશે, પણ તું હવે વધારે ખંડન ના કરીશ.'

અને દેવી અંતર્ધાન થઈ ગઈ.

એ પછી શંકરાચાર્યનું સ્વાસ્થ્ય સુધરી ગયું. એમણે શક્તિધર્માવલંબી પંડિતો સાથેનો શાસ્ત્રાર્થ માંડી વાળ્યો. એને બદલે દેવી પ્રત્યેના ભક્તિભાવ ભરેલું સુંદર સ્તોત્ર રચ્યું. થોડા દિવસો પછી એમણે કાશ્મીરની વિદાય લીધી.

વૈષ્ણવી દેવીની એ કથાથી ઉત્સાહિત થઈને આજે પણ લાખો ભાવિકો એની યાત્રા કરે છે અને એને પોતાની અંજલિ ધરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. ખુદાનું ઘર ક્યાં નથી ?

શીખ ધર્મના મહાન સંસ્થાપક ગુરુ નાનકદેવ.

એમની ઉપદેશ આપવાની પદ્ધતિ એમના જીવન જેવી જ વિલક્ષણ હતી.

એનો પરિચય કરાવતા એક સુંદર સારવાહી પ્રસંગનું સ્મરણ કરીએ.

એમના શિષ્ય ને સેવક મરદાનાએ એકવાર કાબાના દર્શન કરવાની ઈચ્છા પ્રદર્શિત કરવાથી એ એને તથા લાલુને લઈ હજ કરવા માટે ચાલી નીકળ્યા.

એમદાબાદ, વજીરાબાદ, ડેરા ઈસ્માઈલખાન, શિકારપુર તથા હૈદરાબાદ થઈને ધર્મપ્રચાર કરતા એ કરાંચી પહોંચ્યા. અને પછી બલુચિસ્તાનને રસ્તે થઈને સંવત ૧૫૭૫માં મક્કા શરીફમાં પહોંચ્યા. એમણે ફકીરોનો લીલો ઝભ્ભો પહેરેલો, હાથમાં કમંડળ જેવું પાત્ર રાખેલું, ને નમાઝ પઢવાની સાદડી લીધેલી.

મક્કા શરીફમાં આવીને એ ખૂબ જ થાકી ગયા હોવાથી ત્યાંની પ્રખ્યાત મસ્જિદમાં સૂઈ ગયા. જોતજોતામાં એમને ઊંઘ આવી ગઈ. એમને ખબરે ના પડી ને ઊંઘની એ અચેતાવસ્થામાં એમના પગ કાબા તરફ થઈ ગયા.

સવારે ત્યાંના મુજાવરે એ જોયું તો એના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે કઠોર સ્વરે કહ્યું, 'અરે કાફર, તું ખુદાના ઘર તરફ પગ રાખીને સૂતો છે તેની તને ખબર છે ?'

નાનકદેવે પોતાની ભૂલ થઈ છે એમ જણાવ્યું. પરંતુ એથી મુજાવરનો ગુસ્સો ના શમ્યો. એ જેમ ફાવે તેમ બોલવા લાગ્યો એટલે નાનકદેવે કહ્યું, 'ભાઈ, તું મારા પર આટલો બધો ગુસ્સે થાય છે પરંતુ તું જ બતાવ કે ખુદાનું ઘર ક્યાં નથી ! તો હું મારા પગ ફેરવી લઉં અને એ તરફ રાખું.'

એટલી વારમાં એ કોલાહલ સાંભળી ત્યાં રૂકિમદીન મુફ્તી આવ્યા. ગુરૂ નાનકદેવને ઉદ્દેશીને બોલ્યા, 'તમારા વેશ પરથી તમે ફકીર છો એવું અનુમાન કરી શકાય છે. તમે કયા ધર્મના છો ?'

'ભાઈ, હું તો સમસ્ત સૃષ્ટિના સ્વામી ખુદાના ધર્મનો છું.' નાનકે સ્પષ્ટ કર્યું ને કહ્યું, 'એ ખુદા એક જ છે, જન્મ ને મૃત્યુથી પર છે, અખંડ, અદ્વિતિય અને સર્વવ્યાપી છે.'

'તો તો તમે મુસલમાન લાગો છો કારણ કે એક અલ્લામાં જ વિશ્વાસ રાખો છો.'

'એવાં કોઈ નામ મને નથી ગમતાં, હું તો ખુદાનો એક નાનો બંદો છું. અને એના હુકમને જ અનુસરું છું.'

'તમારી વાત તો કલમાની વાતને મળતી આવે છે. તમે મુસલમાન કેમ નથી થતા ?'

નાનકે કહ્યું, 'વેદો પણ એ એક જ ઈશ્વરના ગુણ ગાય છે. અને એ એક જ પરમાત્માનું પ્રતિપાદન કરે છે. પછી હું મારી જાતને હિંદુ શા માટે ના કહું ? સત્ય તો ત્રિકાલાબાધિત કે શાશ્વત છે. જેને એની અંદર શ્રદ્ધા છે તે તો સર્વત્ર ને પ્રતિક્ષણ એનો જ અનુભવ કર્યા કરે છે. બહારના મતમતાંતરોની મોહિનીમાં એ નથી પડતો. તમે મસ્જીદને ખુદાનું ઘર કહો છો પણ શું બીજે બધે ખુદાનું અસ્તિત્વ નથી ? જેની દૃષ્ટિ દૈવી છે તે તો કણેકણમાં ખુદાના ઘરનું દર્શન કરે છે. તમે ખુદાને એક કહો છો તો પછી બીજા ધર્મવાળાને ધિક્કારની નજરે જોવાને બદલે પ્રેમની નજરે શા માટે નથી જોતા ?'

નાનકદેવના એ સદુપદેશથી મુફ્તી તથા બીજા બધાને ઘણો આનંદ થયો. એમણે નાનકદેવને કુરબાનીમાં ભાગ લેવાનું આમંત્રણ આપ્યું. એનો અસ્વીકાર કરતાં નાનકદેવે કહ્યું, 'મારાથી એવી કુરબાનીમાં ભાગ નહિ લઈ શકાય. તમારા શરીરને લોહીનું ટીપું પણ અડે છે તો તમે નાપાક થઈ જાવ છો. તો પછી છરી મારીને તમે ખુદાને પ્રસન્ન કેવી રીતે કરી શકો ? આપણે મન વચન કર્મથી નિર્દોષ રહેવું જોઈએ. બકરાને મારવામાં કુરબાની નથી સમાયેલી. સાચી કુરબાની તો પારકાના ભલાને માટે પોતાની જાતને ઘસી નાંખવામાં ને ફના કરવામાં છે. તમે જે બકરાને મારો છો તેમાં શું ખુદાનું ઘર નથી દેખાતું ? ખુદા ખલકથી જુદો નથી. અલ્લા અણુઅણુમાં રહ્યો છે, એ એની કૃપાથી સમજાય છે. વેદ-કુરાન વાંચવાથી આત્માને પરમ શાંતિ નથી મળતી, પરંતુ પરમાત્માના અનુભવથી મળે છે. એ અનુભવ ભક્તિથી થઈ શકે છે. પવિત્રતા, અહંકારનો ત્યાગ, દિલની સચ્ચાઈ, સમદૃષ્ટિ અને ઈશ્વરનું સતત સ્મરણ ખુદાના ઘરમાં પહોંચાડી શકે છે. એ ઘર સંસારમાં સર્વત્ર ફેલાયેલું છે.'

નાનકદેવની વાત મુફ્તીના ગળે ઉતરી ગઈ. એવી રીતે સૌને ગળે ઉતરી જાય તો ? ધર્મ, સંપ્રદાય અને મતમતાંતરના નામે દેખાતી કટુતા, ઘર્ષણ, ધિક્કાર અને પશુતા સહેલાઈથી શમી જાય ને માનવ માનવને માટે અભિશાપરૂપ થવાને બદલે આશીર્વાદરૂપ થાય.



☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. ગુરુનું બલિદાન

શીખ ધર્મના ઈતિહાસમાં નવમા ગુરુ ઘણા પ્રતાપી થઈ ગયા. એ ગુરુ અત્યંત તેજસ્વી હોવા ઉપરાંત શાંતિ તેમજ સહનશક્તિના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા.

એમના ભત્રીજાએ એમને ગોળીથી ઘાયલ કર્યા તો પણ એમણે શાંતિ જાળવી રાખી. શીખો એને પકડીને એમની પાસે લાવ્યા ત્યારે એમણે એને મોટું દિલ રાખી ક્ષમા આપી.

એ ગુરુએ કેટલાંય લોકોપયોગી કામો કરવા માંડ્યાં.

એ વખતે દિલ્હીમાં ઔરંગઝેબનું શાસન ચાલી રહ્યું હતું. ઔરંગઝેબ ધર્માંધતા તથા ધાર્મિક ઝનૂનથી પ્રેરાઈને પંજાબ તથા કાશ્મીરમાં હિંદુઓ પર જુલમો ગુજારી રહેલો.

ત્યાંની હિંદુ જાતિ એની જોહુકમી અને યંત્રણાથી પીડિત થયેલી ને ત્રાસી ગયેલી.

ગુરુ જ્યારે ફરતાં ફરતાં પંજાબ આવ્યા ત્યારે ત્યાંના ત્રસ્ત લોકોએ એકઠા થઈને એમને પોતાની રક્ષા કરવા પ્રાર્થના કરી. એમના સુપુત્ર ગોવિંદસિંહે પણ એ પ્રાર્થનાને અનુમોદન આપ્યું ને વધુમાં જણાવ્યું કે આ ઘોર કલિયુગમાં તમારા જેવા કે તમારાથી વધારે પવિત્ર ને પરોપકારી પુરુષ બીજા કોઈ જ નથી. માટે લોકોની લાગણીને લક્ષમાં લઈને તમે ધર્મની રક્ષા જરૂર કરો.

ગુરુ લોકવાણીનો અનાદર કરી શક્યા નહિ.

એ ધર્મની રક્ષા કરવા તૈયાર થયા.

એમના શિષ્યો, ભક્તો ને પ્રશંસકોએ એમની સંમતિથી ઔરંગઝેબને કહેવડાવ્યું કે અમારા પ્રતાપી ગુરુ પોતે જ જો મુસલમાન બની જાય તો અમે બધા પક્ષ એક સાથે હિંદુ કે અન્ય ધર્મનો ત્યાગ કરી મુસલમાન બનવા તૈયાર છીએ.

ઔરંગઝેબને એ પ્રસ્તાવ પસંદ પડ્યો. એણે એને પૂરો કરવાની યોજના ઘડી કાઢી, અને એ યોજનાનુસાર ગુરુને દિલ્હી બોલાવ્યા.

ગુરુને એણે કોઈક કરામત કે ચમત્કાર કરી બતાવવાનું કહ્યું.

ગુરુએ કહ્યું, 'મને કરામત બતાવવાની ઈચ્છા નથી, મારામાં એવી કોઈ શક્તિ પણ નથી. કરામત તો ઈશ્વર કરે છે. ઈશ્વરની દુનિયા કરામતોથી ભરેલી છે એમની આગળ બીજાથી શી કરામત કરી શકાય ? હું તો એમનો સાધારણ બાળક છું. કરામત કરી બતાવવી એ તો ઈશ્વરની વ્યવસ્થામાં વિક્ષેપ પાડવા બરાબર છે.'

ઔરંગઝેબે ગુસ્સે થઈને કહ્યું, 'તો પછી ઈસ્લામનો સ્વીકાર કરો.'

'ઈસ્લામનો સ્વીકાર તો કેવી રીતે કરી શકાય ? હું તો શુદ્ધ સનાતન ધર્મમાં શ્રદ્ધા રાખું છું. એનું અમૃત મારા અંગેઅંગમાં વ્યાપી રહ્યું છે. ધર્મ તો એક નૌકા સમાન છે. એ નૌકામાં બેસી સમુદ્રની વચ્ચે જઈને કોઈ નીચે ન ઊતરી શકે.'

'તો પછી એનું પરિણામ ખબર છે ? તમારું માથું ધડ પર નહિ રહે.'

'ઈશ્વરની ઈચ્છા એવી હોય તો ભલે એમ થાય. મને તેનો ભય નથી. ધર્મની નિષ્ઠા માટે કદાચ મરવું પડશે તો તે મૃત્યુ મંગલમય થઈ પડશે.'

બંનેની વચ્ચે બીજી દલીલો થઈ છતાં ગુરુ મક્કમ જ રહ્યા એટલે ઔરંગઝેબની આજ્ઞાથી એમને કારાવાસમાં ધકેલી દેવામાં આવ્યા.

બે માસ સુધીનો કારાવાસનો કપરો કાળ પૂરો થયા પછી એમને દેવાયેલા દેહાંતદંડનો અમલ કરવા જલ્લાદ આવી પહોંચ્યો.

ગુરુ જરા પણ ડર્યા કે ગભરાયા નહિ, પરંતુ શાંત જ રહ્યા.

એવા વિપરિત વખતે શાંત રહેવું કાંઈ સહેલું ન હતું, પરંતુ ગુરુને એવી શાંતિ સ્વભાવસિદ્ધ હતી.

એમણે ઈશ્વરને યાદ કરીને આસન લગાવ્યું અને નાનકદેવે રચેલા ગ્રંથ જપજીનો પાઠ કર્યો.

એ પછી તરત જ જલ્લાદે તીક્ષ્ણ તલવારથી એમનું મસ્તક ધડથી અળગું કર્યું.

ધર્માંધતાથી પ્રેરાઈને ઔરંગઝેબે એવી રીતે એક વધારે મોટો અપરાધ કરી નાખ્યો, ને ધર્મનિષ્ઠામાં અડગ રહીને ગુરુએ પોતાની જાતનું મહામૂલ્યવાન બલિદાન દીધું.

પોતાના ધર્માધિકારની રક્ષા માટે ગુરુએ શરીરની આહુતિ આપી દીધી તો પણ એમની શાંતિ અક્ષય રહી. એમણે કોઈ ક્રોધ ન બતાવ્યો કે કોઈને કશો શાપ પણ ન આપ્યો.

ઈ.સ. ૧૬૭૫ના નવેમ્બરની અગિયારમી તારીખે અપાયેલું ગુરુનું એ શાંત બલિદાન નિષ્ફળ ન ગયું. એ બલિદાને સમસ્ત શીખ જાતિને પ્રેરણા પૂરી પાડી, શક્તિ બક્ષી અને એક કરી. એણે જગતને જણાવ્યું કે પીડા, યંત્રણા કે દેહાંતદંડ જેવા કઠોર દંડ પણ માણસને પોતાની નિષ્ઠામાંથી ચળાવી નથી શકતા. માણસ ગમે તેવી ધમકી, ગમે તેવા ભય કે પાશવી બળની સામે પણ અડગ રહી શકે છે.

એ બલિદાનમાંથી પ્રેરણા લઈને ગુરુના પુત્ર ગોવિંદસિંહે પાછળથી ઈતિહાસ સર્જ્યો.

એ અમુલખ બલિદાન આપનાર ગુરુ બીજો કોઈ જ નહિ, પરંતુ ગુરુ તેગ બહાદુર હતા. પોતાની આહુતિ દ્વારા અનેકના જીવનને અજવાળનાર એ મહાન અમર ગુરુને આપણે આદરપૂર્વક અંજલિ આપીએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૫. સાધુતાનો પોષાક

શીખ ધર્મના મહાન સંસ્થાપક ગુરુ નાનકદેવ.

એમના જીવનની વાત છે.

એમના અંતરમાં ઘણી નાની ઉંમરમાં આત્મજ્ઞાનનો પ્રકાશ થયો. એ નદીમાં સ્નાન કરવા ગયેલા ત્યાં એમને એક સંત પુરુષનો મેળાપ થયો. એમના અનુગ્રહથી એમને પરમાત્માનું જ્ઞાન થયું અને એ બોલ્યા કે પરમાત્મા સત્ય છે, એક છે, નિર્ભય છે, નિર્વેર, સ્વયંભૂ, અજન્મા તેમ જ કલ્પનાતીત છે. એ સૃષ્ટિની શરૂઆતમાં હતા, આજે છે, અને હવે પછી પણ રહેવાના છે. એના દરબારમાં બધા સરખા છે. એને ત્યાં હિંદુ કે મુસલમાનના ભેદ નથી.

એ વખતે નાનકદેવ સુલતાનપુરમાં રહેતા. ત્યાંના કાજીને એમનો એ ઉપદેશ પસંદ ના પડ્યો. ખાસ કરીને હિંદુ-મુસલમાનમાં ભેદ ના હોવાની વાત એને જરા પણ ના ગમી.

એણે ત્યાંના નવાબના કાન ભંભેરવાથી નવાબે નાનકને દરબારમાં બોલાવીને એમના શબ્દોનું સ્પષ્ટીકરણ માંગ્યું.

એ દિવસે શુક્રવાર હતો ને નમાજનો વખત પણ થવા આવેલો એટલે નવાબે કહ્યું, 'નાનક, તું ઈશ્વરને તથા હિંદુ અને મુસલમાનને એક જ માનતો હોય તો મારી સાથે મસ્જીદમાં આવીને નમાજ પઢ.'

નાનક મસ્જીદમાં જવા સંમત થયા.

મસ્જીદમાં પ્રવેશીને કાજી તથા નવાબે નમાજ પઢવાનું શરૂ કર્યું, પણ નાનકદેવ નમાજ પઢવાને બદલે એક બાજુ ઊભા રહ્યા.

નવાબને આ ન ગમ્યું. એણે નાનકને નમાજ ના પઢવાનું કારણ પૂછ્યું.

કાજી પણ નાનકનું વર્તન જોઈને ક્રોધે ભરાયો. એણે કહ્યું કે નાનકનો એકતાનો ઉપદેશ તદ્દન ખોટો છે, માટે જ એમણે નમાજ પઢવાને બદલે ઊભા રહેવાનું જ ઉચિત માન્યું. એને માટે એને કઠોર શિક્ષા કરાવી જોઈએ.

એ સાંભળીને નાનક બોલ્યા, 'જે સાચા દિલથી મન લગાડીને ખુદાની સ્મૃતિ કે પ્રાર્થના કરે છે તે હિંદુ હોય કે મુસલમાન તો પણ હું તેને સાથ આપું છું પરંતુ જેનું મન ઠેકાણે નથી હોતું ને જે કેવળ બહારનો જ દેખાવ કે દંભ કરે છે તેને હું સાથ નથી આપી શકતો.'

'તો શું અમારું મન ઠેકાણે ન હતું ને અમે નમાજ પઢવાને બદલે દંભ જ કરતા હતા ?' કાજીએ ક્રોધથી પૂછ્યું.

'એ તો તમારે નક્કી કરવાનું છે.' નાનકદેવે શાંતિપૂર્વક કહેવા માંડ્યું, 'હું તો એટલું જ કહી શકું કે નવાબ સાહેબ આમ તો મસ્તક નમાવીને નમાજ પઢવાનો દેખાવ કરી ગયા. પરંતુ એમનું મન અહીંથી કેટલાય ગાઉ દૂર કંદહારમાં ઘોડા ખરીદવાના વિચારમાં ફર્યા કરતું'તું, અને કાજી સાહેબ, તમારી દશા પણ નમાજ પઢતી વખતે કેવી હતી તે કહી બતાવું ? તમે તો જાણો જ છો છતાં સાંભળવું હોય તો કહું. તમારું મન ખુદામાં ન હતું પણ તમારી પરમ દિવસે વિયાયેલી ઘોડીના જ વિચારમાં હતું. તમને એ જ ચિંતા થયા

કરતી કે ઘોડીનું તાજું જન્મેલું બચ્ચું કૂવામાં તો નહિ પડી જાય ! હવે તમે જ કહો કે તમારા જેવા કેવળ બાહ્ય દેખાવ કરનારા સાથે હું નમાજ કેવી રીતે પઢું ? એટલે જ હું તમારો મિથ્યા અભિનય જોતો ને હસતો એક તરફ ઊભો રહ્યો.

નાનકની વાત સો ટકા સાચી હતી. એમના દિવ્ય અસાધારણ અંતર્જ્ઞાનનો એ ચમત્કારિક પરિચય પ્રાપ્ત કરીને નવાબ એકદમ નમ્ર બની ગયો. એને નાનકને માટે સદ્દભાવ થયો. પરંતુ કાજી એમ જલદી માને તેવો ન હતો. એટલે એણે નાનકદેવને જુદા જુદા પ્રશ્નો પૂછ્યા.

'સાધુતાનું પહેલું પગથિયું કયું કહેવાય ?'

'અહંકારનો નાશ.' નાનકે ઉત્તર આપ્યો.

'અને છેલ્લું પગથિયું ?'

'અનંત ઈશ્વરમય જીવનનો અનુભવ.'

'એની કૂંચી ?'

'નમ્રતા તેમ જ મનનો સંયમ.'

'અને સાધુતાનો પોશાક કયો ? તથા તેનું તેજ કયું ?'

'શાંત ધ્યાન તેનું તેજ છે ને સત્ય તથા સહનશીલતા તેનો પોશાક છે.'

'ત્યારે તું મૂંડન કરાવીને ફકીરનાં વસ્ત્રો કેમ નથી પહેરતો ?'

'એવા બહારના મૂંડનથી શું વળે ? મન મૂંડાવું જોઈએ. એનો અહંકાર દંભ, રાગ ને દ્વેષ જવા જોઈએ. જીવન સત નામ ગુરુ કે ઈશ્વરને અર્પણ કરાવું જોઈએ. મનમાં વિષય-તૃષ્ણા હોય તો બહારની કફની કે વેશભૂષાથી શું વળે ? વસ્ત્રો તો વૈરાગ્યમાં આગળ વધવાની પ્રતિજ્ઞાના પ્રતીક છે.'

'આસક્તિનો અંત કેવી રીતે આવે ?'

'ઈશ્વરની ભક્તિની જાગૃતિ અને અભિવૃદ્ધિ થવાથી. એ ઉપરાંત સંસારની વિનાશશીલતાનો વારંવાર વિચાર કરવાથી.'

નાનકના શબ્દો સાંભળીને કાજીનું અભિમાન દૂર થયું. એ પણ એમનો ભક્ત બન્યો.

કાજીએ કબૂલ કર્યું કે નમાજ પઢતી વખતે પોતાનું મન ઘોડીમાં જ રમી રહેલું.

આપણે પણ એવી જ રીતે જપ, ધ્યાન, સ્વાધ્યાય કે પ્રાર્થના કરીએ છીએ, પણ એકાગ્રતાપૂર્વક ભાગ્યે જ કરીએ છીએ. આપણું મન એ વખતે ઈશ્વરમાં નથી હોતું એટલે આપણને જેવો મળવો જોઈએ તેવો ને તેટલો લાભ નથી મળતો. પેલા નવાબ તથા કાજીની જેમ ધ્યાનાદિમાં આપણું મન મોટે ભાગે દુન્યવી વિષયોમાં જ ભમ્યા કરે છે. ઈશ્વરની ભક્તિભાવના વધારીને જપ, ધ્યાન કે પ્રાર્થના કરતાં મનને એમાં લીન કરી દઈએ ત્યારે જ આરાધનાનો સાચો આનંદ મળી શકે. એવી તલ્લીનતા અથવા તલ્લીનતાની લગની વિનાની આરાધના ક્ષુલ્લક અને ઉપરચોટિયા જ થઈ પડે એ હકીકત સમજી જઈએ તે જરૂરી છે. નાનકના શબ્દો એ જ સંદેશો પૂરો પાડે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. અક્રોધી એકનાથ

મહારાષ્ટ્રના ચાર મહાપ્રતાપી, લોકોત્તર, સમર્થ મહાત્મા પુરુષો સમર્થ રામદાસ, સંત તુકારામ, જ્ઞાનેશ્વર અને એકનાથ. એમાં એકનાથનું સ્થાન આગવું અને અજોડ હતું. એમણે નાની ઉંમરમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને ગુરુની આજ્ઞાનુસાર ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરેલો.

સદ્દભાગ્યે એમને ગિરજાબાઈ જેવી આદર્શ પતિવ્રતા પત્ની મળેલી. એ પણ એવી જ ધાર્મિક, પવિત્ર ને ઈશ્વરપ્રેમી પ્રકૃતિની હોવાથી એમનો ગૃહસ્થાશ્રમ એક આદર્શ ગૃહસ્થાશ્રમ થઈ રહેલો.

એકનાથ પૈઠણ ગામમાં રહેતા ને પોતાનો મોટા ભાગનો વખત ઈશ્વર સ્મરણમાં પસાર કરતા.

પરંતુ કેટલાક એમના પર અકારણ ઈર્ષા રાખતા. એમણે શાંતિની મૂર્તિ મનાતા એકનાથને ગુસ્સે કરવાનો નિર્ણય કર્યો અને એમને માટે એક બ્રાહ્મણને તૈયાર કર્યો.

બ્રાહ્મણ સો રૂપિયા પુરસ્કાર મળવાના લોભથી એકનાથને ગુસ્સે કરવા તૈયાર થયો.

એક દિવસ વહેલી સવારે એ એકનાથના ઘેર આવ્યો અને એકનાથ એમના એકાંત પૂજાખંડમાં બેઠેલા ત્યાં જઈને એમની તદ્દન પાસે એમને અડીને બેસી ગયો.

એ ઘટના એકનાથને ગુસ્સે કરવા પૂરતી હતી. તો પણ એકનાથ પર એની કોઈ પણ પ્રકારની પ્રતિકૂળ અસર ના થઈ અને એ શાંત જ રહ્યા. એ જોઈ બ્રાહ્મણને નવાઈ લાગી.

એકનાથે ગુસ્સે થવાને બદલે એને બેસવા માટે આસન આપ્યું. એટલે તો એ હેબતાઈ જ ગયો.

છતાં પણ એણે એકનાથને ગુસ્સે કરવાનો સંકલ્પ તો ના જ મૂક્યો.

જમવાનો વખત થયો ત્યારે એકનાથે એને પોતાની બાજુમાં બેસાડ્યો.

એ વખતે બ્રાહ્મણને થયું કે અત્યારે એક અથવા બીજી રીતે જો ગિરિજાબાઈનું અપમાન કરવામાં આવે તો એકનાથને જરૂર ગુસ્સે કરી શકાય. એવો વિચાર કરીને ગિરિજાબાઈ જ્યારે પીરસવા માટે નીચા નમ્યા ત્યારે બ્રાહ્મણ એમની પીઠ પર બેસી ગયો.

એ જોઈને એકનાથે ગિરિજાબાઈ ને શાંતિથી કહ્યું: 'જોજે બ્રાહ્મણ પડે નહિ !'

ગિરિજાબાઈએ એવી જ શાંતિથી જવાબ આપ્યો, 'નહિ પડે. તમે તેની ચિંતા ના કરતા.' અને એ પછી પોતાના નાના છોકરાને યાદ કરીને કહ્યું, 'એ રમતાં રમતાં કેટલીકવાર આવી જ રીતે મારી પીઠ પર ચડી જાય છે એટલે હું એથી ટેવાયેલી છું. આ બ્રાહ્મણ પણ એ બાળક જેવો જ છે. એને નહિ પડવા દઉં.'

ગિરિજાબાઈના શબ્દો સાંભળીને બ્રાહ્મણના હોશકોશ ઉડી ગયા. એ શરમાઈ ગયો. એને પોતાની જાત પર ધિક્કાર છૂટ્યો. એની પીડા અને પશ્ચાતાપનો પાર ના રહ્યો. નીચે ઉતરીને એણે એકનાથ તથા ગિરિજાબાઈના પગમાં પડીને પોતાના અસભ્ય વર્તનને માટે એમની માફી માંગી.

એકનાથે એને માફ કર્યો, ઉપદેશ આપ્યો અને સાચો રસ્તો બતાવ્યો. પરિણામે એનું જીવનપરિવર્તન થયું અને એ એકનાથનો સદાનો શિષ્ય બની ગયો.

એકનાથ અને ગિરિજાબાઈનો અક્રોધ એને કાયમને માટે યાદ રહી ગયો.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. શૂરવીર સરદાર

વાત ઘણી જૂની છે. આજથી ચારસો વરસથી પણ વધારે પહેલાંની.

ચિનાબ નદીના વિશાળ તટ પર કાબુલની દિશામાંથી આવેલી લગભગ વીસેક હજાર ઘોડેસવારોની સેના ઊભેલી.

નદીના પ્રચંડ વેગવાળા પ્રવાહને પાર કરવાનું કામ અતિશય અઘરું હોવાથી, હતોત્સાહ થયેલા સૈનિકો પાછા ફરવાનો વિચાર કરવા લાગ્યા. જે દિશામાંથી આવેલા તે દિશામાં પાછા જવા તૈયાર થયા.

એ વખતે એમનો સરદાર હિંમતપૂર્વક આગળ આવ્યો. એ બહાદૂર સરદાર સંકટનો સામનો કરવામાં તથા પ્રતિકૂળતાઓમાંથી રસ્તો કાઢવામાં ખાસ રસ લેતો.

એ પોતાના ઘોડા પરથી નીચે ઊતર્યો. એણે એક મોટું દોરડું લઈને એનો એક છેડો ઘોડાના ગળે બાંધ્યો ને બીજો છેડો પોતાની કમર ફરતો વીંટીને એ પ્રબળ વેગવાળા નદીના પ્રવાહમાં કૂદી પડ્યો અને તરતાં તરતાં બોલ્યો, 'ઈન્સાનના બેટાઓ, સાહસવૃત્તિને છોડો નહિ, ઈશ્વરના નામનો આધાર લઈને મારી પાછળ પાછળ ચાલ્યા આવો'.

સરદારની શૂરવીરતા દેખીને સૈનિકોમાં અવનવો ઉત્સાહ ફરી વળ્યો. ઉત્સાહયુક્ત સૈનિકો ઘોડાઓ સાથે નદીમાં કૂદી પડ્યા ને પાર ઉતરી ગયા. પંજાબમાંથી પસાર થતી એ સેના ઈ.સ. ૧૫૨૬માં પાણીપતના યુદ્ધમાં વિજયી થઈ.

એ પછી બરાબર એક વરસે એ સેના પોતાના શૂરવીર સરદાર સાથે ખનવાહના મેદાનમાં ઊભેલી. એની એક ટૂકડી રજપૂતો સાથે લડી, હારી, ને પાછી આવેલી. એના સૈનિકો તદ્દન નિરાશ થઈ ગયેલા. એમના દેશ કાબુલથી આવેલા એક જ્યોતિષીએ જણાવ્યું કે આપણી જીત નહિ થઈ શકે. એ ભવિષ્યવાણી સાંભળીને તો સૈનિકોનો રહ્યો સહ્યો ઉત્સાહ પણ ઓસરી ગયો. એમની હિંમત તૂટી ગઈ. આવા નિષ્ણાત જ્યોતિષીની વાત કાંઈ કદી પણ ખોટી પડે ? સૌએ પોતાના દેશમાં પાછા વળવાનો નિશ્ચય કર્યો.

પરંતુ સરદારે એમને રોકીને કહ્યું, 'બહાદુરો, આ જગતમાં જન્મીને વહેલુંમોડું મરવાનું તો છે જ. ઈશ્વરે આપણને કર્મ કરતાં કરતાં મરવા માટે જ જન્માવ્યા છે. કર્મ કરતાં મરવાથી સ્વર્ગ મળશે.'

'પરંતુ શત્રુની શક્તિ વધારે છે.' સૈનિકો બોલી ઊઠ્યા, 'એકવાર આપણી હાર પણ થઈ ચૂકી છે એમની સંખ્યા પણ મોટી છે.'

'જ્યોતિષીના કહેવા પ્રમાણે આપણી જીત નથી થવાની. ભાગ્ય તદ્દન પ્રતિકૂળ છે. પછી હાથે કરીને શા માટે મરીએ ?'

સરદારે શાંતિ ને સ્વસ્થતાપૂર્વક કહ્યું, 'જ્યોતિષીની ભવિષ્યવાણીની ચિંતા છોડી દો. શત્રુની સંખ્યા મોટી હોય અને એમની તાકાત આપણા કરતાં ચઢિયાતી હોય તો પણ શું થયું ? એથી કાંઈ નાહિંમત નથી થવાનું. શત્રુની સંખ્યા તથા શક્તિ કરતાં રણકૌશલ વધારે મહત્વનું છે ને યુદ્ધમાં વિજયનો આધાર મોટે ભાગે એના પર જ રહેતો હોય છે. પ્રયાસ કરવાથી ભાગ્ય પણ અનુકૂળ થઈ રહે છે, યુદ્ધમાંથી પાછીપાની કરીને તમે બીજાને તમારું મોં કેવી રીતે બતાવશો ? મને તો આપણા વિજયની હજુ પણ આશા છે. ઉત્તમ પ્રકારની

વ્યૂહરચના અને વીરતાથી આપણે શત્રુનો સફળતાપૂર્વક સામનો કરીશું તો યશસ્વી બનીશું. અને લડતાં લડતાં મરવું પડશે તો પણ શું ? એ મરણ આપણે માટે મંગલમય મહોત્સવરૂપ હશે. એ આપણને સ્વર્ગની પ્રાપ્તિ કરાવશે. અને જો જીવતા રહીશું ને જીતીશું તો હિંદુસ્તાનના તખ્તા પર બેસીશું. માટે નિર્બળતાનો ત્યાગ કરો. જ્યોતિષીના શબ્દો તથા શત્રુની સંખ્યાશક્તિનો વિચાર કરીને ના હિંમત ના બનો. અત્યાર સુધી તમે બહાદુરીના કેટલાંયે કામો કરી બતાવ્યાં છે તો આ કામ કરીને તમારા યશમાં વધારો કરો.'

સરદારના શબ્દોએ સૈનિકોમાં ફરીથી ઉત્સાહ ને જુસ્સો રેડ્યો તથા હિંમતનો સંચાર કર્યો.

રજપૂતોની સંખ્યા ધાર્યા કરતાં ઘણી વધારે હતી. એમની પાસે હાથી, ઘોડા તથા રથ પણ હતા. વીરતા પણ હતી પરંતુ પેલા સરદાર અને એના સૈનિકો જેવો તરવરાટ અને જુસ્સો નહોતો. એટલે પરિણામ ધાર્યા પ્રમાણે જ આવ્યું. ખનવાહમાં થયેલા ઈ.સ. ૧૫૨૭ના ઘોર સંગ્રામમાં રજપૂતોની હાર થઈ.

જ્યોતિષીની દશા એની વાત ખોટી પડવાથી કફોડી બની ગઈ.

એ બહાદુર સરદાર બીજો કોઈ નહિ પરંતુ બાબર હતો. એ વિજયી થયો ને એના વંશના ઈ.સ. ૧૮૧૭ સુધીના દિલ્હીના તખ્તા પરના શાસનનો આરંભ કરતો ગયો.

વસુંધરા વીરભોગ્યા છે એ સાચું છે. પેલા સંસ્કૃત સુભાષિતમાં સાચું જ કહ્યું છે કે નિર્બળ મનના માનવો નસીબ પર આધાર રાખીને બેસી રહે છે ને મજબૂત મનોબળવાળા પુરુષાર્થથી એને અનુકૂળ કરે છે. બાબર એવો જ પુરુષાર્થી હતો. દેશને જુદાં જુદાં બધાં જ ક્ષેત્રોમાં આજે એવા પુરુષાર્થી, ઉત્સાહી, હિંમત ને ધીરજવાળા, પ્રતિકૂળતાઓથી ના ડરનારા, સંપીલા શૂરવીર સરદારો અને સૈનિકોની આવશ્યકતા છે. એવા સરદારો અને સૈનિકો જ દેશની સુરતને બદલી શકે ને હારને જીતમાં પલટાવે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૮. તુલસીદાસ અને ઔરંગઝેબ

વિદ્યાનું ધામ ગણાતી કાશી નગરીની મુલાકાત કોઈ વાર લીધી છે ? જો લીધી હોય તો ગંગાનો પ્રવાહ ત્યાં કેટલો બધો વિશાળ બની વહ્યા કરે છે તેની ખબર હશે. ગંગાના એ હૃદયમય પ્રવાહને કાંઠે વસેલી એ ગંગાનગરીને વારાણસીને નામે પણ ઓળખવામાં આવે છે.

એ વારાણસી પ્રાચીનકાળમાં પંડિતો, વિદ્વાનો ને સંતપુરુષોના આશ્રયસ્થાન જેવી મનાતી. વિદ્યા અને સાધના બંનેના ભાવિકોએ એ નગરીમાં આવવું પડતું. એકેકને ટપી જાય એવા વિદ્વાનો ને સંતપુરુષો એ નગરીમાં વાસ કરતા. ભારતીય ધર્મ અને સંસ્કૃતિના પ્રતિક જેવી એ કાશી. શાળામાં ભણનાર વિદ્યાર્થીઓથી માંડી મોક્ષની કામનાવાળા શ્રેયાર્થીઓથી શોભતી.

આજે એ નગરીમાં ગંગાના તટ પર જે અસિઘાટ છે, તેની બાજુમાં નાનોસરખો તુલસીઘાટ છે. તે ઘાટ મધ્યયુગના પ્રસિદ્ધ સંત તુલસીદાસના નામથી ઓળખાય છે. તુલસીદાસ જીવનના આખરી વર્ષોમાં ત્યાં રહેતા. એ વયોવૃદ્ધ થઈ ચૂક્યા હોવાથી એક મહાન સંતપુરુષ તરીકે પ્રખ્યાત હતા, છતાં તુલસીઘાટ પર એક નાનકડા શિવમંદિરની પાસે રહેતા.

એ મહાન સંતપુરુષે ભારતીય ધર્મ ને સંસ્કૃતિની રક્ષામાં કેવો મહત્વનો ભાગ ભજવ્યો છે, એ વાતનું સમર્થન કરનારો એક દસ્તાવેજી પુરાવો પણ હમણાં જ મળ્યો છે અને સંશોધકોએ તેને પ્રકાશમાં આણ્યો છે. વાત એવી છે કે હિંદુ-ધર્મનો વિરોધ કરનાર મુસલમાન બાદશાહ ઔરંગઝેબ એ વખતે કાશીમાં આવી હિંદુઓને બળજબરીથી મુસલમાન બનાવતો. ઘણાને એણે મુસલમાન બનાવેલા, ને કેટલાય દેવસ્થાનોનો નાશ કરેલો. મુસલમાન સિવાય બીજા બધાને કાફર માનનારો ઔરંગઝેબ બ્રાહ્મણો, પંડિતો ને સંતપુરુષોનો ઘોર વિરોધી હતો. તેમની તે નિંદા કરતો, હાંસી ઉડાવતો ને કતલ પણ કરતો. તેનું નામ સાંભળી બધા ભયભીત બની જતા. તેને ખબર પડી કે ગંગાકિનારે અસિઘાટ પર પ્રખ્યાત સંત તુલસીદાસ નિવાસ કરે છે. પછી તો કહેવું જ શું ? તે તુલસીદાસની પાસે આવ્યો.

તુલસીદાસ ત્યારે શિવમંદિર બહાર ઓટલા પર બેઠા હતા. એ હાથમાં માળા લઈ જપ કરી રહ્યા હતા. ઔરંગઝેબે એમને જોતાં જ કહ્યું, 'એ કાફિર ! હાથમેં માલા લેકર ક્યા કરતા હૈ ?' તુલસીદાસે એને શાંતિથી કહ્યું, 'ભગવાન શંકર કા જપ કરતા હું.'

ઔરંગઝેબ હસ્યો, 'અરે કાફિર ! ભગવાન શંકર હૈ કહાં ? યહ તો પત્થર હૈ. પત્થરકા જપ ઓર પત્થરકી પૂજા કરતા હૈ ? એક અલ્લાકે અલાવા દુનિયામેં ઓર કુછ નહિ. ભગવાન શંકરકો માનતા હૈ તો ઉસકા ચમત્કાર બતા દે, નહિ તો ઈસ્લામકા સ્વીકાર કર.'

એમ કહી એ પાસે આવેલા શિવમંદિરના પોઠિયા પાસે ગયો, ને કહેવા માંડ્યો, 'ઈસ બેલકો ક્યોં રખ્ખા હૈ ? યહ ક્યા ઘાસ યા દાના ખા સકતા હૈ ?'

'ઈશ્વરકી ઈચ્છા હો તો સબકુછ ખા સકતા હૈ, નહિ તો કુછ ભી નહિં.' તુલસીદાસે કહ્યું.

'અરે મૂર્ખ ! ફિઝુલ બહસ કરતા હૈ ? ભગવાનકો માનતા હૈ તો ઉસે કહ દે કિ ઈસ બેલકો ઘાસ ખિલા દે, નહિં તો મંદિરકો તોડફોડ તેરે મસ્તકકો કાટ ડાલુંગા.'

ઓરંગઝેબના વચન સાંભળી ત્યાં ભેગી થયેલી માનવમેદની કંપી ઉઠી. બધાને ચિંતા થઈ. સંત તુલસીદાસનું હવે શું થશે ? ઔરંગઝેબ તો ભારે ધર્માંધ છે !

પછી તો ઔરંગઝેબે ઘાસનો પૂળો મંગાવી પોઠિયા સામે મૂક્યો. પરંતુ પ્રભુની કૃપા જુઓ ! પોતાના ભક્ત તુલસીદાસની રક્ષા કરવા ભગવાને ચમત્કાર કર્યો, ને પોઠિયાએ મોં ઉઘાડી, જીભ લાંબી કરી પૂળો ખાવા માંડ્યો. જમા થયેલી માનવમેદની તો સ્તબ્ધ થઈ ગઈ. ખુદ ઔરંગઝેબ પણ નવાઈ પામી એ બધું જોઈ રહ્યો. જે વસ્તુ નજરે દેખાતી હતી તેની એ ના કેવી રીતે કહી શકે ? આભા બની જઈ એણે તુલસીદાસના ચરણમાં પ્રણામ કર્યા, ત્યારે જનમેદની પોકારી ઊઠી, 'ભગવાન શંકરકી જે, સંત શિરોમણી તુલસીદાસની જે !'

એ પ્રસંગ પછી ઔરંગઝેબ તુલસીદાસનો ભક્ત બન્યો, ને મંદિરના ધ્વંસની પ્રવૃત્તિ બંધ કરી કાશી છોડી ચાલી નીકળ્યો.

ભારતીય સંસ્કૃતિની રક્ષા કરનારા એવા કેટલાય પ્રતાપી સંતો મધ્યયુગમાં પેદા થયા'તા. તેમાંના તુલસીદાસ એક હતા. એમના વગર ભારતીય ધર્મ ને સંસ્કૃતિ ભાગ્યે જ જીવંત રહ્યા હોત. કોઈવાર કાશી જાવ, તો ભારતીય સંસ્કૃતિના એ મહાન જ્યોર્તિધર તુલસીદાસની સ્મૃતિમાં રચાયેલો તુલસીઘાટ જરૂર જોજો. અને મહાન સંતને અંજલિ આપજો.



☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. ભામાશાઓની આવશ્યકતા

ચિતોડની ભૂમિમાં પદાર્પણ કરતી વખતે મહારાણા પ્રતાપની સ્મૃતિ પ્રબળ બને એ સ્વાભાવિક છે.

મહારાણા પ્રતાપને માટે ભારતભૂમિ ગૌરવ ધરાવે છે.

ભારતીય ઈતિહાસમાં એ પ્રતાપી વીરપુરુષનું નામ સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે.

ભારતવાસી એ નામને અને એમની સાથે સંકળાયેલા ગૌરવને કદાપિ નહિ ભૂલી શકે.

એ વીરપુરુષ મેવાડનો ત્યાગ કરીને પર્વતો અને જંગલોમાં ફરતા હતા અને બધી રીતે નિરાશ થઈ ગયેલા ત્યારે, એમના એક પ્રજાજન ભામાશાએ પોતાના જીવનભરનું એકઠુ કરેલું ધન એમને અર્પણ કર્યું ને એ ધનની મદદથી અકબરનો સામનો કરવા જણાવ્યું.

મહારાણા પ્રતાપની આંખ એ જોઈને ભીની થઈ.

ભામાશાએ કહ્યું, 'તમે દુઃખી છો ત્યારે તમારા પ્રજાજન તરીકે હું કેવી રીતે સુખી રહી શકું ? મારું ધન શા કામમાં આવવાનું છે ? તમે તેનો સહર્ષ સ્વીકાર કરો.'

પ્રતાપને માટે એ ધન ખુબ જ ઉપયોગી થઈ પડ્યું.

ભામાશાનો એ પ્રસંગ તો જૂનો થઈ ગયો છે, પરંતુ એની પાછળની ભાવના જૂની ના થાય તેનું ધ્યાન રાખવાનું છે. દેશમાં જે દુઃખ, દરિદ્રતા, અનર્થ અને આતંક છે એનો અંત આણવા પ્રત્યેક પ્રજાજને ભામાશા બનવાનું છે ને પોતાની શક્તિ, સંપત્તિ કે સામગ્રીનો, દેશની સુરક્ષા, સલામતી, સમૃદ્ધિ અને શાંતિ માટે સદ્દપયોગ કરવાનો છે. પોતાના જીવનનો ઉત્સર્ગ કરવાનો છે. દેશના નવનિર્માણમાં એવા એક નહિ અનેક ભામાશાઓની આવશ્યકતા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. મીરાંનો સંદેશ

રાજસ્થાનની જ નહિ, ભારતની જ નહિ, સંસારની સર્વોત્તમ ભક્તિમતી સ્ત્રીઓમાં મીરાંબાઈનું નામ મોખરે છે. એનું નામ અને કામ વરસો વહી ગયાં તો પણ આજે પણ અમર છે અને અમર રહેશે.

કહે છે કે 'મેરે તો ગીરધર ગોપાલ દૂસરો ન કોઈ'નું ગીત ગાનારી મીરાંને રાજભવનમાં વિરોધી વાતાવરણમાં રહીને ભક્તિમાર્ગે આગળ વધવાનું અઘરૂં લાગ્યું. ત્યારે એણે એ જમાનાના સુપ્રસિદ્ધ સ્વનામધન્ય યશસ્વી સંતશીરોમણી તુલસીદાસને પોતાની પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો અને એમનું માર્ગદર્શન માગ્યું.

તુલસીદાસે એના મનને માપી લઈને એને સંક્ષેપમાં છતાં સચોટ ને સાચી સલાહ આપી કે જેને રામ તથા સીતા પ્રત્યે પ્રેમ નથી તેનો હજારો શત્રુની પેઠે ત્યાગ કરી દેવો તે જ બરાબર છે. પ્રહ્‌લાદે પિતાની વાત ન માની, વિભીષણે ભાઈનો ને ભરતે માતાનો ત્યાગ કર્યો, બલિએ ગુરુ શુક્રાચાર્યની વાત ન માની, ને વ્રજની સુંદરીઓએ પોતાના પતિની ઉપરવટ થઈને પણ ભગવાન કૃષ્ણનું શરણ લીધું, તો આખરે એમને આનંદ તેમ જ કલ્યાણની પ્રાપ્તિ થઈ.

આ રહ્યા સંત તુલસીદાસની એ સલાહના શરૂઆતના શબ્દો :

'જાકે પ્રિય ન રામવૈદેહી, સો તજીએ કોટિ વૈરી સમ,
યદ્યપિ પરમ સનેહી, જાકે પ્રિય ન રામવૈદેહી.'

ભક્તકવિ નરસિંહ મહેતાએ એ જ વાતને બીજી રીતે રજુ કરતાં કહ્યું કે,

નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીયે રે,
મનસા વાચા કર્મણા કરી વિઠ્ઠલવરને ભજીએ રે.'

સંત તુલસીદાસની એ સલાહ મીરાંબાઈને સાચી લાગી, ગમી ગઈ, અને પરિણામે એણે રાજભવનનો તથા ચિતોડનો ત્યાગ કરવાનો સંકલ્પ કરી લીધો. એ સંકલ્પ એના પદમાં પ્રતિબિંબિત થયો છે.

'સાંઢવાળા સાંઢ શણગારજે રે મારે જાવું સો સો રે કોસ,
રાણાજીના દેશમાં મારે જલ રે પીવાનો દોષ.'

કૃષ્ણચરણાનુરાગી, કૃષ્ણપ્રેમી મીરાં રાણાજીના દેશને છોડીને વૃંદાવનની પ્રેમ નીતરતી પવિત્ર ભૂમિમાં પ્રવેશી.

પરંતુ એ ભૂમિમાં રહેવું ક્યાં ?

કહે છે કે વૃંદાવનમાં એ વખતે જીવ ગોસ્વામી વાસ કરતા. ભક્તોમાં એમની પ્રસિદ્ધિ હતી.

મીરાંબાઈએ એમના આશ્રમમાં રહેવા માટે એમની અનુમતી મંગાવી.

જીવ ગોસ્વામીએ જણાવ્યું કે હું સ્ત્રીનું મોઢું નથી જોતો, એટલે મારી મુલાકાત તથા આશ્રમમાં રહેવાની અનુજ્ઞા નહિ આપી શકું.

મીરાંને એ ઉત્તર અત્યંત આશ્ચર્યકારક લાગ્યો. એણે જણાવ્યું, 'મારા મનમાં તો એવું હતું કે વૃંદાવનમાં એક જ પુરુષ હશે, અને એ પુરુષ બીજા કોઈ નહિ, પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ જ હશે. બીજા પુરુષો

તો વૃંદાવનમાં આવતાંવેંત જ ગોપીભાવ ધારણ કરતાં હશે. પોતાને ગોપી માનતા હશે, ને ગોપીની પેઠે પ્રેમભક્તિમાં ડૂબીને ભગવાન કૃષ્ણના દર્શન માટે કામના કરતા હશે. પરંતુ મને જુદી જ જાતનો અનુભવ થઈ રહ્યો છે. વૃંદાવનમાં વરસો સુધી વસવા છતાં પણ તમે હજુ પોતાને પુરુષ માનો છો. તમારા એ જ્ઞાનથી મને ખરેખર આશ્ચર્ય થાય છે.'

મીરાંએ એ ભાવનું દિગ્દર્શન કરવા ગાયું છે :

'આજ લગી હું એમ જાણતી વ્રજમાં
કૃષ્ણ પુરુષ છે એક,
વૃંદાવન વસી હજી પુરુષ રહ્યા છો
તેમાં ધન્ય તમારો વિવેક.'

મીરાંનો પ્રેમભક્તિથી ભરેલો માર્મિક સંદેશ સાંભળીને જીવ ગોસ્વામીની આંખ ઉઘડી ગઈ. એ સંદેશમાં સમાયેલો સાર એ સમજી શક્યા.

એમને થયું કે મીરાંબાઈ કોઈ સાધારણ સ્ત્રી નથી લાગતી. એના સંસ્કાર ઘણા ઊંચા છે.

એમનું મન પરિવર્તન થયું. એ આશ્રમમાંથી બહાર આવ્યા, ઝડપથી ચાલ્યા, ને મીરાંબાઈના ચરણમાં પડ્યા.

મીરાં પાછી ખસી ગઈ ને બોલી, 'અરે આ શું કરો છો ? તમે તો સ્ત્રીનું મોઢું પણ નથી જોતા !'

'એ મારી ભૂલ હતી.' ગોસ્વામીએ કહ્યું. 'એ ભૂલને તેં સુધારી. તારે માટે આશ્રમનાં દ્વાર ઉઘાડાં છે. તું એમાં ખુશીથી રહી શકે છે.'

મીરાંબાઈ ગોસ્વામી પાસે રહેવા માંડી.

માણસ ચર્મચક્ષુથી જ જગતને જોયાં કરે અને જ્યાં સુધી એનાં દિલચક્ષુ ઉઘડે નહિ ત્યાં સુધી એની સંકુચિતતા નથી મટતી, એના ભેદભાવ નથી ટળતા, એની અંદર સાચી ભક્તિ નથી જાગતી, અને એનો ઉદ્ધાર પણ નથી થતો. વેશ કે દેશને બદલીને બેસી નથી રહેવાનું, પણ મનની દશા બદલવાની છે.

વૃંદાવનમાં આજે પણ કેટલાય રહે છે, પરંતુ ગોપીભાવથી કેવળ પરમાત્માને પુરુષ સમજી, એમની પ્રસન્નતા માટે કેટલા રહે છે ? અને એકલા વૃંદાવનની જ વાત શા માટે ? આ વિશ્વ આખું વૃંદાવન છે એવું માનીને એમાં ગોપીભાવથી પરમાત્માની પ્રસન્નતા કે કૃપા માટે જ રહેવાનું છે. તો જ એ રહેવાનું સફળ થાય. મીરાંનો એ સંદેશ સૌને માટે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૧. જ્ઞાન અને વ્યવહાર

રામકૃષ્ણ પરમહંસદેવના યોગમાર્ગના મહાન ગુરુ તોતાપુરી.

એ મહાન યોગી પુરુષના જીવનની વાત છે.

રામકૃષ્ણ પરમહંસદેવ પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઈને એ લાંબા વખત લગી કલકત્તાના સુપ્રસિદ્ધ ગંગા તટવર્તી સ્થાન દક્ષિણેશ્વરમાં રહ્યા. તે દરમિયાન પંચવટીમાં વૃક્ષની નીચે જ બેસી રહેતા. તે ત્રણે કાળમાં એક પરબ્રહ્મ વિના બીજા કશાના અસ્તિત્વને માનતા નહિ. ને કહેતા કે જગત થયું જ નથી તથા છે પણ નહિ, એનું દર્શન કેવળ ભ્રાંતિ અથવા અજ્ઞાનનું જ પરિણામ છે. એ તદ્દન નગ્ન રહેતા ને પોતાના આસન આગળ ધુણી રાખતા.

યોગની ઊંચામાં ઊંચી અવસ્થાએ પહોંચેલા હોવા છતાં એ વહેલી સવારે રોજ ધ્યાનમાં બેસતા તે જોઈને રામકૃષ્ણદેવે એકવાર એમને પૂછ્યું કે, આવી ઉચ્ચ દશાએ પહોંચ્યા પછી પણ રોજ નિયમિત રીતે ધ્યાનમાં બેસવાની જરૂર રહે છે ?

તોતાપુરી એ વખતે ધ્યાનમાંથી ઊઠીને પિત્તળનો લોટો ઘસી રહેલા. એમણે ઉત્તર આપતા કહ્યું, 'આ લોટાને રોજ રોજ ના ઘસીએ તો તે મેલો થઈ જાય, તેવી રીતે મનને પણ રોજ સાધનાપરાયણ રાખવું જોઈએ, નહિ તો તે મલિન બની જાય છે.'

'પરંતુ લોટો પિત્તળને બદલે સોનાનો હોય તો ? તો તેને રોજરોજ ઘસવો પડે ?'

રામકૃષ્ણદેવનો પ્રશ્ન સાંભળીને તોતાપુરી નિરૂત્તર રહ્યા.

પરંતુ તોતાપુરીનું મન હજુ સોનાના લોટા જેવું વિશુદ્ધ નહોતું થયું. એની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ થોડા વખતમાં જ ઊભો થયો.

રામકૃષ્ણદેવ તોતાપુરી પાસે બેઠેલા. તોતાપુરી સવારના શાંત વાતાવરણમાં કહેતા હતા કે જે કાંઈ દેખાય છે કે અનુભવાય છે તે બ્રહ્મ જ છે, બ્રહ્મ વિના બીજું કાંઈ છે જ નહિ.

તે સાંભળીને પરમહંસદેવે પૂછ્યું કે બધું બ્રહ્મ છે ? તો તોતાપુરી બોલ્યા કે મારા અનુભવના આધાર પર કહું છું કે બધું જ બ્રહ્મ છે.

એટલામાં તો કોઈક હલકી જાતિના માણસે આવીને તોતાપુરીની ધૂણીમાંથી અંગારા લઈને પોતાની ચલમ ભરવા માંડી.

વાત ઘણી સાધારણ હતી પરંતુ એ જોઈને તોતાપુરી રોષે ભરાઈ બોલ્યા, 'અરે મૂર્ખ, તેં મારી ધૂણી અભડાવી નાખી ? હવે તને એનો દંડ આપ્યા વિના નહિ છોડું.'

પેલો માણસ ભયનો માર્યો નાસવા માંડ્યો.

તોતાપુરી હાથમાં ચિપિયો લઈને, રૌદ્ર રૂપ ધારણ કરીને એની પાછળ પડ્યા.

એ જોઈને રામકૃષ્ણદેવ બોલ્યા, 'અરે, આ શું થયું ? હમણાં તો તમે કહી રહેલા કે જે દેખાય કે અનુભવાય છે તે બ્રહ્મ જ છે. અને હવે આ માણસની પાછળ ક્રોધે ભરાઈને દોડવા ક્યાં લાગ્યા ? બધું જ બ્રહ્મ છે તો શું બ્રહ્મ બ્રહ્મની પાછળ દોડી રહ્યો છે ?

એ સાંભળીને તોતાપુરીએ સંકોચમાં પડીને દોડવાનું બંધ કર્યું.

ચિપિયો નીચે મૂકીને, ધૂણી પાસે બેસીને એ કહેવા માંડ્યા, 'તેં ઠીક કહ્યું. મારે આટલો બધો ક્રોધ ના કરવો જોઈએ. શાસ્ત્રે કહ્યું છે કે મન તથા ઈન્દ્રિયો બહુ બળવાન છે. તે વિદ્વાનોને પણ પોતાના પ્રવાહમાં તાણી જાય છે, તે સાચું જ છે. મારામાં હજુ એટલી કચાશ છે.'

તોતાપુરી નિખાલસ મનના હોવાથી એટલું સ્વીકારી શક્યા.

એ જોઈને રામકૃષ્ણદેવનો એમને માટેનો પ્રેમભાવ વધી પડ્યો.

ભૂલ તો નાનીમોટી, જાણ્યે-અજાણ્યે, લગભગ સૌની થાય છે પરંતુ ભૂલને ભૂલ તરીકે સ્વીકારી, સમજી, સુધારી, તેનું પુનરાવર્તન ના થાય તે માટે જાગ્રત રહેનારા કેટલા છે ? એવા જાગ્રત પુરુષો જ ક્રમિક વિકાસ કરીને મહાપુરુષો બની શકે છે.

એક બીજી વાત પણ સમજવા જેવી છે. જ્ઞાન ગમે તેટલું ભારે હોય પણ બુદ્ધિમાં જ સમાયેલું હોય ને એથી આગળ વધીને આચારમાં ના ઉતાર્યું હોય ત્યાં સુધી જીવનમાં સુખશાંતિ નથી આપી શકતું અને સંવાદ સ્થાપીને જીવનને ધન્ય પણ નથી કરી શકતું. જ્ઞાન જીવનના નાનામોટા પ્રત્યેક વ્યવહારમાં વણાઈ જાય એ અત્યંત આવશ્યક છે. મન તથા ઈન્દ્રિયોના વેગોમાં વિદ્વાનો પણ તણાઈ જાય છે એ સાચું હોવા છતાં એ વેગોને શાંત કરી શકાય છે એ પણ એટલું જ સાચું છે. એવી રીતે તન, મન તથા ઈન્દ્રિયોના વેગો પર વિજય મેળવનાર જ સુખી ને મહાન બની શકે છે એ સંદેશ ગીતામાં પણ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. 'હે અર્જુન, આ જીવનમાં જે કામ ને ક્રોધના પરિણામે પેદા થતા વેગોને સહેવાની શક્તિ કેળવે છે તે જ યોગી થાય છે ને સુખી બને છે.'

તોતાપુરીના પ્રસંગમાંથી એ સાર ગ્રહણ કરવાનો છે. ગ્રહણ કરીને બેસી રહેવાનું નથી, પણ એને જીવનમાં ઉતારવાનો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. પ્રથમ કેળવીએ પાત્રતા

કવિ દયારામ કહી ગયા છે કે 'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ ના સરે.' એ કથન સાવ તો ખોટું નથી જ. આત્મિક સાધનાના ક્ષેત્રને તો એ બરાબર લાગુ પડે છે. એવા કેટલાય સાધકો છે જે કોઈક અસાધારણ અનુભવ અથવા અનુગ્રહની અપેક્ષા રાખે છે, પરંતુ એક અથવા બીજી રીતે એમને એવા અનુગ્રહ કે અનુભવની પ્રાપ્તિ થઈ જાય તો તેને સહન કરી, જીરવી કે પચાવી નથી શકતા. શાસ્ત્રોમાં એટલા માટે જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે અધિકાર અથવા પાત્રતા જોઈને જ કોઈપણ વસ્તુ અર્પણ કરવી. પાત્ર જોયા વિના અર્પણ કરેલી વસ્તુ જોઈએ તેવી ને તેટલી ફળદાયક નથી થઈ શકતી.

એ સંબંધમાં શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના શિષ્યો અને મુખ્ય સેવક મથુરબાબુના જીવનનો પ્રસંગ યાદ આવે છે.

મથુરબાબુ શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના ભક્ત હતા, અને એમનો ખર્ચ પણ મોટેભાગે એ જ ઉપાડતા.

એમણે જ્યારે જાણ્યું કે રામકૃષ્ણદેવે કૃપા કરીને વિવેકાનંદના શિર પર હાથ મૂક્યો અને વિવેકાનંદને સમાધિનો અનુભવ કરાવ્યો ત્યારે એવો વિલક્ષણ અનુભવ કરવાની એમને પણ ઈચ્છા થઈ તથા એને માટે એમણે રામકૃષ્ણદેવને પ્રાર્થના કરી.

રામકૃષ્ણદેવે કહ્યું કે તમારી ભૂમિકા હજુ તૈયાર નથી થઈ, તમારામાં હજુ એટલી યોગ્યતા નથી આવી, માટે એવા અનુભવની ઈચ્છા ના રાખો, તો પણ મથુરબાબુએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો.

એ આગ્રહ દુરાગ્રહમાં પલટાયો ત્યારે રામકૃષ્ણદેવે એમના પર પણ એવો અનુગ્રહ કરવાનું સ્વીકાર્યું.

એમણે ભાવમાં આવીને પોતાની પાસે બેઠેલા મથુરબાબુના મસ્તક પર હાથ મૂક્યો.

એમના એ અસાધારણ શક્તિશાળી સ્પર્શથી મથુરબાબુનું મન સમાધિદશામાં ડૂબવા લાગ્યું. એમના મનની બધી જ વૃત્તિઓ શરીરના સ્થૂલ પ્રદેશનો પરિત્યાગ કરીને સૂક્ષ્મ પ્રદેશમાં લીન થવા લાગી.

આખોય અનુભવ અવનવો, અનેરો અને આનંદદાયક હતો તો પણ મથુરબાબુ એથી ગભરાઈ ગયા.

એ આકસ્મિક અનુભવનો આરંભ થયો ત્યાં જ એ બૂમ પાડી ઊઠ્યા, 'અરે, આ તમે શું કરી રહ્યા છો ? મારે તો સ્ત્રી છે, સંતાન છે, ઘર છે, પરિવાર છે, જમીન-જાગીર છે, સર્વ કાંઈ છે. મારે અત્યારથી આવી રીતે મરવું કે બધાનું ભાન ભૂલવું નથી. હજુ તો મારે જીવવું છે ને બધાનો રસ લેવો છે. કૃપા કરીને મારા મસ્તક પરથી તમારો હાથ લઈ લો.'

મથુરબાબુની મુંઝવણ જોઈને રામકૃષ્ણદેવે એમના મસ્તક પરથી હાથ હઠાવી દીધો.

મથુરબાબુની અવસ્થા પાછી પૂર્વવત્ બની ગઈ. એમને શાંતિ મળી.

રામકૃષ્ણદેવે કહ્યું, 'મેં પહેલેથી જ જણાવેલું ને વારંવાર જણાવેલું કે તમારી યોગ્યતા અધૂરી છે તો પણ તમે તમારો આગ્રહ ચાલુ જ રાખ્યો. હવે તો મારા શબ્દોની યથાર્થતાની પ્રતીતિ તમને પોતાને જ થઈ ગઈ ને ?'

મથુરબાબુ ચૂપ રહ્યા.

એ પછી ફરીવાર એમણે રામકૃષ્ણદેવને પોતાના મસ્તક પર હાથ મૂકવાની પ્રાર્થના ના કરી, ના કદી પણ નહિ.

જે અનુભવો પોતાના વ્યક્તિગત જીવનવિકાસના પરિણામે સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે તે જીવનવિકાસના ક્રમિક અંગ અથવા અંશરૂપ હોવાથી આનંદ આપે છે. તે જીવનમાં ભળી જાય છે. પરંતુ જે અનુભવો પૂરતી સાધનાત્મક તૈયારી વિના થાય છે કે ઉપરથી લાદવામાં આવે છે એ આનંદ નથી આપતા, શાંતિ નથી ધરી શકતા, અને વધારે ભાગે અશાંત અથવા બેચેન કરે છે. મોટા અને મહત્વના અનુભવોની અપેક્ષા રાખતા સાધકે સૌથી પહેલાં દીર્ઘકાળની વ્યવસ્થિત સાધનાનો આધાર લઈને જરૂરી ભૂમિકા તૈયાર કરવી જોઈએ. અનુભવો પછી આપોઆપ મળવા માંડશે તથા એમનો આસ્વાદ પણ માણી શકાશે.

મથુરબાબુના આ પ્રસંગમાંથી એ જીવનોપયોગી સંદેશ મળે છે. પહેલાં પાત્રતા કેળવીએ, પછી લોકોત્તર પદ, અવસ્થા અથવા અનુભવની આશા રાખીએ. એવી આશા નહિ રાખીએ તો પણ પાત્રતા તૈયાર થતાં એ આપોઆપ આવી મળશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૩. નરેન્દ્રની સંશયનિવૃત્તિ

એ વખતે સુપ્રસિદ્ધ સ્વામી વિવેકાનંદ હજુ સ્વામી વિવેકાનંદ નહોતા થયા અને સુપ્રસિદ્ધ તો શું પરંતુ પ્રસિદ્ધ નહોતા બન્યા. એ વખતની વાત છે.

એ વખતે એમનું નામ નરેન્દ્ર હતું.

એમને આધ્યાત્મિકતા અને આધ્યાત્મિક જીવનવિકાસની અભિરુચિ હોવાથી એ દક્ષિણેશ્વરના સુંદર શાંત સ્થળમાં રહેતા સંત શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ પાસે વારંવાર જતા.

એમના સંસર્ગમાં એમને ઊંડી શાંતિ મળતી.

રામકૃષ્ણદેવ સ્ત્રી માત્રમાં જગદંબાનું દર્શન કરતાં અને કામવાસનાથી સંપૂર્ણપણે મુક્ત હતા. પોતાની પત્ની શારદાદેવીની અંદર પણ એમણે સૃષ્ટિની એ પરાત્પરા શક્તિનું દર્શન કરેલું ને એ જ પવિત્ર ભાવથી પ્રેરાઈને એની વિધિપૂર્વક પૂજા કરેલી.

એ બધી હકીકત સામાન્ય મનુષ્યોને માટે સમજવી જરા મુશ્કેલ હતી. વિષયરસથી ભરેલા મોહાંધ મનુષ્યો એવી વાતોને ટાઢા પહોરના ગપ્પામાં અથવા અતિશયોક્તિમાં ખપાવે એવી શક્યતા વધારે હતી. એ તો ખરું, પરંતુ વિચારકો ને વિદ્વાનો પણ એવી વાતો સાંભળીને એમની સચ્ચાઈ વિશે આશંકા વ્યક્ત કરતા.

નરેન્દ્ર અવારનવાર રાતે રામકૃષ્ણદેવના આગ્રહને માન આપીને દક્ષિણેશ્વરમાં સૂઈ રહેતા. એ દિવસે પણ એ સૂઈ રહેલા.

એમને ખબર હતી કે રામકૃષ્ણદેવ રોજ મધરાત પછી ઊઠીને પોતાના ખંડને છોડીને પંચવટી તરફ જાય છે. રામકૃષ્ણદેવ મધરાતની ઊંડી શાંતિમાં પંચવટીની નીચે બેસીને ત્યાંના નીરવ વાતાવરણમાં લાંબા વખત લગી ધ્યાન કરતા ને પછી પાછા ફરતા.

વાત ઘણી સામાન્ય હતી પરંતુ એને યાદ કરવાથી નરેન્દ્રના મનમાં એ દિવસે સંશયનો ફણગો ફૂટ્યો. એ સંશયમાં સહાયક બને એવી એક બીજી હકીકત પણ એની સાથે સંકળાયેલી હતી. રામકૃષ્ણદેવ જે મકાનમાં રહેતા તે મકાનથી પંચવટી જવાના માર્ગમાં વચ્ચે નોબતખાના નામનું મકાન આવતું. તેમાં શારદાદેવી વાસ કરતા. એટલે એ બધી કડીઓને એકઠી કરીને નરેન્દ્રની ફળદ્રુપ કલ્પનાશક્તિને નક્કી કરતાં વાર ન લાગી કે ધ્યાન કરવા જવાના બહાને રામકૃષ્ણદેવ રોજ રાતે પોતાના ઓરડામાંથી બહાર નીકળીને સીધા નોબતખાનામાં એમની પત્ની શારદાદેવીની પાસે જ પહોંચી જાય છે !

એમને થયું કે આજે રાતે રામકૃષ્ણદેવ બહાર જાય ત્યારે એમની એ ચોરીને પકડી પાડું અને બીજાને પણ બતાવી આપું કે મધરાત પછીની એમની શારદાદેવી સાથેની કામસાધના કેવી છે !

મધરાતની રાહ જોતાં એ રામકૃષ્ણદેવના ઓરડામાં પાથરેલી પથારી પર પડી રહ્યા.

મધરાત પછી રામકૃષ્ણદેવ ઊઠીને ઓરડાની બહાર નીકળ્યા એટલે નરેન્દ્રે પણ એમને ખબર ન પડે તેમ થોડીવારે એમની પાછળ પાછળ ચાલવા માંડ્યું.

નોબતખાના આગળ આવીને એ એની બહાર પ્રતિક્ષા કરતાં બેસી રહ્યા.

એમણે વિચાર્યું કે રામકૃષ્ણદેવ હમણાં બહાર આવશે. કેટલી સરસ રીતે પકડાઈ જશે. એમને પોતાને તો ખ્યાલ પણ ક્યાંથી હોય, હું એમની પાછળ પાછળ આવી રીતે એમને સપડાવવા માટે નીકળ્યો છું !

નરેન્દ્રના મનમાં એવા વિચારો ચાલી રહેલા ત્યાં તો એકાદ કલાક પછી ચંદ્રના ઝાંખા પ્રકાશમાં રામકૃષ્ણદેવ દૂરથી આવતા દેખાયા. એ પંચવટીની દિશામાંથી જ આવી રહેલા.

નરેન્દ્રની નવાઈ વચ્ચે એ જોતજોતામાં એમની પાસે આવી પહોંચ્યા. ને બોલ્યા, 'નરેન્દ્ર, તું અત્યારે અહીં કેમ ઊભો રહ્યો છે ?'

નરેન્દ્ર શું બોલે ? એ મૌન જ રહ્યા !

પરંતુ રામકૃષ્ણદેવ અંતર્યામી હોય એમ તરત જ કહેવા માંડ્યા, 'તારા મનમાં મારા માટે સંશય પેદા થયો છે ને એથી પ્રેરાઈને તું મારી પરીક્ષા કરવા આવ્યો છે તેની મને ખબર છે. હરકત નહિ. પણ હવે તો તને ખાતરી થઈને કે હું મધરાત પછી ઊઠીને નોબતખાનામાં શારદાદેવી પાસે નથી જતો પરંતુ પંચવટી નીચે ધ્યાન કરવા જઉં છું ?'

નરેન્દ્રે રામકૃષ્ણદેવને પ્રણામ કરીને પોતાનો અફસોસ જાહેર કર્યો.

રામકૃષ્ણદેવે કહ્યું, 'તારી વૃત્તિની હું કદર કરું છું. એ વૃત્તિ મને ગમે છે. માટે જ હું તારા પ્રત્યે આટલો બધો પ્રેમ રાખું છું. કોઈ પણ વાતને ચકાસ્યા વિના કે પૂરેપૂરી અનુભવ્યા વગર સ્વીકારવી નહિ એ ભાવનાની હું પ્રશંસા કરું છું.'

નરેન્દ્રની સંશયવૃત્તિની નિવૃત્તિ થઈ.

રામકૃષ્ણદેવ જેવા વિવેકી જાગ્રત અને ઉદાર મનના મહાપુરુષ અથવા ગુરુ બીજા કોણ મળે ? અને નરેન્દ્ર જેવા શિષ્યો પણ કેટલા ?

સંશયની વૃત્તિ કેવળ ટીકા, આલોચના કે નિંદાના આશયથી પ્રેરાઈને જ પેદા થતી ને જીવંત રહેતી હોય ને માણસને વહેમી, ક્ષુદ્ર ને હીન બનાવતી હોય તો તેવી વૃત્તિ ઉપયોગી નથી થઈ શકતી. પરંતુ એથી ઊલટું જો એ વૃત્તિ સહજ હોય, જિજ્ઞાસાથી પ્રેરાયેલી ને સત્યને ઓળખવાની ભાવનાવાળી હોય તો તે મનના સમાધાનમાં તથા જીવનવિકાસમાં મદદરૂપ થઈ પડે છે. પહેલાની સંશયવૃત્તિ અભિશાપરૂપ અને બીજી આશીર્વાદરૂપ ઠરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. વિવેકાનંદ અને વાંદરા

વેદાંત કેસરી સ્વામી વીર વિવેકાનંદના જીવનની વાત છે.

એ વાત એમણે પોતે જ પરદેશમાં કરેલાં પોતાનાં પ્રવચનોમાં કહી બતાવી છે.

વાત ઘણી સરસ તથા પ્રેરણાત્મક છે એથી એનું અવારનવાર સ્મરણ થઈ આવે એ સ્વાભાવિક છે.

પોતાની પ્રખ્યાતિના વખત પહેલાં સ્વામી વિવેકાનંદે દેશના પ્રત્યક્ષ દર્શનની અને દેશની પરિસ્થિતિને જાણવાની ઈચ્છાથી પ્રેરાઈને અમુક ચોક્કસ સમય સુધી દેશનું પરિભ્રમણ કરેલું.

એ દરમિયાન દેશના વિવિધ પ્રદેશોમાંથી પસાર થતાં એ મધ્યપ્રદેશમાં આવી પહોંચ્યા.

ત્યાંના પોતાના પ્રવાસ દરમિયાન એ એકવાર એક અરણ્ય જેવા પ્રદેશમાંથી આગળ વધી રહેલા ત્યારે એકાએક એમની દ્રષ્ટિ પાછળ પડી તો એમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

એમણે પોતાની પાછળ થોડેક દૂર વાંદરાના એક નાના સરખા ટોળાને આવતું જોયું.

વાત એકદમ સાધારણ અને વનના વાતાવરણને માટે તદ્દન કુદરતી હતી. તો પણ વિવેકાનંદને એથી આશ્ચર્ય તો થયું જ, પરંતુ વધારામાં ભયની લાગણી થઈ આવી.

એ લાગણીથી પ્રેરાઈને એ રસ્તા પર દોડવા લાગ્યા.

આગળ વિવેકાનંદ અને પાછળ વાંદરાનું ટોળું, બન્ને વચ્ચે જાણે કે દોડવાની હરિફાઈ શરૂ થઈ.

વિવેકાનંદ વચ્ચે વચ્ચે પાછળ નજર કરીને જોવા લાગ્યા તો વાંદરાઓની સંખ્યા એમને વધતી લાગી.

વાંદરા એમને પકડી પાડવા અને એમના પર આક્રમણ કરવા ઉત્સુક હોય એવું લાગવા માંડ્યું.

વિવેકાનંદને સમજ ના પડી કે આ દશામાં શું કરવું.

એ વધારે ને વધારે વેગથી આગળ દોડવા માંડ્યા.

પરંતુ વાંદરાનું ટોળું પાસે ને પાસે આવતું ગયું અને એમની નિરાશા વધતી ગઈ. એ વધારે ભયભીત થયા.

એ જ વખતે દૂરના એક ખેતરમાંથી કોઈ ખેડૂતનો અવાજ આવ્યો, 'સ્વામીજી, દોડો નહિ. દોડવાને બદલે હિંમતપૂર્વક વાંદરાઓની સામે ઊભા રહો.'

વિવેકાનંદને એ શબ્દોથી પ્રેરણા મળી. એ તરત જ વાંદરાઓની સામે ઊભા રહ્યા. એની અસર એવી તો ચમત્કારિક થઈ કે વાંદરાઓનું ટોળું દોડતું અટકી ગયું, ને ધીમે ધીમે વીખેરાયું.

એ હકીકતને વારંવાર યાદ કરીને સ્વામી વિવેકાનંદ કહેતા કે એવી જ રીતે માયાનો પ્રતિકાર કરો, એવી જ રીતે ભ્રાંતિ અથવા અજ્ઞાનનો સામનો કરો.

એ ઉદ્દગાર સમજવા જેવા છે. જીવનમાં જ્યારે સંકટો, પ્રલોભનો કે ભયસ્થાનોથી ઘેરાઈ જવાનો અવસર આવે ત્યારે હતપ્રભ કે હતાશ થવાને બદલે, પોતાના મૂળભૂત આત્મસ્વરૂપને યાદ કરી, એમાં પ્રતિષ્ઠિત થઈને, એમની સામે હિંમતપૂર્વક ઊભા રહેવાની જરૂર છે. એવી રીતે પ્રતિકૂળતાથી નાસીપાસ થવાને બદલે જે પરમાત્મામાંથી પ્રેરણા મેળવીને બનતી શાંતિ રાખીને માર્ગ કરે છે તે જ ભયમાંથી મુક્ત

બને છે અને જીવનના વિકાસની સર્વોત્તમ સફરમાં સફળતાપૂર્વક આગળ વધે છે. નિરાશા નહિ પણ આશા, નિર્બળતા નહિ પણ બળ, ને નાહિંમત નહિ પણ હિંમતને ધારણ કરવાથી જ લાભ થાય છે. આજે પણ એ સંદેશ એવો જ અસરકારક અને અમર છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. તોતાપુરીની કાયાપલટ

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના યોગસાધનાના ગુરુ તોતાપુરી.

નર્મદાના પ્રશાંત તટ પર વરસો સુધી એકાંતિક સાધના કરીને એમણે નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કરેલી અને ઈશ્વરના નિરાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર કરેલો. પરંતુ એમને ઈશ્વરના સાકાર સ્વરૂપમાં તથા ભક્તિમાં શ્રદ્ધા ન હતી. શ્રદ્ધા ન હતી એ તો બરાબર, પરંતુ વધારેમાં અણગમો કે તિરસ્કાર હતો. રામકૃષ્ણદેવ ઈશ્વરનું નામસંકીર્તન કરતાં તાળીઓ પાડતા તે જોઈને એ હસતા ને વ્યંગમાં કહેતા કે તાળીઓ પાડીને ઝાડ પરથી પંખીઓ ઉડાડો છો કે શું ? રામકૃષ્ણ કહેતા કે પંખીઓને નથી ઉડાડતો પરંતુ ઈશ્વરના ગુણાનુવાદ ગાઉં છું. તો પણ તોતાપુરી તો વિનોદ કરતાં હસતા જ રહેતા.

રામકૃષ્ણદેવનો ભક્તિભાવ પણ કેવો ? જગદંબાના ગુણાનુવાદને પરિણામે એમની આંખમાંથી પ્રેમનાં આંસુ વહી જાય, એમને રોમાંચ થાય, અને એમનું મન શરીર અને ઈન્દ્રિયોના સ્થૂલ પ્રદેશમાંથી ઉપર ઊઠીને સમાધિના સૂક્ષ્મ પ્રદેશમાં પ્રવેશ કરી જાય. એ દ્રષ્ટિએ જોતાં એમનું જીવન એકદમ વિલક્ષણ હતું. એમની એ વિલક્ષણતાને તોતાપુરી ના સમજી શકતા. છતાં પણ એમના બીજા અસાધારણ ગુણોને લીધે એ એમની ઉપર પ્રેમ રાખતા.

ભક્તિભાવમાં ના માનવાને લીધે તો તોતાપુરી લાંબા વખત લગી દક્ષિણેશ્વરમાં રહેવા છતાં રામકૃષ્ણ જેમને ઈષ્ટ માનતા તે દેવીના મંદિરમાં દર્શન કરવા માટે ગયા જ ન હતા.

રામકૃષ્ણદેવના પવિત્ર પ્રેમથી પ્રેરાઈને તોતાપુરી દક્ષિણેશ્વરના સ્થાનમાં છ મહિના જેટલો લાંબો વખત રહ્યા તે દરમિયાન એક નોંધપાત્ર બનાવ બન્યો.

કલકત્તાનું પાણી માફક ના આવવાથી કે કોઈક બીજા કારણથી એમને શરીરે ભયંકર ગરમી ફાટી નીકળી.

ઉપચાર કરવામાં એ માનતા જ નહિ, અને બીજી રીતે એમની ગરમી ના મટી પણ વધતી જ ગઈ, એટલે આખરે એ કંટાળ્યા અને શરીરનો ત્યાગ કરવા માટે તૈયાર થયા.

એક દિવસ એમણે નક્કી કર્યું કે આજે રાતે મંદિરમાં બધાં સૂઈ જશે ત્યારે, કોઈને ખબર નહિ પડે તેવી રીતે બાજુમાં વહેતી ગંગામાં ડૂબીને મારા શરીરને શાંત કરી દઈશ. એ સિવાય બીજો કોઈ રસ્તો મને નથી દેખાતો.

એ વાતની જરા જેટલીયે ગંધ રામકૃષ્ણદેવને ના આવે એનું એમણે ધ્યાન રાખ્યું.

મધરાતને વખતે સમસ્ત સૃષ્ટિ શાંત થઈ ગઈ ત્યારે, તોતાપુરી પોતાના પંચવટીના વૃક્ષ નીચેના એકાંત આસન પરથી ઊભા થયા, કોઈ પોતાને જોતું તો નથી ને એની ખાતરી કરી લેવા એમણે આજુબાજુ નજર નાખી, અને ગંગાના ઘાટ તરફ પ્રયાણ કર્યું.

ઘાટ પર આવીને એમણે ગંગાના પાણીમાં પ્રવેશ કર્યો અને આગળ વધ્યા. પરંતુ... એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

જે ગંગા રોજ પ્રબળ વેગથી વહી જતી તે ગંગામાં આજે એમને ડૂબાડવા જેટલું પાણી જ ના લાગ્યું. એ પાણી ઘૂંટણ કરતાં ઉપર ચઢતું જ નથી. એ પાણી ગયું ક્યાં ?

એ વધારે આગળ વધ્યા પરંતુ પાણીની સપાટી સહેજ પણ ના વધી.

છેવટે નિરાશ થઈને, શરીરત્યાગનો વિચાર પડતો મૂકીને, કોઈ પોતાને જોઈ જાય તે પહેલાં જ પોતાના આસન પર પાછા ફરવાની ઈચ્છા સાથે એ ઘાટ પરથી પાછા ફર્યા.

પરંતુ વિધિનું વિધાન જુદું જ હતું. એ ઘાટ પરથી પાછા ફરતા'તા ત્યાં જ માર્ગમાં એમને રામકૃષ્ણદેવનો મેળાપ થયો.

એમને આકસ્મિક રીતે આવેલા જોઈને એમને ખૂબ જ સંકોચ થયો.

રામકૃષ્ણદેવે એમને સંકોચરહિત સ્વરે પૂછ્યું, 'ગુરુદેવ, અત્યારે મધરાતને વખતે આમ ક્યાંથી ?'

તોતાપુરી નિરુત્તર રહ્યા એટલે રામકૃષ્ણદેવે કહ્યું, 'જગદંબાની કૃપાથી હું જાણું છું કે તમે ગંગામાં ડૂબવા ગયેલા. મારી 'મા'ને તમે માનતા નથી પરંતુ એણે જ તમને બચાવ્યા છે. તમે એને પગે તો લાગો.'

એમના શબ્દોની તોતાપુરી પર અસાધારણ અસર થઈ. એ દેવીના મંદિરમાં જવા માટે પહેલી જ વખત તૈયાર થયા.

મંદિરમાં પ્રવેશીને જોયું તો દેવી સામે જ ઊભી હતી. એણે કહ્યું, 'તોતાપુરી, તું મને માનતો નથી પરંતુ હું છું. તને આજે ગંગામાં ડૂબતો મેં જ બચાવ્યો છે. તને અજ્ઞાન તથા સંકુચિતતામાંથી મુક્ત કરવા માટે જ મેં એ પ્રસંગ યોજેલો. મારા અનુગ્રહ અથવા આશીર્વાદથી તારી બધીય ગરમી હવે મટી જશે, અને તું પણ હવે થોડા જ વખતમાં આ સ્થળમાંથી વિદાય થજે.'

તોતાપુરી દેવીના ચરણે પડ્યા. એ જ વખતે દેવી અદૃશ્ય થઈ.

શારીરિક તથા માનસિક બંને રીતે તોતાપુરીની કાયાપલટ થઈ ગઈ. 'સાકાર અને નિરાકાર બંને એક જ સિક્કાનાં બે પાસાં જેવાં છે. બંને એકમેક સાથે જોડાયેલાં છે.' રામકૃષ્ણદેવના એ વચનોનો મર્મ એ અદ્દભૂત અનુભૂતિથી એમને સારી પેઠે સમજાઈ ગયો. એમને સર્વાંગી જ્ઞાનની પ્રાપ્તિ થઈ.

શરીર તથા મનનું સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવીને છેવટે એ દક્ષિણેશ્વરથી ચાલી નીકળ્યા ત્યારે રામકૃષ્ણદેવના વિયોગના વિચારે ગળગળા બની ગયા. એમની આંખ આભારની અભિવ્યક્તિ કરતી ટપકી પડી. ધન્ય એ ગુરુ ને ધન્ય એ શિષ્ય ! બંને એકમેકના જીવનવિકાસના ગુરુ થયા ને બંને એકમેકના શિષ્ય બન્યા.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. સેવાના વ્રતધારી દયાનંદ

મોરબીની પાસેનું નાનકડું ટંકારા ગામ. કોને ખબર હતી કે એ નાનકડું ગામ એક એવા મોટા પુરુષની-જ્યોતિર્ધરની ભેટ આપશે, જેનો પ્રકાશ કેવળ ભારતમાં જ નહિ, ભારતની બહાર પણ પહોંચી જશે ? ગરીબ માતાપિતાના ઘરમાં જન્મેલા મૂળશંકર, વખતના વિતવા સાથે, ભારતના વર્તમાન કાળના જ નહિ પરંતુ બધા જ કાળના એક મહાન અને અજોડ સાંસ્કૃતિક સૂત્રધાર બની, ઈતિહાસમાં દૈદીપ્યમાન અને અમર એવા મહર્ષિ દયાનંદ બનશે, એની કોને ખબર હતી ?

મૂળશંકર ટંકારા છોડી બહાર નીકળ્યા, અને એમાંથી જગવિખ્યાત સ્વામી દયાનંદ થયા, એ બંનેની વચ્ચે કેટલાય પ્રસંગો છે અથવા કહો કે ઘટનાચક્રનો ઈતિહાસ છે. માણસ એ રીતે જ મહાન બને છે. નાના ને મોટા પ્રસંગોમાંથી પસાર થઈને, અને પ્રત્યેક પ્રસંગમાંથી, મધમાખીની જેમ, કાંઈ ને કાંઈ જીવનોપયોગી મધુ લઈને.

દયાનંદના જીવનની એવી અનેક પ્રકારની પ્રસંગ પરંપરામાંથી, એક પ્રસંગને આજે રજૂ કરું છું. પ્રસંગ છે તો નાનો પરંતુ ગુણવત્તામાં ઘણો મોટો છે. દયાનંદને લોકસેવાના ભેખધારી દયાનંદ બનાવવામાં એ પ્રસંગનો ફાળો ઘણો મહત્વનો છે. એની પ્રતીતિ એ આખા પ્રસંગનો વિચાર કરનારને થયા વિના નહિ રહે. દયાનંદના જીવન પાછળ જે પ્રેરક બળ કામ કરી રહ્યું હતું, તેનો એ પરથી સાધારણ સરખો પણ ખ્યાલ આવે છે. એ રીતે જોતાં, એ પ્રસંગનું મૂલ્ય ઘણું છે.

આવો ત્યારે, એ સાધારણ પ્રસંગનો વિચાર કરીએ.

ભારતના વિદ્વાનો કે પંડિતોના પિયર જેવા કાશીની કલ્પના કરી લો. ભગવતી ગંગાનો ત્યાં ઘાટ છે. એ ઘાટ પર વિદ્વાન, પ્રજ્ઞાચક્ષુ સ્વામી વિરાજાનંદનો આશ્રમ છે. ત્યાં રહી દયાનંદ અભ્યાસ કરે છે. વેદ શીખે છે. વિરાજાનંદ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં, વેદના પારદર્શી પંડિત છે. શ્રુતિ અને સ્મૃતિ ગ્રંથોના અઠંગ આલોચક. ક્રોધે ભરાય ત્યારે એમને કશું ભાન નથી રહેતું. હાથમાં દંડ કે લાકડી જે આવે તે લઈ એ દયાનંદના શરીર પર પ્રહાર કરે છે. દયાનંદને વાગે છે પણ ખરું, છતાં ગુરુની આમન્યામાં માનનાર શિષ્ય શાંત રહે છે. ઊલટું, કોઈવાર કહે છે, 'પ્રભુ, આપને ભારે શ્રમ પડતો હશે !' ગુરુનો રોષ એવા શાંત શબ્દો સાંભળી છેવટે શમી જાય છે, અને એ પશ્ચાત્તાપ પણ કરવા માંડે છે.

આજે એમણે એવો જોરદાર લાઠી પ્રહાર કર્યો, જેને પરિણામે દયાનંદને વાગ્યું પણ વધારે. છેવટે ગુરુએ અફસોસ કર્યો ને કહ્યું, 'બેટા, આજે તને ઘણું વધારે વાગ્યું. ચાલ હવે વેદપાઠ બંધ કર, મેં તને વેદનું બધું રહસ્ય બતાવી દીધું છે, હવે તારે કાંઈ ભણવાનું બાકી નથી રહેતું. તારો બધોયે અભ્યાસ હવે પૂરો થયો છે. તારા જેવો શાંત અને સહનશીલ શિષ્ય મને બીજો કોઈ મળ્યો નથી. મેં પણ મારા દિલને તારી આગળ ખોલી દીધું છે. તું મને ગુરુદક્ષિણા આપી અહીંથી વિદાય થજે.'

દયાનંદની આંખમાં આંસુ આવ્યાં. આવા ગુરુ બીજે ક્યાં મળે ? કેટલા પ્રેમથી બાર બાર વરસ સુધી એમણે એને ભણાવ્યો હતો ?

દયાનંદ જાણતા હતા ગુરુને લવીંગ પ્રિય છે. નીકળતાં પહેલાં ગુરુની આગળ ગુરુદક્ષિણામાં એણે પાંચ લવીંગ ધરી ગુરુની રજા માંગી.

ગુરુ ભાવવિભોર બનીને બોલી ઊઠ્યા, 'બેટા, મને તું અતિપ્રિય છે. પરંતુ મારે ખાતર તને અહીં વધારે નહિ રોકી રાખું. દેશમાં કંગાલિયત છે, ગરીબી છે, નિરક્ષરતા છે, દુઃખ છે, દર્દ છે અને અજ્ઞાન છે. મારૂં દિલ એથી દ્રવી ઊઠે છે, દક્ષિણામાં તેં મને પાંચ લવીંગ તો આપ્યાં, પણ સંકલ્પ કર : મેં આપેલા જ્ઞાનથી તું જીવનભર એ બધાંનો અંત લાવવા પ્રયાસ કરીશ અને એને માટે જ મરીશ.'

દયાનંદની છાતી હાલી ઊઠી. બીજાના હિતની ભાવના એમના દિલમાં ભરેલી જ હતી. ગુરુને એમણે ઉચિત શબ્દોમાં આશ્વાસન આપ્યું.

ગુરુએ પ્રસન્ન થઈ એમને અભિનંદન આપતાં કહ્યું, 'ઈશ્વર તને સફળ કરશે એવો મારો આશીર્વાદ છે. દેશને તું અજ્ઞાન ને જડતાની ઘોર ઊંઘમાંથી બેઠો કર, એ માટે જ વિચરણ કર.'

રડતા ગુરુ અને રડતા શિષ્ય છૂટા પડ્યા. પછીનો ઈતિહાસ આજે આખું જગત જાણે છે. દયાનંદે ગુરુનું વચન પાળ્યું, અને એ વચનનું પાલન કરતાં કરતાં જ શરીર છોડ્યું.

દેશમાં કોલેજો, વિદ્યાપીઠો, લાઈબ્રેરીઓ ને ડિગ્રીઓ વધતી જાય છે. પરંતુ દેશને આજે જરૂર છે વિરાજાનંદ જેવા દેશપ્રેમી, નિઃસ્વાર્થ ગુરુની તથા દયાનંદ જેવા દેશની સેવાના વ્રતધારી શિષ્યોની. એ બેને સાચવી શકીશું તો દેશ આઝાદ રહેશે, આનંદમય રહેશે, અને અમર બનશે, બાકી તો કેળવણી કેવળ વેઠ કે બોજારૂપ જ બની જશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. બંગાલી કન્યાની મુક્તિ

ઈ.સ. ૧૯૪૮માં કલકત્તામાં ભયંકર કોમી રમખાણો ફાટી નીકળ્યા હતાં. લૂંટ, આગ, અપહરણ, અત્યાચાર, અનાચાર, જોરજુલમ ને હત્યાના બનાવો બધે બનવા માંડ્યા. માનવે માનવતાને વિસારી દીધી ને દાનવતા ધારણ કરી. આતંકની મૂર્તિ બની એ ચારે તરફ ફરવા માંડ્યો. બધે હાહાકાર થઈ રહ્યો. અશાંતિ વ્યાપી ગઈ. અનીતિ છવાઈ ગઈ. એ રમખાણોમાં સ્ત્રી જાતિએ જે સહન કર્યું એ અજોડ હતું. ભારતમાતાનો આત્મા એ ઘોર અત્યાચારથી કકળી ઊઠ્યો.

એક બંગાળી કન્યા એ વખતે એક મુસલમાનના હાથમાં ફસાઈ ગઈ. મુસલમાન પરણેલો હતો. એ એને પાકિસ્તાન લઈ જવા તૈયાર થયો. પોતાની બીજી પત્ની સાથે એણે એ બંગાળી કન્યાને પણ બુરખો પહેરાવ્યો અને કલકત્તાથી બધાં ટ્રેનમાં લાહોર જવા માટે વિદાય થયાં.

બંગાળી કન્યા બહાદુર હતી. પરંતુ અત્યાચાર આગળ એનું કશું ન ચાલ્યું. એણે વિચાર કરી નક્કી કર્યું કે બળ હવે કામ નહિ લાગે, બુદ્ધિયે કામ નહિ લાગે. જે નરાધમના પંજામાં પોતે ફસાઈ છે, તે નરાધમ સાથે હવે તો પાકિસ્તાન જવું એ જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય હવે કામ લાગે તેમ નથી. બંગાળની ભૂમિને હવે ભૂલી જવી પડશે, કલકત્તાનું જીવન સ્વપ્ના જેવું થઈ રહેશે.

એની છાતી ધડકી ઊઠી, નસો હાલી ઊઠી, એની આંખે અંધારાં આવ્યાં. આવા જીવન કરતાં તો મરણ સારું. એવો એને વિચાર આવ્યો. પણ મરવું ય કેવી રીતે ? મરવા માટેનો માર્ગ પણ ક્યાં હતો ?

ભાગ્યશાળી હોય તેને જ મરણ મળે ને ? તે કાંઈ જેને-તેને કે માગનારને થોડું જ મળે છે ? ગાડી દોડાદોડ કરતી આગળ વધ્યે જતી હતી. ત્યાં તો એને એની માતાના શબ્દો યાદ આવ્યા, 'વિપત્તિ હોય ત્યારે જરા પણ મૂંઝાયા કે ગભરાયા વિના ઈશ્વરને યાદ કરવા, ને સાચા દિલથી ઈશ્વરની પ્રાર્થના કરવી. જે મદદ કોઈ નથી કરી શકતું તે ઈશ્વર કરે છે. એને કરેલી પ્રાર્થના કદી નકામી જતી નથી.'

અને પ્રેરણાનો એક નવો પ્રવાહ એના પ્રાણમાં ફરી વળ્યો. એક નવા પ્રકાશ અને નવી આશાથી એનો આત્મા આલોકિત બની ઊઠ્યો. એને થયું, દુઃખ વેઠવાનું નક્કી જ છે, તો પછી ઈશ્વરનું સ્મરણ કરીને શાંતિપૂર્વક શા માટે ન વેઠવું ? ઈશ્વરની કૃપા માટે બનતા પ્રેમભાવથી પ્રાર્થના શા માટે ન કરવી ?

બંગાળી કન્યાએ પ્રાર્થના કરવાનો આરંભ કર્યો. એની આંખમાંથી આંસુ ચાલી નીકળ્યાં, હે પ્રભુ ! મારી રક્ષા કરો, ગમે તેમ કરી મારી રક્ષા કરો. હું તમારી ભક્ત નથી, છતાં શરણાગત તો છું જ. તમારા વિના જીવનમાં કોઈનો ય આધાર નથી રહ્યો. હત્યારાએ મારા ભાઈ ને મા-બાપની હત્યા કરી છે. મને હવે કોઈ અજાણ્યા પ્રદેશમાં લઈ જવાય છે. તમે મને મદદ કરો ને ગમે તેમ કરી આ પિશાચના હાથમાંથી છોડાવો, નહિ તો પછી મારા શ્વાસ બંધ કરી દો-મને મૃત્યુ આપો.

ઈશ્વરે એની પ્રાર્થના સાંભળી હોય એવો એક બનાવ બન્યો. બરેલીના સ્ટેશને ટ્રેન ઊભી રહી, ને એક ટિકિટ ચેકરે એ જ ડબ્બામાં પ્રવેશ કર્યો. પેલા સેકન્ડ ક્લાસના ડબ્બામાં બેઠેલા મુસલમાન ભાઈ પાસે એણે ટિકિટ માંગી. એનો અવાજ સાંભળી પેલી બંગાળી કન્યાને જરા હિંમત આવી. પોતાનો પગ એણે ટિકિટબાબુના પગ પર દાબી જોયો, એકવાર, બે વાર, ત્રણ વાર, ઉપરાઉપરી પગ દબાવવાથી ટિકિટબાબુને

શંકા ગઈ. નીચે ઉતરીને એ એક સ્ત્રી કંડક્ટરને બોલાવી લાવ્યો. સ્ત્રી કંડક્ટરની હાજરીમાં કન્યાનો બુરખો એમણે ઊંચો કરાવ્યો, તો એ સ્તબ્ધ બની ગયા. કન્યાના મોંમાં ડૂચો હતો, ને એના હાથ પીઠ પાછળથી બાંધેલા હતા. પોલીસની મદદથી એમણે કન્યાને નીચે ઊતારી.

એવી રીતે કન્યાને મુક્તિ મળી. જેમ તેમ કરીને એ બંગાળી કન્યા કલકત્તા જવા ફરી વિદાય થઈ. એનો આત્મા, ઈશ્વર પ્રત્યેના પ્રેમભાવથી નાચી ઊઠ્યો. એને કેટલો બધો આનંદ થયો, ને કેટલી શાંતિ થઈ તે કોણ કહી શકે ? આપણે તો તેની કલ્પના જ કરી શકીએ.

ઈ.સ. ૧૯૪૮માં બનેલી આ સત્યઘટના આજે પણ કહી રહી છે કે દુઃખ, પરિતાપ, ચિંતા, મુસીબત, વેદના કે આફતના વિપરીત વખતમાં નિરાશ કે નાસીપાસ થઈ બેસી રહેવાને બદલે, તમારી અંદર ને બહાર બધે જ બેઠેલા પ્રિયતમ પરમાત્માનું શરણ લો, તેની પ્રાર્થના કરો, ને તેને પોકાર પાડો. હિંમતને હાર્યા વિના, ધીરજને ખોયા વિના, તેની મદદની માંગણી કરો, તો તે મદદ જરૂર કરશે, તમારી વહારે થાશે ને કૃપા વરસાવી તમને ધન્ય કરશે. તમને મદદ કરવા કોઈપણ જાતના સ્વાર્થ વિના એ સદાયે તૈયાર છે. ફકત તમે એને ઓળખતા નથી, એની મદદ માટે તમારું હૃદય ખોલી હાથને લાંબો કરતા નથી એટલું જ. આવો, ને જીવનને સાચા અર્થમાં સુખી, શાંત ને કૃતાર્થ કરવા માટે એ પરમાત્માનું શરણ લો !

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. આસામની કન્યા

આસામની ધરતીની વાત છે.

દેશના જ ઈતિહાસમાં નહિ, સમગ્ર દુનિયાના ઈતિહાસમાં કાયમને માટે અમર રહે એવી છે. આસામની ધરતીના અંતરમાં એ સુવર્ણાક્ષરે લખાયેલી છે.

ચીની સૈનિકોના ધાડાં ભારતની સરહદ પરના નેફા વિસ્તારમાં, તીડનાં ટોળાંની જેમ તૂટી પડ્યાં, ત્યારે સભ્યતાની કોઈપણ ભાષામાં નહિ માનનારા એ આક્રમણખોરોનો તન, મન, ધનથી સામનો કરવા, એમને આગેકૂચ કરતા અટકાવવા, અને બને તો એમને નેફા વિસ્તારમાંથી તગેડી કાઢવા, દેશના સૂત્રધારોએ આહ્વાન કર્યું. એ આહ્વાન સાંભળી આખા દેશમાં વીજળી દોડી ગઈ. કાશ્મીરથી કન્યાકુમારી ને દ્વારકાથી આસામ સુધીનો બધો યે પ્રદેશ ખળભળી ઊઠ્યો. લોકોમાં જાણે વંટોળ ચઢ્યો. ઝંઝાવાતની જેમ ઝડપી ગતિથી ધસતાં આવતા ચીની ટોળાંને રોકવા સમગ્ર જનતા કટિબદ્ધ થઈ.

એ વખતે તેજપુરમાં મધ્યમ વર્ગના એક કુટુંબની એક ખુબસુરત કન્યા હતી. વીસેક વરસની ઉંમરની એ આજુબાજુના મહોલ્લાઓમાં સ્વરૂપવતી મનાતી. તાવાંગ પડ્યું અને ચીની આક્રમણખોરો આગળ વધવા લાગ્યા, ત્યારે એ કન્યાના પ્રેમમાં પડેલો એક યુવાન એની પાસે આવીને કહેવા માંડ્યો, 'હવે તો આપણે જલદી લગ્ન કરી લઈએ તો સારું, જીવન નચિંત બની જાય. તારા વિના હવે મારાથી નથી રહેવાતું. તું મારા જીવનની કોણ છે તે ખબર છે ? પ્રેરણા, પ્રકાશ, દેવી. તું મળશે ત્યારે જ મને શાંતિ મળશે.'

કન્યાએ કહ્યું, 'મારા હાથની માગણી એકલા તેં જ નથી કરી. બીજા યુવકે પણ મારા મોહમાં પડી મારી સાથે લગ્ન કરવાની ઈચ્છા બતાવી છે. તેને માટે તેણે હજુ થોડા દિવસ પહેલાં જ પ્રસ્તાવ મૂક્યો છે.'

'હું એની સાથે તારું લગ્ન નહિ થવા દઉં.' યુવાને કહ્યું, 'કોઈપણ સંજોગોમાં તને બીજા કોઈની નહિ થવા દઉં. મને નહિ મળે તો હું જીવનમાંથી રસ ખોઈ બેસીશ અને આપઘાત કરીશ.'

એટલામાં તો પેલો લગ્નનો ઉમેદવાર બીજો યુવક આવી પહોંચ્યો.

થોડીક ઔપચારિક વાતચીત પછી એણે પૂછ્યું, 'મારા પેલા પ્રસ્તાવ પર વિચાર કર્યો કે નહિ ?'

'કર્યો છે' કન્યાએ કહ્યું.

યુવક આનંદમાં આવી ગયો. બીજો યુવાન જરા ચિંતામાં પડ્યો.

'શો વિચાર કર્યો ? હવે તો એકેક દિવસ મને યુગ જેવો લાગે છે. કેમે કરીને જતો જ નથી.'

'ભારત પર....આપણા પ્યારા ભારત પર ચીની આક્રમણ થયું છે તે ખબર છે ને ?' કન્યાએ પૂછ્યું.

'ખબર છે,' યુવકે ઉત્તર આપ્યો.

'ચીની ધાડા તાવાંગ કબજે કરી વાલોંગ તરફ ધસ્યા આવે છે, તે ખબર છે ?'

'તેની પણ ખબર છે.'

'વાલોંગ પડે, ને બોમડીલા પણ દુશ્મનના હાથમાં જાય, તો તેજપુરની શી દશા થાય તે કલ્પી શકો છો ?'

'હા, ઘણી ભયંકર દશા થાય.'

'તો પછી અત્યારે દેશવાસી તરીકે આપણી શી ફરજ છે ? લાગણીવેડામાં તણાઈ જઈ, લગ્ન કરી સુખોપભોગ કરવાની કે આક્રમણખોરોનો સામનો કરીને માભોમ માટે મરી ફીટવાની ? તમે બંને મારા લગ્નના ઉમેદવાર બની બેઠા છો. પણ હું કાયર કે નામર્દને વરવા નથી માગતી. દેશની સરહદો તમને પોકારી રહી છે. તમે વીર હો, ને તમારામાં ખરેખર પાણી હોય, તો લશ્કરમાં સામેલ થાવ ને ચીની ધાડાંને મારી હઠાવવાના કામમાં સહકાર આપો. જરૂર પડે તો તમારી જાનની પણ કુરબાની કરો. દેશની પ્રજા તરીકે દેશનું રક્ષણ કરવાની આપણી ફરજ છે. હું પોતે પણ મહિલા સંરક્ષણ દળમાં સામેલ થાઉં છું. મારો હાથ જોઈતો હોય તો જંગમાં વીરતા બતાવો, ને ભારતની ભૂમિ પરથી ચીનનાં ચાંચીયા જેવાં લશ્કરો પાછાં ન હઠે ત્યાં સુધી 'કુંવારા' રહેવાનો ને જંપીને ન બેસવાનો સંકલ્પ કરો. મારા પર સાચો પ્રેમ હોય તો મારે ખાતર અને પ્યારા દેશને ખાતર આટલું કરો.'

કન્યાની વીર વાણીથી યુવાનોની આંખ ઊઘડી ગઈ. એમને પોતાની ફરજ સમજાઈ.

પછી તો એ લશ્કરમાં ભરતી થયા.

કન્યા સંરક્ષક દળમાં સામેલ થઈ. લોકોએ જ્યારે કન્યાની વીરતાની વાત જાણી ત્યારે કન્યાને માટેનું એમનું માન વધી પડ્યું.

આપણે જ્યારે એમ કહીએ છીએ, કોઈ પણ દેશની સ્વતંત્રતાનું રક્ષણ એકલા ધન કે સુવર્ણથી નથી થતું, હથિયારોથી યે નથી થતું, પરંતુ દેશની પ્રજાના જોમ, ખમીર, દેશપ્રેમ અને સ્વાર્પણથી થાય છે, ત્યારે આવી વીર કન્યાઓ તથા યુવાનોને યાદ કરીને જ કહીએ છીએ. એ સંદર્ભમાં આ પ્રસંગ ઘણો મૂલ્યવાન છે. જે દેશમાં આવી પ્રજા વસે છે, તેને કોઈ પરાધીન નથી બનાવી શકતું. અને કદાચ કોઈના છળ, કપટ કે પશુબળથી એ પરતંત્ર બની જાય તો પણ, પરતંત્રતાની બધી જ બેડીઓ તોડીને, છેવટે એ મુક્તિનો શ્વાસ લઈને જ જંપે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. આંખ મીંચાશે ત્યારે

સાધારણ દેખાતી ઘટનાઓમાં પણ કેટલીક વાર અસાધારણ રહસ્ય સમાયેલું હોય છે. અલબત્ત, એ રહસ્યનો તાગ મેળવવાની વૃત્તિ તથા શક્તિ હોવી જોઈએ. હંસની પેઠે જે સૌમાંથી સાર ગ્રહણ કરે છે તેને માટે સમસ્ત સંસાર એક મહાન વિશ્વવિદ્યાલયરૂપ બની જાય છે અને જીવનની પ્રત્યેક પરિસ્થિતિ કે ઘટના ગ્રંથરૂપ. એવા સાર ગ્રહણ કરનારા પુરુષો બહુ વિરલ દેખાય છે એ વાત સાચી છે, પરંતુ એવા પુરુષો પોતાના જીવનને આશીર્વાદરૂપ બનાવી શકે છે, એ પણ એટલું જ સાચું છે.

ઋષિકેશમાં થોડાંક વરસ પહેલાં એવા એક સત્પુરુષ આવી પહોંચ્યા.

એ મુંબઈના નિવાસી હતા, ખૂબ જ શ્રીમંત હતા, તથા સમાજમાં પ્રતિષ્ઠિત પણ હતા.

ગૃહસ્થાશ્રમમાં એમણે લીલાલહેર કરવામાં બાકી નહોતી રાખી.

પહેલેથી જ એ વ્યસની તથા કુમાર્ગગામી હતા.

પરંતુ એક ધન્ય દિવસે એમની આંખ ઊઘડી.

પોતાના આલિશાન મકાનની વિશાળ અગાસીમાં બેઠા બેઠા એકાગ્ર ચિત્તે ચાંદની રાતે એ પોતાના મિત્રોની પ્રશસ્તિ સાંભળી રહ્યા હતા ત્યારે એમનો એક મિત્ર ભર્તુહરિનું વૈરાગ્યશતક લઈને આવી પહોંચ્યો.

વૈરાગ્યશતકનો પેલો પ્રખ્યાત શ્લોક એને અત્યંત પ્રિય હતો. તે એણે વારંવાર અર્થ સમજાવતાં ગાવા માંડ્યો :

'ચેતોહરા યુવતયઃ સ્વજનોડનુકૂલ
સદબાંધવા પ્રણતિગર્ભમિદં ચ ભૃત્યાઃ,
ગર્જન્નિ દન્તિનિવહાઃ તરલા તુરંગાઃ
સંમિલને નયનયો ર્નહિ કિંચિદસ્તિ.'

ચિત્તનું હરણ કરનારી સુંદર સ્ત્રીઓ છે, અનુકૂળ સગાંસંબંધી તથા ભાઈઓ છે, ખડે પગે આજ્ઞા ઝીલવા સેવકો છે, હાથી તથા ઘોડાઓ છે. એવી રીતે સંક્ષેપમાં કહીએ તો સર્વ પ્રકારની સાંસારિક સુખસાહ્યબી ને સંપત્તિ છે, છતાં પણ એમાં ખરેખર તારું એવું શું છે ? આંખ મીંચાશે એટલે એમાંનું કશું જ નહિ હોય. કશું જ સાથે નહિ આવે.

એવા શબ્દોએ પેલા શ્રીમંત વિલાસી પુરુષના મનમાં ક્રાંતિ કરી. એવા શબ્દો અને ભાવો એમનાથી અજ્ઞાત હતા એવું ન હતું છતાં પણ એ એવી અસરકારક રીતે ને યોગ્ય વખતે બોલાયા હતા કે એમની આંખ ઉઘડી ગઈ.

એના અનુસંધાનમાં જ એ ઋષિકેશ આવેલા-ત્યાંના શાંત એકાંત વાતાવરણનો લાભ લેવા. અલબત્ત, થોડા દિવસને માટે. કેમ કે એમણે બાહ્ય ત્યાગ કર્યો ન હતો તથા કરવા માગતા પણ ન હતા. એ કહેતા કે ઘરનો ત્યાગ કે નામનો ત્યાગ કે વસ્ત્રોનો ત્યાગ શા માટે કરું ? ત્યાગ કરવાનો છે તે તો મનની મલિન વૃત્તિઓનો, વાસનાઓનો, વિચારોનો, કુટેવોનો ને કુકર્મોનો.

એમને થયું કે આટલી બધી સંપત્તિ હોવા છતાં એમાં મારું શું છે ? યુવાનીના મદમાં અને સંપત્તિના નશામાં ભાન ભૂલીને મેં કેટલીય જાતનાં કુકર્મ કર્યાં અને અત્યાર સુધીના જીવનને એવી રીતે એળે ગુમાવ્યું. હવે મારે સવેળા ચેતવું જોઈએ ને શેષ રહેલા જીવનનો સદ્દુપયોગ કરવો જોઈએ.

એમણે પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ કર્યો.

સંકલ્પ કર્યો એટલું જ નહિ, એ પ્રમાણે ચાલવા પણ માંડ્યું.

ભર્તુહરિના વૈરાગ્યશતકનો પેલો શ્લોક એમનો જીવનશ્લોક બની ગયો. એની છેલ્લી પંક્તિ એમને માટે અત્યંત પ્રેરક થઈ પડી.

એમનું જીવન પલટાઈ ગયું. પવિત્ર ત્યાગથી જ શાંતિ મળે છે ને જીવન ધન્ય બને છે. એટલે હું તો ઘરમાં જ રહીશ, વ્યવહાર કરીશ, ધંધામાં ધ્યાન આપીશ, પરંતુ પ્રામાણિકતાથી ચાલીશ. ને મન બીજા કશામાં નહિ પણ ઈશ્વરમાં જ જોડવાનો પ્રયાસ કરીશ. જેથી આંખ બંધ કરવાનો સમય આવે ત્યારે શાંતિથી બંધ કરી શકું, અને તે પહેલાં બનતાં કલ્યાણકારક કામ પણ કરી શકું.

એમની સમજણ જોઈને મને આનંદ થયો. થાય જ ને ?

☼ ☼ ☼ ☼ ☼



## ૪૦. ઉદાત્ત ભાવના

આપણે ત્યાં ધર્મની વાતો ઘણી થાય છે, અને આપણે આપણને ધાર્મિક કહેવડાવીએ છીએ, છતાં પણ આપણું ચારિત્ર્યનું ધોરણ કથળેલું છે, કથળતું જાય છે, એ આપણી મોટામાં મોટી નબળાઈ છે. એથી ઊલટું અમેરિકામાં આપણે ત્યાં થાય છે તેટલી ધર્મની વાતો નથી થતી, લોકો પોતાને આપણા જેટલા ધાર્મિક કહેવડાવવામાં ગૌરવ પણ નથી ગણતા, છતાં પણ ત્યાંનું ચારિત્ર્યધોરણ આપણા કરતાં ઊંચુ છે એ કાંઈ જેવી તેવી વાત નથી. જાહેરજીવનમાં ઉચ્ચ હોદ્દા ધરાવતા મોટા મોટા માણસો પણ ત્યાં વિશુદ્ધ જીવન વ્યવહારને માટે જે જાતની ચીવટ રાખે છે તે ખરેખર નોંધપાત્ર અને અનુકરણીય છે. આપણા મોટા મનાતા માણસોએ એમાંથી ધડો લેવા જેવો છે.

વાત તાજેતરની જ છે.

કહે છે કે અમેરિકાના પ્રમુખ જોન્સને રામસે ક્લાર્કની અમેરિકાના એટર્ની જનરલ તરીકે પસંદગી કરી. ઓગણચાલીસ વરસના રામસે ક્લાર્કની ખુશાલીનો પાર ન રહ્યો.

એ ખુશાલીને વ્યક્ત કરવા એમણે એમના પિતાજીને ટેલિફોન કર્યો. એ પિતા અમેરિકાની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ટોમ સી. ક્લાર્ક હતા. સત્તર વરસથી એ ન્યાયાસનને શોભાવી રહેલા.

પોતાના પુત્રની ઉચ્ચ હોદ્દા પરની પસંદગીના સમાચાર સાંભળીને એ હરખઘેલા થવાને બદલે શાંતિપૂર્વક બોલ્યા, 'તારી નિમણૂંક આનંદાયક છે. એના ઉપલક્ષમાં હું પણ કાંઈક વિચારી રહ્યો છું.'

અમેરિકાની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ પદ સાથે ત્યાંના એટર્ની જનરલને કશો જ સીધો સંબંધ નથી હોતો. એની સાથે સીધો સંબંધ તો સોલીસીટર જનરલનો હોય છે. છતાં પણ જાહેર જીવનની પ્રણાલિને નિર્મળ રાખવા અને કોઈને ટીકા કરવાનું કશું જ કારણ પૂરું ના પાડવા એ પ્રતિષ્ઠાના પદ પર બેઠેલા પિતાએ જુદો જ વિચાર કરી લીધો.

એમણે પોતાના ઉચ્ચોચ્ચ પદની સમયમર્યાદાને વાર હતી તો પણ રાજીનામાનો નિર્ણય જાહેર કર્યો.

પુત્રની પ્રતિષ્ઠા તથા ઉન્નતિમાં આનંદ માનીને થોડાક વખતમાં જ એમણે નિવૃત્તિ લીધી.

વાત નાની હોવા છતાં એની અંદર સમાયેલો સાર ઘણો મોટો છે.

દેશને સુખી તથા સ્વસ્થ અથવા ઉત્તમ અને પ્રામાણિક વહીવટ પૂરો પાડવાની આવશ્યકતાનો સ્વીકાર તો આપણે બધા જ કરીએ છીએ, એનાં સ્વપ્ન સેવીએ છીએ, પરંતુ એ સ્વપ્ન ક્યારે સાચું ઠરે અથવા સિદ્ધ બની શકે ? જ્યારે પદ અથવા પ્રતિષ્ઠાના આસન પર બેઠેલા અમલદારો, આગેવાનો કે નેતાઓ દેશના હિતનો ખ્યાલ રાખીને દેશના વિશાળ હિતોને માટે પોતાના નાના કે મોટા સ્વાર્થને જતો કરવાનું શીખે અને જીવનને નિર્મળ રાખવાનું વ્રત લે ત્યારે મોટા મનાતા માણસો પોતાના જાહેર જીવનના વ્યવહારને બને તેટલો વિશુદ્ધ રાખતાં શીખે તો બીજા સર્વ સાધારણ માણસો પર પણ એનો પ્રભાવ જરૂર પડે, એમને પણ એમાંથી પ્રેરણા મળે, અને આખા દેશને માટે એ પરંપરા આશીર્વાદરૂપ બને.

દેશના હિતેચ્છુઓ આ વાતને વિચારશે ખરા ?

☼ ☼ ☼ ☼ ☼

## ૪૧. તીર્થની તાકાત

ઈ.સ. ૧૯૪૯ની વાત છે.

ત્યારે હું હિમાલયના દેવપ્રયાગ ધામમાંથી નીકળી કાશ્મીરના પ્રખ્યાત તીર્થ અમરનાથનાં દર્શન કરવા ગયેલો. બરફના ઊંચા ઊંચા પર્વતો વચ્ચે વસેલા એ તીર્થનાં દર્શનથી મને એક પ્રકારનો અકથ્ય આનંદ મળ્યો. તીર્થસ્થાનની વાત બાજુએ મૂકાય તો પણ, એ પ્રદેશનું કુદરતી સૌંદર્ય એટલું બધું અસાધારણ ને હૃદયસ્પર્શી છે, કે વાત નહિ. એનું અવલોકન કરી મન મુગ્ધ બની જાય છે.

કાશ્મીર સૃષ્ટિનું સ્વર્ગ શા માટે કહેવાયું હશે, તેની સમજ તેના પરથી સહેલાઈથી પડે છે.

કાશ્મીરનો પ્રવાસ કરી હું કલકત્તા ગયો, અને ત્યાં થોડા દિવસ રહીને જગન્નાથપુરી તરફ ગયો. આ ધામ પણ સુંદર નથી એવું થોડું જ છે ? અલબત્ત હિમાલયની પેઠે ત્યાં હિમાચ્છાદિત કે અસાધારણ પર્વતો નથી, ગંગાજી પણ નથી, છતાં ગંગા તથા બીજી નદીઓ જેમાં પોતાના જલભંડાર ખાલી કરે છે, તે સાગર તેમજ આનંદમય એવી ભૂમિ છે, એની સાથે સંકળાયેલો તથા સુષુપ્ત બની પડી રહેલો એવો ઈતિહાસ છે. એ ઉપરાંત વિશાળ, સ્વચ્છ અને સુંદર મંદિર છે. એને મંદિર કહો કે આધ્યાત્મિક પાવરહાઉસ, બધું એક જ છે. કારણ એમાંથી કેટલાય સાધકોને પ્રકાશ, પ્રેરણા ને શાંતિ મળ્યાં છે. કેટલાય જીવનપંથના પ્રવાસીએ ત્યાં આવી પોતાના જ્ઞાનતૃષાતુર પ્રાણને પ્રેમ-પરબનાં પિયૂષથી પુલકિત, પ્રસન્ન ને પાવન કર્યો છે. એટલે જ તે મંદિરની ભારતમાંનાં મુખ્ય ચાર મંદિરોમાં ગણતરી થઈ છે.

એનાં દર્શનથી મને આનંદ થયો, અને દિવસો પાણીના રેલાની જેમ સરકવા લાગ્યા. પરંતુ એ જ દિવસોમાં ચિત્તમાં એક ચિંતા પેદા થઈ. વાત એ હતી, કે ત્યારે લગભગ દરેક નવરાત્રીમાં હું પાણી પર રહી વ્રત કરતો. હવે નવરાત્રીના દિવસો પાસે હતા. તે દિવસો મારે ક્યાં પસાર કરવા તેનો નિર્ણય નહોતો થઈ શકતો. ભાદરવો મહિનો ચાલતો હતો એટલે ક્યાં રહેવું તે નક્કી કરવું જોઈએ.

દેવપ્રયાગમાં હું રહેતો તે મકાનમાં રહેવાનું હોત તો કોઈ મુશ્કેલી ન હતી. પરંતુ વરસાદના તોફાનથી મકાનની દશા બગડી ગઈ હતી, એની આજુબાજુના કાચા રસ્તા તૂટી ગયા હતા. તો પછી બીજે ક્યાં રહેવું ? ઋષિકેશ જવું કે પછી ગુજરાત તરફ પ્રયાણ કરવું ? કોઈ વાતનો નિર્ણય થઈ શકતો નહિ. છેવટે મેં એ કામ ભગવાન પર છોડી દીધું. જગન્નાથજીના મંદિરમાં બેસી મેં ખરા દિલથી પ્રાર્થના કરી.

'પ્રભુ ! લોકો તમારા દર્શન માટે દૂર દૂરથી આવે છે. તેવી રીતે હું પણ પ્રેમભક્તિથી પ્રેરાઈ અહીં આવી પહોંચ્યો છું. હવે તમારામાં સાચ હોય તો ત્રણ દિવસમાં મારી ભાવના પૂરી કરો. મને સ્પષ્ટ રીતે આદેશ આપો, મારે ક્યાં રહીને નવરાત્રીવ્રત કરવાનું છે ?'

એક દિવસ ગયો, બીજો ગયો, છતાં કાંઈ ન થયું. મારી ચિંતા વધી પડી-પરંતુ ઈશ્વરે કોના ઉપર કૃપા નથી કરી ? એને દ્વારેથી કોણ નિરાશ થયું છે ? ત્રીજે દિવસે હું વહેલી સવારે પ્રાર્થના કરતો બેઠો હતો ત્યારે મારી સામે એકાએક શ્રી શારદાદેવી પ્રગટ થયાં, શ્રી રામકૃષ્ણ પરમહંસનાં પત્ની. એમણે મને કહ્યું, 'કેમ ચિંતામાં પડ્યા છો ?'

'તમે જાણતા નથી ? નવરાત્રી ક્યાં કરવી તેની મને ખબર પડતી નથી.' મેં કહ્યું.

'નવરાત્રીનું વ્રત પાણી પર જરૂર કરવાનું છે, અને બીજે ક્યાંય નહિ, દેવપ્રયાગમાં જ કરવાનું છે, માટે ત્યાં ઊપડી જાવ.' શારદાદેવીએ કહ્યું, 'ત્યાં તમારે આશ્રમમાં નથી રહેવાનું પણ દેવપ્રયાગમાં મોટર-સ્ટેન્ડ પાસે એક મકાન છે તેમાં રહેવાનું છે.'

મેં પૂછ્યું, 'તે મકાન ખાલી છે ?'

'ખાલી નથી, એમાં એક અમલદાર રહે છે. પણ તમારી વ્યવસ્થા ત્યાં થશે. તમારે ત્યાં રહેવાનું છે-તે મકાનમાં.'

અને શારદાદેવી અદૃશ્ય થયાં. બધી વાત મેં માતાજીને કહી દીધી. તે મારી સાથે જ હતાં.

મંદિરમાં જઈ પ્રાર્થના કરી અને ત્યારબાદ વદ અગિયારસે અમે દેવપ્રયાગ જવા નીકળ્યાં. ઈશ્વરે મને અણીને વખતે ત્રણ દિવસમાં માર્ગદર્શન આપ્યું તેથી મારા જીવનમાં ઈશ્વરકૃપાનો એક વધારે યાદગાર પ્રસંગ ઉમેરાયો.

'આપણાં તીર્થોમાં ચેતન છે, તાકાત છે કે માત્ર નિર્જીવ ને જડ છે ?' ઘણા લોકો તરફથી એવા પ્રશ્નો પૂછાય છે, તેમને હું સામેથી પૂછું છું :

'તમારામાં કોઈ તાકાત યા ચેતન છે ? કે પછી તમે નિર્જીવ ને જડ છો ? તીર્થો તો પહેલાં હતાં તેવા આજેય છે. પ્રાણથી ભરપૂર, પ્રેરણાત્મક ને શાંતિમય. ત્યાં જે દૈવી તત્વ છે, તે પણ એવું જ પ્રાણવાન છે. તમારામાં જરા જેટલી પણ યોગ્યતા હશે તો તમારે માટે તે પ્રાણદાયક થઈ પડશે-નહિ તો નકામા ને નિર્જીવ બનશે.'

ક્યાં જગન્નાથપુરી અને ક્યાં દેવપ્રયાગ ? ભારતવર્ષના બે છેડા. એક બંગાળ અને બીજો હિમાલય. વચ્ચે એ બેઉ દૂર-સુદૂરના છેડાને સાંધી તેમની જોડતી ધરતી. એમાં કેટલાંય ગામો, નગરો, નદીઓ, પર્વતો-કેટલા પ્રકારના રીતરિવાજ, પહેરવેશ ને કેટલી ભાષાઓ ? કેટલાં વન, ઉપવન, જંગલો વચ્ચેથી પસાર થતી ગાડી કહેતી હતી, 'દેશ આટલો બધો વિશાળ અને વિવિધતાથી ભરેલો હોવા છતાં એક-અખંડ ને અવિભાજ્ય છે. એના અવયવ ભલે જુદા જુદા દેખાતા હોય, પરંતુ એનો આત્મા એક છે, એનું હૃદય એક છે, એની સંસ્કૃતિ, એનો શ્વાસોશ્વાસ અને ધડકાર પણ એક જ છે.' દેશનો પ્રવાસ કરનાર વિચારશીલ સ્ત્રી-પુરુષો તે એકતાનો અનુભવ કરી શકે છે.

આ બધાંનું દર્શન કરતો હું છેવટે દેવપ્રયાગની પુણ્ય-ભૂમિમાં આવી પહોંચ્યો. ઋષિકેશથી લગભગ ૪૫ માઈલે, બદરીનાથ જવાના માર્ગે, અલકનંદા અને ભાગીરથીના સંગમ પર વસેલું દેવપ્રયાગ, આંખ અને અંતરને આનંદ આપી રહ્યું. દેવપ્રયાગમાં આવેલા મારા આશ્રમમાં તો જવાય તેમ ન હતું, તેથી મોટર સ્ટેન્ડ પાસે રહેતા એક ભાઈને ત્યાં મેં મુકામ કર્યો.

બીજા દિવસથી જ નવરાત્રી શરૂ થઈ. જગન્નાથપુરીમાં શારદાદેવીએ સૂચના કરેલી તે પ્રમાણે મેં કેવળ પાણી પર રહી ઉપવાસ પણ શરૂ કરી દીધા. છતાં મનમાં ચિંતા તો હતી જ. મકાનનો પ્રશ્ન હજુ ઉકલ્યો નહોતો. પણ એમ કાંઈ ચિંતા કરીને બેસી રહે ચાલે ? જે શક્તિ આટલે દૂર ખેંચી લાવી છે, તે બધી જરૂરી વ્યવસ્થા કરશે જ, એવી શ્રદ્ધાથી હું કામ કરી રહ્યો હતો.

આવી શ્રદ્ધાથી પ્રેરાઈ હું બીજા બે ભાઈઓને સાથે લઈ ઉપવાસને પહેલે જ દિવસે, મારા આશ્રમ તરફ ચાલી નીકળ્યો. મને થયું-જોઉં તો ખરો, આશ્રમમાં જવાનો રસ્તો છે કે નહિ ? આશ્રમ મોટર-સ્ટેન્ડથી પર્વતની અંદર પશ્ચિમ દિશામાં છેક જંગલમાં હતો, અને ત્યાં જતાં રસ્તામાં એક શેઠનું મકાન આવતું હતું. એમાં કાશ્મીરી રેશનીંગ-ઈન્સ્પેક્ટર ભાડે રહેતો હતો, તે વાતની જાણ દેવપ્રયાગ આવ્યા પછી થઈ હતી. એટલે જગન્નાથપુરીમાં શારદાદેવીએ દર્શન આપી જે કહ્યું હતું તેનો એટલો ભાગ તો સાચો ઠર્યો.

પરંતુ તેથી શું ? બીજો મહત્વનો ભાગ હજુ બાકી હતો. શારદાદેવીએ કહેલું, 'એ ભાઈ મને પોતાની સાથે એ મકાનમાં રાખશે.' તે કેવી રીતે થઈ શકે ? જો કે ઈશ્વર માટે કશું અશક્ય નથી, છતાં તે વિચાર મને સહેજે આવી ગયો.

એટલામાં હું આશ્રમ તરફના રસ્તા પરથી શેઠના મકાન આગળ પાછો આવ્યો. ત્યાં એક ઘટના બની. મકાનના ઓરડા આગળનો પડદો ઊંચો કરી પેલા કાશ્મીરી ઈન્સ્પેક્ટર બહાર આવ્યા, ને મને પગે લાગી કહેવા માંડ્યા, 'ઉસ આશ્રમમેં ક્યા આપ હી રહતે હૈં ?'

'હાં લેકિન અબ તો વહાં જાનેકા રાસ્તા હી બીગડ ગયા હૈ, તો વહાં નહિ રહા જાતા.'

એ મને અત્યંત આગ્રહ કરી મકાનમાં લઈ ગયા. મારી સાથે થોડી વાતચીત કરીને પોતાની મેળે કહેવા લાગ્યા, 'મેરી એક પ્રાર્થના હૈ ?'

'ક્યા ?' મૈં પૂછ્યું.

'આપ યહાં હી રહીયે-ઈસી મકાનમેં. મકાન બડા હૈ, મુઝે કોઈ તકલીફ નહિ હોગી.'

મેં કહ્યું, 'મકાન મોટું છે એ સાચું-પણ આવતી કાલથી હું મૌનવ્રત રાખવાનો છું.'

તે કહેવા માંડ્યા, 'મૌન રાખશો તેથી મારે શું ? હું દિવસમાં એકાદ વાર તમારું દર્શન કરીશ તો પણ મને આનંદ થશે'.

છેવટે એમના આગ્રહ આગળ મેં નમતું મૂક્યું. મારા કહેવાથી એમનો ફર્નીચરવાળો મુખ્ય ખંડ એમણે મારે માટે ખાલી કરાવ્યો. એમના નોકરને મોકલી મારો બધો સામાન મંગાવી લીધો. એ દિવસે રાતથી મેં ત્યાં રહેવા માંડ્યું.

ઈશ્વરકૃપાની શક્તિ એવી અજબ છે. એ ક્યાં, ક્યારે, કોને માટે કેવી રીતે કામ કરે છે એ એક કોયડો છે. બુદ્ધિ એને સમજી શકે છે ખરી, પણ એનો પાર નથી પામી શકતી. તે એક એવું રહસ્ય છે જેનો ઉકેલ ઈશ્વરના ભક્તો સિવાય બીજા કોઈથી નથી કરી શકાતો. એ કૃપાનો લાભ લેવો હોય તો ઈશ્વરના ભક્ત, પ્રેમી કે શરણાગત બનો, અને જીવન એને માટે જ જીવતા શીખો ! વાતો કે વાદવિવાદોથી કશું નહિ વળે. જીવનને એના રસથી રંગી દો. આમ થતાં તમારી બધી ચિંતા ટાળી, તે તમારી સંભાળ રાખ્યા કરશે. મારો આવો અનુભવ છે.

શારદાદેવીની સૂચના પ્રમાણે તે કાશ્મીરી સાથે હું એ મકાનમાં રહ્યો, અને નવરાત્રીના મારા ઉપવાસ પણ ત્યાં જ પૂરા થયા. દોઢ મહિનો હું એ મકાનમાં જ રહ્યો !

☼ ☼ ☼ ☼ ☼

## ૪૨. ધનની સિદ્ધિ

ઈ.સ. ૧૯૪૫ના પોષ મહિનાની વાત છે.

દેવપ્રયાગથી માતા આનંદમયીને મળવાની ઈચ્છાથી હું આલ્મોડા ગયો હતો. દેવપ્રયાગથી હરદ્વાર, હરદ્વારથી બરેલી, બરેલીથી કાઠગોદામ ને કાઠગોદામથી ઠેઠ આલ્મોડા સુધીનો લાંબો પ્રવાસ કરી હું આલ્મોડામાં 'પાતાલદેવી' પર આવેલા માતા આનંદમયીના આશ્રમમાં આવી પહોંચ્યો. આશ્રમને જોઈ મને આનંદ થયો. ચારે તરફ આકાશને અડવાની હરિફાઈ કરતા પર્વતો ને વચ્ચે આશ્રમ, કેટલું બધું સુંદર દૃશ્ય !

પરંતુ આશ્રમમાં માતા આનંદમયી ન હતાં. ત્રણેક વર્ષથી તે ત્યાં આવ્યાં જ ન હતાં. આશ્રમના વ્યવસ્થાપક સંન્યાસી મહારાજે કહ્યું, 'નજદીકના ભવિષ્યમાં માતાજીની આવવાની કોઈ શક્યતા નથી.'

મને થયું કે માતાજીનો મેળાપ ન જ થઈ શકે તેમ હોય તો આશ્રમમાં રહેવાનો શો અર્થ ? આના કરતાં હું દેવપ્રયાગના મારા શાંત સ્થળમાં રહું તે જ સારું છે. એટલે બીજે જ દિવસે મેં આશ્રમ છોડી દેવપ્રયાગ જવાનો નિર્ણય કર્યો. પણ દેવપ્રયાગ જવું કેવી રીતે ? દેવપ્રયાગ જવાનો નિર્ણય કરવાથી કાંઈ દેવપ્રયાગ પહોંચી જવાય છે ? તે માટે ખર્ચ જોઈએ. ખિસ્સામાં જોયું તે ફક્ત બે જ રૂપીયા હતા. એટલામાં દેવપ્રયાગ કેવી રીતે પહોંચી શકાય ? પણ દેવપ્રયાગ જવું એ નક્કી છે. હૃદયના ઊંડાણમાંથી મેં પ્રભુને પ્રાર્થના કરી. 'હે પ્રભુ ! તમારે આધારે-ભરોસે જ હું અહીં આવ્યો છું. હવે તમે મને મદદ કરો તો જ પાછો જઈ શકીશ. તમે ખરેખર ભક્તરક્ષક હો ને ભક્તોના યોગક્ષેમને વહન કરતા હો, તો મને ગમે તે રીતે મદદ કરો, જેથી હું અહીંથી કોઈ તકલીફ વગર વિદાય લઈ શકું.'

દયાળુ પ્રભુએ મારી પ્રાર્થના સાંભળી કે ગમે તેમ, પણ એ જ દિવસે સવારે મારી પાસે કોઈ સાધુપુરુષ આવ્યા. વીસેક વર્ષની ઉમ્મર, લાંબા કાળા વાળ, શરીરે લાંબો ગરમ ઝબ્બો ને ઉઘાડા પગ. મારી પાસે આવીને એમણે નમસ્કાર કર્યા. એમને જોઈ મને આનંદ થયો. 'કહાંસે આતે હો ? મેં પૂછ્યું.

એમને મૌનવ્રત હતું એટલે થેલીમાંથી સ્લેટપેન કાઢી એમણે લખવા માંડ્યું, 'કૈલાસ માનસરોવરસે આતા હૂં.'

મને થયું : કૈલાસ માનસરોવરથી અત્યારે કેવી રીતે આવી શકાય ? આ ઋતુમાં ત્યાં જઈ શકાય કેવી રીતે ? અત્યારે તો શિયાળો ચાલે છે. પરંતુ એમણે સ્લેટ પર લખ્યું : 'એકાદ વરસથી એ તરફ રહેતો હતો, ને હવે બદરીનાથ જવું છે, એટલે આ બાજુ આવ્યો છું.'

એ પછી મેં એમને મારું તાજેતરમાં લખેલું ગીત સંભળાવ્યું. તેથી તે ખૂબ પ્રસન્ન થઈ કહેવા માંડ્યા, 'મારે તમારી સેવા કરવી છે.' બધી વાત તે લખીને જ કરતા-હિંદી ભાષામાં.

મેં કહ્યું, 'તમે મારી શી સેવા કરશો ? તમારી પાસે કાંઈ હોય તો સેવા કરો ને ? તમે તો ફક્કડ છો, એટલે અગિયારસ બારસને જમવાનું નોતરું આપે એના જેવું કરી રહ્યા છો.'

એમણે હસીને લખ્યું, 'તેવું નથી કરી રહ્યો. હું તમારી સાચેસાચ સેવા કરવા માંગું છું. તમે મારામાં વિશ્વાસ રાખો.'

અને એમણે એમની થેલીમાંથી એક કોથળી કાઢી. કોથળી હાથે સીવેલી ને બહુ નાની હતી. લખીને પૂછ્યું, 'કેટલા રૂપિયા જોઈએ છે ? તમે ના નહિ પાડો ત્યાં સુધી આ કોથળી રૂપિયા કાઢ્યા કરશે. મારી પાસે આ કોથળી સિવાય બીજું કાંઈ નથી.'

મને નવાઈ લાગી. નવાઈ લાગે તેવો જ પ્રસંગ હતો. કોથળીની કરામતની વાત સાંભળી મારું મન વિચારે ચઢ્યું. આવી શક્તિ શું શક્ય હશે ? મને મદદ કરવા આવેલા આ મહાપુરુષ કોઈ સમર્થ યોગી હશે કે પછી સાક્ષાત ઈશ્વર હશે ?

પરંતુ એમણે તો કોથળીમાંથી એક પછી એક રૂપિયા કાઢવા માંડ્યા, ચસકતા, તાજા, ટંકશાળમાંથી કાઢ્યા હોય તેવા રૂપિયા. મારે પાંત્રીસ રૂપિયાની જરૂર હતી. છતાં તેમણે આગ્રહ કરીને ચાલીસ આપીને લખ્યું, 'તમારા ઉપર પ્રેમ થવાથી મેં આ કોથળીનો તમારા માટે ઉપયોગ કર્યો છે. બાકી આને ગુપ્ત રાખું છું. મારી પાસે જે સિદ્ધિ છે તેમાંની આ એક છે.'

હું તો આભો બની ગયો. રાનીખેત સુધી અમે મોટરમાં સાથે હતા. પછી તે છૂટા પડ્યા ત્યારે મેં પૂછ્યું, 'તમારું નામ ?' તેમણે લખ્યું, 'રામદાસ'.

એ કોઈ સમર્થ યોગી હતા .... રામના દાસ હતા, કે ઈશ્વર અથવા તો સાક્ષાત રામ હતા ? એ વાત હું આજે પણ વિચારી રહ્યો છું. પણ હતા એ અતિ અસાધારણ, એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼



## ૪૩. ઈશ્વરનું દર્શન

'આપણા ધર્મપ્રાણ કહેવાતા દેશમાં શું વીતરાગ, ઈશ્વરપરાયણ, સાચા અથવા આદર્શ મહાત્માઓની અછત છે ?' કેટલાક જિજ્ઞાસુઓ તરફથી એવો પ્રશ્ન પૂછાય છે. એના પ્રત્યુત્તરમાં આપણે કહીશું ? ના, એવા મહાત્માઓની ખોટ નથી. દેશનો પ્રવાસ ઉપર ઉપરથી કરીએ તો એવા મહાત્માઓનો મેળાપ મોટા પ્રમાણમાં ને સહેલાઈથી ન થાય એ સાચું છે, તો પણ એમની સંખ્યા ઓછી હોવા છતાં એમના સમાગમનું સૌભાગ્ય ઈશ્વરની કૃપાથી કોઈક ધન્ય સમયે સાંપડી શકે છે એ પણ એટલું જ સાચું છે. એવા એક સુખદ સમાગમનું મને સ્મરણ થાય છે.

એ સમાગમ જગન્નાથપુરીના પવિત્ર પ્રદેશમાં થયેલો. એ પ્રદેશનો મહિમા એક તીર્થ તરીકે ઘણો મોટો મનાય છે. ભારતનાં ચાર પુરાણપ્રસિદ્ધ પ્રાચીન પુણ્યધામોમાં જગન્નાથપુરીની ગણતરી થાય છે. કહે છે કે શ્રી ચૈતન્ય મહાપ્રભુએ પોતાના જીવનના છેલ્લા અઢાર વરસો ત્યાં જ પસાર કરેલાં અને પોતાનું શરીર પણ ત્યાં જ છોડેલું. આજે પણ પ્રત્યેક વરસે કેટલાય જિજ્ઞાસુઓ, પ્રવાસીઓ અને દર્શનાર્થીઓ એની યાત્રા કરે છે ને ત્યાંના પવિત્ર પરમાણુઓનો લાભ લે છે. એ પવિત્ર તીર્થપ્રદેશમાં વસતા કે વિચરતા સંતોનાં દર્શન કે સમાગમનું સદ્દભાગ્ય પણ મેળવે છે. બે વરસ પહેલાં અમે એની યાત્રાએ ગયા ત્યારે એવા જ એક સંતપુરુષના દર્શનનો અલૌકિક અવસર મેળવી શકેલા.

ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં જુદી જુદી કક્ષાના જે સારા સંતો જોવા મળે છે તેમાં એક અસાધારણ કક્ષાના કહી શકાય એવા એ સંત હતા. એમની બાહ્ય આકૃતિ એટલી બધી અવનવી કે આકર્ષક નહોતી લાગતી. એમનું શરીર શ્યામ હતું. એમણે કેવળ કૌપીન પહેરેલું. મુખમંડળ લાંબી જટા તથા દાઢીથી શોભતું. એમના હાથમાં મોટા મણકાની માળા હતી એની મદદથી એ જપ કરતા. એ જગન્નાથપુરીના વિખ્યાત, વિશાળ, કળાત્મક મંદિરના પ્રવેશદ્વારની અંદરના ભાગમાં મોટા ઓટલા પર બેઠેલા.

એમને જોતાં જ અવનવી લાગણી થઈ આવી એવું લાગ્યું. લાગ્યા વિના રહ્યું નહિ કે એ એક મહાન સંત છે. અમે એમની પાસે ગયા એટલે એમણે અમારી તરફ મીઠી નજરે નિહાળીને સ્મિત કર્યું. પાંચેક મિનિટ સુધી એમની સમક્ષ શાંતિપૂર્વક ઊભા રહીને એમની આજુબાજુનાં પવિત્ર પરમાણુઓનો આસ્વાદ લઈને ધર્મશાળામાં પાછા ફરવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે અમારી સાથેના એક ધર્મપ્રેમી પુરુષે એમને પૂછ્યું :

'આ જમાનામાં કોઈને ઈશ્વરદર્શન થઈ શકે ?'

'થઈ શકે.' મહાત્મા પુરુષે ઉત્તર આપ્યો.

'થઈ શકે ?'

'હા'

'પરંતુ આ જમાનો કેવો છે ?'

'જમાનો ગમે તેવો હોય, ઈશ્વર એકના એક જ છે.'

'ઈશ્વરનું દર્શન કેવી રીતે થઈ શકે ?'

'એમને માટેની ભક્તિથી.'

'કળિયુગમાં ભક્તિ થઈ શકે ?'

'ના કેમ થાય ? જેને કરવી હોય તેનાથી થઈ શકે. કળિયુગમાં ભક્તિનું સાધન જ સરળ, સચોટ ને સર્વસુલભ તથા સર્વશ્રેષ્ઠ છે. એ સાધનનો આધાર લેવો કે ના લેવો એ મનુષ્યના હાથની વાત છે.'

'તમને ઈશ્વરનો અનુભવ થયો છે ?'

'અનુભવ થયો છે માટે તો બોલી બતાવું છું.' સંતપુરુષે શાંતિથી જણાવ્યું, 'જે એનું શરણ લે છે એને એ વહેલો કે મોડો, નાનો કે મોટો અનુભવ આપે જ છે.'

મહાત્મા પુરુષની આગળ એક કપડું પાથરવામાં આવેલું. તેમાં જતાં આવતા ભક્તોએ પૈસા નાખેલા. એના તરફ આંગળી કરીને પેલા પુરુષે પુનઃ પૂછ્યું, 'ઈશ્વરનું શરણ લીધું છે તો પછી આ પૈસા શા માટે એકઠા કર્યા છે ?'

'એકઠા કરવા કે ના કરવાનો કોઈ સવાલ નથી. જેમની ઈચ્છા હોય છે તે પૈસા મૂકે છે. નથી ઈચ્છા હોતી તે નથી મૂકતા. હું કોઈને મૂકવા માટે આગ્રહ નથી કરતો ને મૂકતાં રોકતો પણ નથી.'

મહાત્માએ થોડાક સમય મૂક રહીને માળા ફેરવી એટલે પેલા પુરુષે પાછું પૂછ્યું, 'આ પૈસામાં તમને મમત્વ નથી ?'

'ના'

'તો પછી આ પૈસા કોઈ લઈ લે તો ?'

'ભલે લઈ લે.'

'હું લઈ લઉં તો ?'

'તો તમે જાણો. તેમાં મારે શું ?'

પેલા પુરુષે મહાત્મા પુરુષની આગળ પડેલા પૈસા ખરેખર લેવા માંડ્યા. પરંતુ મહાત્મા પુરુષ પોતાના આસન પરથી વિચલિત ન થયા. એ શાંત જ રહ્યા. એમની નિર્વિકારિતા અને શાંતિ જોઈને એ વિસ્મય પામ્યા ને પૈસા મૂકીને મારી સાથે પાછા ફર્યા. એ પ્રસંગથી એ ખૂબ જ પ્રભાવિત થયા ને બોલ્યા, 'મહાત્મા સાધારણ નથી, એકદમ અસાધારણ છે. એના સિવાય આટલી બધી અલિપ્તતા અને શાંતિ ના હોઈ શકે.'

'તમને ખાતરી થઈ ?'

'હા'

'મને તો પહેલેથી જ, એમના દર્શનમાત્રથી જ એવું લાગેલું.'

'મને હવે લાગ્યું.'

'સારું.'

બીજે દિવસે સાંજે અમે મંદિરમાં ગયા ત્યારે એ મહાપુરુષ ત્યાં જ બેઠેલા. એમની પાસે પેલા ભક્તે દીક્ષાની માગણી કરી એટલે એમણે નમ્રતાપૂર્વક જણાવ્યું, 'દીક્ષા તો જીવમાત્રને ઈશ્વરની મળેલી જ છે. હું વળી દીક્ષા આપનાર કોણ ? શ્રદ્ધા તથા ભક્તિપૂર્વક ઈશ્વરનું શરણ લો ને સ્મરણ કરો એ દીક્ષા જ છે.'

'પરંતુ તમારા જેવા મહાપુરુષનો આશીર્વાદ તો જોઈએ ને ?'

'આશીર્વાદ ઈશ્વરનો-મનુષ્ય શરીર મળ્યું ત્યારથી મળેલો જ છે. એ આશીર્વાદને ઓળખો. હું પોતે પણ એમના જ આશીર્વાદની કામના કરું છું. મારા આશીર્વાદની આવશ્યકતા હોય તો એ પણ છે જ. જીવન ઝડપી છે. કોઈને માટે રાહ જોઈને ઊભું નથી રહેતું. માટે કામ કરવા માંડો. વધારે વાતો કરવામાં વખત ના વીતાવો.'

એટલું બોલીને એ મહાપુરુષ મૂક રહ્યા. પછી એ બોલ્યા જ નહિ.

એ પછી બીજે દિવસે અમે એમને ત્યાં જોયા જ નહિ. એ ક્યાં ગયા તે ના સમજાયું. જગન્નાથપુરીમાં કોઈ ઠેકાણે એ જોવા જ ના મળ્યા. ભગવાન જગન્નાથ જ એમના રૂપમાં પોતાના મહિમાને પ્રગટ કરવા અને એવી રીતે અમારી શ્રદ્ધાભક્તિને બળવત્તર બનાવવા આવી પહોંચ્યા કે કોઈક પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય સિદ્ધપુરુષે અમારી ઉપર અનુગ્રહ કરીને એવી રીતે દર્શન દીધું એ ના સમજાયું, પરંતુ એ દર્શન હતું અતિશય આનંદદાયક અને પરમ પ્રેરણાપ્રદાયક એની ના નહિ. એ દર્શન દ્વારા અમને પ્રતીતિ થઈ કે ભારતની આધ્યાત્મિક પરંપરાનું પ્રતિનિધિત્વ કરનારા ઉજ્જવળ જીવનવાળા જ્યોતિર્ધરો હજુ જીવે છે ખરા.

આજે પણ એમનું સુખદ સ્મરણ થાય છે ત્યારે અંતર અસાધારણ આનંદ અને આદરભાવથી ભરાઈ જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૪. દક્ષિણેશ્વરની દેવી

ઈશ્વરની અદ્દભૂત, અચિંત્ય, મહામહિમામયી શક્તિ કેવી રીતે કામ કરે છે ? તર્કવિતર્ક કે વાદવિવાદના ક્ષેત્રમાં ઉતરવાથી એ પ્રશ્નનું રહસ્યજ્ઞાન અથવા તો સુખદ સમાધાન નહિ થઈ શકે. એને સમજવામાં તર્ક થોડીઘણી સહાય જરૂર કરી શકશે, પરંતુ એનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ તો કેવળ સ્વાનુભવથી જ થઈ શકશે. એ શક્તિ કામ કરે છે એ સાચું છે, એટલું જ નહિ પણ સાચા દિલથી ઈશ્વરનું શરણ લેનાર અને ઈશ્વરમય જીવન જીવનારના જીવનમાં ડગલે ને પગલે કામ કરે છે એ વાત નિર્વિવાદ છે. છતાં એની પ્રતીતિ લાંબે વખતે અને કોઈ વિરલ પળે, કોઈ વિરલ પુરુષને થતી હોય છે.

ઈ.સ. ૧૯૪૫માં દેવપ્રયાગના મારા હિમાલયના એકાંત નિવાસસ્થાનમાં હું હતો ત્યારે મને ધ્યાનાવસ્થામાં સૂચના મળી કે મારે નવરાત્રીના દિવસો દરમિયાન કલકત્તામાં આવેલા શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના પ્રખ્યાત સ્મૃતિસ્થાન દક્ષિણેશ્વરમાં રહીને સાધના કરવી. મારે માટે કલકત્તા તદ્દન નવું હતું. અત્યાર સુધીના મારા જીવનમાં મેં એની મુલાકાત નહોતી લીધી. છતાં ઈશ્વરની આજ્ઞા મળી એટલે મેં ત્યાં જવાનો નિર્ણય કર્યો. ઈશ્વરની પ્રત્યેક પ્રેરણા, યોજના અને આજ્ઞા મંગલને માટે જ હોય છે એવી મારી શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાથી પ્રેરાઈને જ મારે આગળ વધવાનું હતું.

લાંબો પ્રવાસ પૂરો કરીને હું દક્ષિણેશ્વર આવી પહોંચ્યો ત્યારે એ રમણીય સ્થળને જોઈને મારા સંતોષ અને આનંદનો પાર ન રહ્યો. એ સ્થળ પણ રમણીય હતું, તેટલું જ શાંત હતું. બાજુમાં પોતાના પવિત્ર પ્રેમરસ જેવા પાણી સાથે સાગરમાં રમવા માટે મંત્રમુગ્ધ થઈને વહી જતી ગંગા હતી. એ સ્થળમાં પ્રવેશ કરતાં મારું હૃદય શ્રી રામકૃષ્ણ પરમહંસને માટેના પ્રેમભાવથી ભરપૂર બની ગયું. મારું રોમેરોમ એક પ્રકારના અભૂતપૂર્વ અલૌકિક રસથી રંગાઈને ઊછળવા લાગ્યું. રામકૃષ્ણ પરમહંસના જીવનપ્રસંગોનો વિચાર કરવાનો લાભ મને પહેલાં અનેક વાર મળ્યો હતો એટલે એ બધા પ્રસંગો પ્રાણવાન બનીને મારી કલ્પનાની આંખ આગળ રમવા માંડ્યા.

એ સુંદર શાંત સ્થળમાં બીજે દિવસે સવારે મેં જગદંબાનું દર્શન કર્યું. દેવીનું મંદિર ઘણું ભવ્ય હતું. રામકૃષ્ણે એ મંદિરમાં દેવીના સાક્ષાત્કારની ઈચ્છાથી પ્રેરાઈને વરસો સુધી એકધારી, ઉત્સાહપૂર્વકની સાધના કરેલી. આંસુ સારેલા, પ્રાર્થના કરેલી, અને પ્રેમની પ્રબળતાને પરિણામે અંતરના ઊંડાણમાંથી પોકારો પડેલા. આખરે એ મહાપુરુષના પ્રેમથી પ્રસન્ન થઈને દેવીએ એમને દર્શન આપેલું એ વાત આજે તો વિશ્વવિદિત છે. એ મહાપુરુષની દીર્ઘકાળની સાધનાનાં પ્રેરક પરમાણુ એ મંદિરમાં ફરતાં લાગ્યાં. એ પરમાણુ જાણે કે પોકારી પોકારીને કહેતાં હતાં કે, પ્રેમ અથવા ભક્તિ જેવો રાજમાર્ગ બીજો કોઈ નથી. એવી અવ્યભિચારિણી અનન્ય ભક્તિ કોઈ બડભાગીને જ પ્રાપ્ત થાય છે અને જેને પ્રાપ્ત થાય છે તેનું જીવન જ્યોતિર્મય બની ઊઠે છે. તેની સાધના સફળ થાય છે ને તે ઈશ્વરના દર્શનનો દેવદુર્લભ લાભ પામીને ધન્ય બને છે. **भक्त्या लभ्यस्तवनन्यया ।** અનન્ય ભક્તિનો અંતરમાં આવિર્ભાવ થાય તો, અને તો જ, એ પરમપુરુષ પરમાત્માની પ્રાપ્તિ શક્ય બને છે. રામકૃષ્ણદેવ એ પરમપુરુષ પરમાત્માને જ 'મા' કહીને સંબોધતા અને 'મા'રૂપે ભજતા હતા.

અને એ ભજવાનું પણ કેવું ? એમની ભક્તિ ક્રમેક્રમે બળવત્ત બની જઈને પરાકાષ્ઠાએ પહોંચેલી. એમનું મન દિવસરાત 'મા'ના સુધામય સ્વરૂપમાં જ લાગેલું રહેતું. દુન્વયી વિષયો માટેની કોઈ પ્રકારની રસવૃત્તિનો એ અનુભવ જ ના કરતું. કહે છે કે એક વાર પ્રેમની પ્રબળતાને પરિણામે એમને જગદંબાના દર્શન માટે અજબ જેવી વેદના થઈ. આથી મંદિરની દિવાલ પર લટકતી તલવાર લઈને એ પોતાના જીવનનો અંત લાવવા તૈયાર થયા. ત્યારે જગદંબાએ પ્રત્યક્ષ થઈને એમને દર્શન આપ્યું. મારા મનમાં પણ જગદંબાના દર્શનની તાલાવેલી જાગેલી. એટલે મારું અંતર આતુર બન્યું. મને થયું કે આવા તપઃપૂત દેવસ્થાનમાં મને 'મા'નું દર્શન થાય તો કેટલું સારું !

બીજે દિવસથી નવરાત્રીનો પ્રારંભ થયો. એટલે મેં સંકલ્પ કર્યો કે, આ સ્થળમાં જગદંબાનો કોઈ અલૌકિક અનુભવ થાય તો જ મારે ભોજન કરવું, નહિ તો ત્યાં સુધી કેવળ પાણી પર રહીને પ્રાર્થના કરવી અને તલસવું. રામકૃષ્ણદેવે પોતે જ એક ઠેકાણે કહ્યું છે કે, 'કલિયુગમાં કોઈ ત્રણ દિવસ અન્ન છોડીને પ્રાર્થે કે તલસે તો ઈશ્વર તેને દર્શન આપે છે.' એમના આ શબ્દો કેટલા સાચા ઠરે છે તે જોઉં તો ખરો ! અલબત્ત, જગદંબાને માટે કોઈ અજ્ઞાત પૂર્વસંસ્કારોને પરિણામે મારા દિલમાં પ્રબળ પ્રેમ પેદા થયેલો. એને લીધે જ એવો સંકલ્પ થઈ શકેલો.

દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણદેવના સ્મૃતિખંડની બહાર પરસાળમાં બેસીને મેં જગદંબાને પ્રાર્થના કરવા માંડી. મારા હૃદયના કરૂણ ભક્તિભાવોને મેં નવા નવા ગીતોની રચના કરતાં ઠાલવવા માંડ્યા. મારી સામે મારા પરિચિત દક્ષિણેશ્વર વિસ્તારના વાસી પુલિનબાબુ અને તેમના પત્ની બેઠેલાં. તેમને હું ગીતનો અર્થ સમજાવતો ને ગીતોની રચના કરતો જતો. મારું ત્રીજું ગીત એવા ભાવનું હતું કે, 'હે મા, અમારે ત્યાં કોઈક સ્નેહી આવે છે તો અમે તેનું સ્વાગત કરીએ છીએ, પરંતુ તમે તો હજુ અચળ બેઠા છો. હું તમારા દર્શન માટે ઝંખુ છું. છતાં તમે કેમ પ્રકટ નથી થતાં ? મારા પ્રેમનો ખ્યાલ કરીને ને મારા થોડાક પ્રેમને વધારે માનીને પણ મારા પર કૃપા કરો.'

મારી આંખમાંથી અશ્રુની ધારા વહેવા માંડી. મેં એને લૂછીને સામે જોયું તો પુલિનબાબુની પત્નીની પાસે એક જ પંક્તિમાં એક સૌંદર્યવતી સુકુમારી બેઠી હતી. એના વાળ ભીના તથા છૂટા હતા. ગૌર શરીર પર એણે સફેદ સાડી પહેરી હતી. એનું અંગ અસાધારણ આકર્ષણથી યુક્ત હતું અને એની આંખમાં આંસુ હતાં. મને થયું કે મારી તરફ ટકટકી લગાવીને બેઠેલી આ વીસેક વરસની કુમારી કોણ હશે ? એ શા માટે રડે છે ?

એ દશામાં એકાદ કલાક પસાર થયા પછી પુલિનબાબુ એમની પત્ની સાથે વિદાય થયા. એમણે મને જમવા માટે આગ્રહ કરી જોયો પણ મારે તો જમવું જ નહોતું.

એમની વિદાય થયા પછી હું મારો સામાન લઈને દક્ષિણેશ્વરમાં પંચવટીની પાસે શિવમંદિરના ઓટલા પર આવીને બેઠો અને જગદંબાને પ્રાર્થના કરવા લાગ્યો. પેલી કુમારી ત્યાં પણ આવી પહોંચી. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે સાડીના છેડાને ગળે વીંટીને, જમીન પર માથું મૂકીને મને પ્રણામ કર્યા અને પછી એ મારી સામે જોતાં નીચે જમીન પર બેસી ગઈ. થોડી વારે શુદ્ધ હિંદીમાં એ બોલી :

'બાબા, આપ બહુત દૂરસે આતે હૈં ન ?'

મેં કહ્યું, 'હા, દૂરસે આતા હૂં.'

'આપ યહાં હી રહેંગે ?' એણે ફરી પૂછ્યું.

'વિચાર તો ઐસા હી હૈ'

'ઈસસે તો આપકા દેવપ્રયાગ હી અચ્છા હૈ. આપ દેવપ્રયાગ હી રહીયે.'

મેં કહ્યું, 'કુછ દિન યહાં રહુંગા, ફિર દેવપ્રયાગ ચલા જાઉંગા.' મને શંકા તો થઈ જ કે હું દેવપ્રયાગ રહું છું તેની ખબર આને ક્યાંથી પડી ? કે પછી એ માહિતી એને પુલિનબાબુએ આપી ?

'બાબા, મુઝે ભી દર્શન હોગા ?' એણે આંસુ વહાવતાં ફરી પૂછ્યું, 'ઉન્હોને મુઝે હરદ્વાર ઘુમાઈ લેકિન અભી દર્શન નહિ દિયા.'

મેં કહ્યું, 'આપકા ઈતના પ્રેમ હૈ તો દર્શન જરૂર હોગા. પ્રેમ હોતા હૈ તો દર્શન ભી હોતા હૈ.'

'આપ ક્યા સબકી રોટી ખા લેતે હૈ ?'

'જો પ્રેમસે દેતે હૈ ઉનકી ખાતા હૂં.'

'કલ સે મૈં ઈસી જગહ પર રોટી લાયા કરુંગી.'

'આપ કહાં રહતી હૈ ?'

'યહીં, મંદિર કે પાસ. મેરા ઘર યહીં હૈ. યહાં પર બરસોં સે રોજ આયા કરતી હૂં.'

પોતાની ડોલમાંથી મને ચાર રસગુલ્લાં ને નાળિયેર આપીને એ બોલી, 'યહ પ્રેમસે દેતી હૂં.'

આખરે મને પૂર્વવત પ્રણામ કરીને એ ઊભી થઈ.

અને શિવાલયની બાજુના રસ્તે આગળ વધી.

મને થયું કે આ કુમારી આટલા બધા ભાવવાળી છે તો એની સાથે જઈને એનું ઘર જોઈ લઉં. ઊભા થઈને મેં એને બોલાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ દેખાઈ જ નહિ. સામે બે લાંબી કેડીઓ ચાલી જતી હતી. એક મંદિર તરફ અને બીજી બહારના મોટા દરવાજા તરફ, પરંતુ ત્યાં એ હતી જ નહિ. એટલી વારમાં એ ક્યાં ચાલી ગઈ તેની ખબર ન પડી.

બીજે દિવસે મેં એની રાહ જોઈ, છતાં એ ન આવી ત્યારે ત્રીજે દિવસે મેં પુલિનબાબુને તેના સંબંધી પૂછી જોયું તો તેમણે આશ્ચર્યચકિત થઈને પૂછ્યું, 'તમે કઈ છોકરીની વાત કરો છો ? એવી કોઈ છોકરીનો અમને પરિચય જ નથી.'

'હું તમને ગીત સંભળાવતો'તો ત્યારે તે તમારી પત્નીની પાસે નહોતી બેઠી ?'

'ના, છેવટ સુધી તમારી સામે અમે બે જ બેઠેલાં. ત્રીજું કોઈ જ નહોતું.'

એમની પત્નીએ પણ એ વાતનું સમર્થન કર્યું. 'તે કુમારી બીજી કોઈ નહિ પણ જગદંબા હોવી જોઈએ. તમે ભાગ્યશાળી કે તેનું દર્શન કરી શક્યા. પરંતુ અમારું ભાગ્ય એટલું ફૂટેલું કે પાસે હોવા છતાં અમે એમનું દર્શન ના કરી શક્યાં.' એમની આંખ છલકાઈ ગઈ.

'પરંતુ હું પણ એને ઓળખી તો ના શક્યો ને ?'

'તેથી શું ? એથી કાંઈ એના દર્શનનો લાભ મળ્યો એનો ઈન્કાર કરી શકશો ? એ ફરી વાર દર્શન આપશે ત્યારે ઓળખાણ પણ પૂરી પાડશે.'

તે રાતે મને સંકેત મળ્યો કે પેલી કુમારી સાક્ષાત જગદંબા જ હતી.

થોડા દિવસ પછી મારે એકાએક દેવપ્રયાગ આવવાનું થયું. એ પછી તો જગદંબાની વિશેષ કૃપા માટે મેં કેટલાય તપ કર્યા અને કષ્ટો વેઠ્યાં. એની પાછળનો ઈતિહાસ ઘણો મોટો છે. એ આલેખવાનું આ સ્થાન નથી. પરંતુ એ પ્રસંગ પછી મને પ્રતીતિ થઈ કે ઈશ્વરની મારા પર કૃપાદ્રષ્ટિ છે. દક્ષિણેશ્વરની દેવીનો એ પાવન પ્રસંગ મારા જીવનમાં ચિરસ્મરણીય અથવા અમર બનીને આજે પણ એવો જ અકબંધ રહ્યો છે. કાળ એની સુવાસ તથા સંજીવનીશક્તિને નથી કરમાવી શક્યો. વરસો વીતે છે તેમ એ મધુમય અને પ્રેરક બનતાં જાય છે. સાધકો અથવા આત્મિક પંથના પ્રવાસીઓને એમાંથી આશ્વાસન ને આશા મળશે એવી આશા છે. આપણાં દેવસ્થાનો, તીર્થો તથા પ્રાતઃસ્મરણીય સિદ્ધ પુરુષોનાં સાધનાસ્થાનો જડ નથી પરંતુ ચિન્મય છે. એમની અંદર આજે પણ પ્રાણ છે, પ્રેરણા છે અને શક્તિનો ભંડાર છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૫. એટલી ચતુરતા તો જોઈશે જ

મહાભારતના આદિપર્વમાં એકસો તેતાલીસમા અધ્યાયમાં એક વાત આવે છે. પાંડવો દિનપ્રતિદિન ખૂબ જ શક્તિશાળી અને તેજસ્વી બનતા જતા હતા તે જાણીને ધૃતરાષ્ટ્રની ચિંતાનો પાર ન રહ્યો. એમણે રાજનીતિમાં કુશળ, મંત્રીશ્રેષ્ઠ કણિકને બોલાવીને કહ્યું કે, 'પાંડુપુત્રોનો રોજેરોજ અભ્યુદય થઈ રહ્યો છે તે જાણીને મને ભારે દુઃખ થાય છે. મારે એમની સાથે મેળ કરવો કે ઘર્ષણમાં ઉતરવું તે સંબંધી સલાહ આપો. હું તમારી સલાહ પ્રમાણે વર્તન કરીશ.'

બ્રાહ્મણશ્રેષ્ઠ કણિકે એના ઉત્તરમાં પોતાના વિચારો રજૂ કર્યા. એ વિચારો રાજનીતિથી પરિપૂર્ણ હતા. કણિકે કહ્યું કે, 'શત્રુનો અભ્યુદય હંમેશા નડતરરૂપ છે. એટલા માટે એને બનતા બધા જ પ્રયત્નોથી રોકવો જોઈએ.'

'દ્વિજશ્રેષ્ઠ ! સામ, દામ, દંડ ને ભેદ દ્વારા શત્રુનો નાશ કેવી રીતે કરવો જોઈએ ? તમે એ વિષય વિસ્તારપૂર્વક ઉદાહરણ સાથે મને સમજાવો તો સારું.'

એ પ્રશ્નના ઉત્તરમાં કણિકે એક નાની સરખી કથા કહી સંભળાવી. 'મહારાજ વરસો પહેલાં વનમાં નીતિશાસ્ત્રના સિદ્ધાંતોને જાણનાર એક શિયાળ રહેતું. એ યુક્તિપ્રયુક્તિ દ્વારા પોતાનો હેતુ સિદ્ધ કરવામાં કુશળ હતું. એ ચતુર શિયાળ એના ચાર મિત્રો વાઘ, ઉંદર, ઘેટું તેમજ નોળિયા સાથે વનમાં વાસ કરતું.'

એક વાર એ પાંચે મિત્રોએ વનમાં વિહાર કરતા એક બળવાન, યુવાન, હૃષ્ટપુષ્ટ હરણને જોયું. એને મારવાની ઈચ્છા થઈ પણ આક્રમણ કરીને મારવાનું મુશ્કેલ લાગવાથી અંદરોઅંદર મંત્રણા કરી.

શિયાળે કહ્યું, 'વાઘ, તેં આ હરણને મારવાના કેટલાય ઉપાયો કરી જોયા, પરંતુ એ ચતુર, યુવાન અને દોડવામાં હોંશિયાર હોવાથી નથી પકડી શકાયું. એ જ્યારે સૂતું હોય ત્યારે આપણો મિત્ર ઉંદર જો એના પગનું માંસ ખાઈ જાય તો એ નાસી શકે નહિ. પછી તું એને સહેલાઈથી મારી શકે ને આપણે બધાં ભેગાં મળીને એનું માંસ ખાઈ શકીએ.'

શિયાળની સલાહ સૌને પસંદ પડી. એ સલાહ પ્રમાણે ઉંદરે સૌથી પહેલાં જઈને હરણના પગનું માંસ ખાઈ લીધું. પછી વાઘે એને મારી નાખ્યું. હરણનો નાશ થયેલો જોઈને સૌને આનંદ થયો. શિયાળને એની અસાધારણ બુદ્ધિશક્તિને માટે સૌએ ધન્યવાદ આપ્યા. શિયાળે સૌને સ્મિત કરીને કહ્યું કે, 'તમે બધા ભોજન કરતા પહેલાં સ્નાન કરી આવો. તમે પાછા આવશો ત્યાં સુધી હું મૃગના મૃત શરીરની ચોકી કરીશ.'

સૌ નદીમાં નહાવા ગયા. મહાબળવાન વાઘ સ્નાનાદિથી નિવૃત્ત થઈને સૌથી પહેલા પાછો આવ્યો ત્યારે શિયાળને ચિંતામગ્ન જોઈને એને પણ ચિંતા થઈ. એણે ચિંતાનું કારણ પૂછ્યું.

'વીરવર વાઘ, ઉંદર હજુ હમણાં જ મને કહી ગયો કે વાઘને ધિક્કાર છે, મૃગને તો મેં માર્યું છે, છતાં એ મારા બાહુબળના પરિણામરૂપે આજે પોતાનું પેટ ભરશે. મિત્ર, ઉંદરના એવા અહંકારયુક્ત વચન સાંભળ્યા પછી મને તો માંસ ખાવાની જરા પણ રુચિ નથી રહી.'

વાઘે જણાવ્યું, 'મિત્ર, ઉંદરના શબ્દોએ મારી આંખ ઉઘાડી નાખી છે. હું હવે વનમાં વિહરનારા પ્રાણીઓનું માંસ મારા બાહુબળથી એમનો શિકાર કરીને ખાધા કરીશ.' એટલું કહીને વાઘ ચાલ્યો ગયો.

ત્યાર પછી આવેલા ઉંદરને શિયાળે કહ્યું, 'મિત્ર, તારું મંગલ હો. મને હમણાં નોળિયાએ જણાવ્યું છે કે વાઘે આ મૃગને માર્યું હોવાથી એના દાતનું ઝેર એના માંસમાં ભળી ગયું છે એટલે એ માંસને હું નહિ ખાઉં. હું તો ઉંદરને ખાઈને જ પેટ ભરવાની ઈચ્છા રાખું છું. તું મારી ઈચ્છાનું અનુમોદન કર.'

શિયાળની વાત સાંભળીને ઉંદર ડરી ગયો ને દરમાં પેસી ગયો. એટલામાં તો ઘેટું આવ્યું. શિયાળે એને કહ્યું, 'વાઘને તારા પર ગુસ્સો ચઢ્યો છે, માટે અહીં રહેવામાં તારું શ્રેય નથી. એ એની સ્ત્રી સાથે થોડી વારમાં આવી પહોંચશે. માટે જેમ ઠીક લાગે તેમ કરી લે.'

ભયનું માર્યું ઘેટું ત્યાંથી એ જ વખતે નાસી ગયું, છેલ્લે આવેલા નોળિયાને જોઈને શિયાળ બોલ્યું, 'મેં મારા બાહુબળથી વાઘ-ઘેટાં વગેરેને હરાવીને નસાડી મૂક્યાં છે. મારી સાથે લડી, મને હરાવીને તું ચાહે તો માંસ ખાઈ શકે છે.'

નોળિયાએ કહ્યું, 'બળવાન વાઘ અને બુદ્ધિમાન ઉંદર પણ તારી આગળ હારી ગયા, તો પછી મારો તો હિસાબ જ શો ?' અને એ પણ પલાયન થઈ ગયો.

'એ પ્રમાણે પોતાની અપ્રતિમ ચતુરાઈથી બીજાં બધાંને નસાડી મૂકીને શિયાળે મૃગના માંસનો સ્વાદ લીધો. કુરુનંદન, શિયાળની નીતિથી ચાલનાર રાજા ઉત્તરોત્તર સુખી થાય છે. કાયરને ભય બતાવી, વીરને વિનયથી ખુશ કરી, લોભીને ધન આપી, ને નીચ તથા સરખેસરખાને શક્તિ બતાવીને પોતાનું કાર્ય સિદ્ધ કરવું જોઈએ. મહારાજ, સામ, દામ, દંડ ને ભેદનું આ દૃષ્ટાંત મેં તમને સંક્ષેપમાં કહી સંભળાવ્યું.'

મહાભારતનું એ દૃષ્ટાંત જરા અનોખું છે. મહાભારત કાળને વીત્યે આજે કેટલોય વખત વીતી ગયો છે. મહાભારતકાળનાં અને આજનાં મૂલ્યોમાં ફેર પણ પડ્યો છે. એ દૃષ્ટિએ વિચારીએ તો ડગલે ને પગલે દગાફટકા, વિશ્વાસઘાત અને છેતરપિંડીની પ્રથાનો આપણે પુરસ્કાર નહિ કરી શકીએ. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવનની તંદુરસ્તી અને સમૃદ્ધિ માટે એવી પ્રથા અત્યંત અમંગલ અથવા અનર્થકારક થઈ પડશે.

ધૃતરાષ્ટ્રની પેઠે આપણે બીજાનાં સુખશાંતિ, સમુન્નતિ ને સમૃદ્ધિ જોઈને જલીશું નહિ, અને શિયાળ જેવા એકલપેટા પણ નહિ થઈએ. પરંતુ જે આપણી સુખસમૃદ્ધિ જોઈને જલે છે અને શિયાળ જેવા સ્વાર્થી કે સ્વલક્ષી બનીને આપણા વ્યક્તિગત, સમષ્ટિગત કે રાષ્ટ્રીય જીવનમાં અશાંતિની આગ સળગાવવા તેમજ આપણા પર તરાપ મારી આપણા હક્કના હિસ્સાને હડપી લેવા માંગે છે, તેમના પ્રત્યે ગાફેલ નહિ જ રહીએ. એટલું જ નહિ, એમને પરાસ્ત કરવા, એમને નાકામિયાબ બનાવવા બનતું બધું જ કરીશું. એટલી ચતુરતા તો જોઈશે જ. દેશમાં આજે જ્યારે બાહ્ય અને આંતર આક્રમણ અથવા અવ્યવસ્થાના ઓળા ઊતર્યા છે ત્યારે મહાભારતની એ શિક્ષા ખાસ યાદ કરવા જેવી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૬. દેશનું ગોધન

મહર્ષિ વાલ્મિકીએ રચેલા 'રામાયણ'માં એ જમાનાની ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે. એ સંસ્કૃતિ કેટલી બધી ઊંચી અને અનેરી હતી એનો એના અધ્યયન પરથી ખ્યાલ આવે છે. એના પરિણામે આપણા અંતરમાં એને માટે ઊંડો આદરભાવ પેદા થાય છે.

એ મહાગ્રંથમાં એક નાનકડો, ઉપરથી જોતાં સાધારણ દેખાતો, છતાં સુંદર, સારગર્ભિત અને અસાધારણ પ્રસંગ છે.

રામ અયોધ્યાની પ્રજા પર પુષ્કળ પ્રેમ રાખતા. પ્રજાનું સર્વ પ્રકારે ધ્યાન રાખતા. પ્રજાનું સર્વપ્રકારે, કોઈ પણ જાતના ભેદભાવ વગર હિત કરવા એ હંમેશા તૈયાર રહેતા. જેમને જરૂર હોય એમને દાન પણ આપતા.

એ વખતે અયોધ્યામાં એક તદ્દન સાધારણ સ્થિતિનો ગરીબ બ્રાહ્મણ વાસ કરતો. એને માટે પોતાનો અને કુટુંબીજનોનો નિર્વાહ કરવાનું કઠીન હતું. રામની પ્રજા પ્રત્યેની લાગણી તથા દાનપ્રિયતાથી ઉત્સાહિત બનીને એક દિવસ એ રામ પાસે આવીને ઊભો રહ્યો ને પોતાની પરિસ્થિતિ કહી બતાવી.

રામ એને આશ્વાસન આપીને સરયૂના તટ પર લઈ ગયા અને બોલ્યા, 'તમારા હાથમાં જે લાકડી છે તેને તમારામાં જેટલું બળ હોય તેટલું બળ અજમાવીને ફેંકો. એ લાકડી જેટલા વિસ્તારમાં પડશે એટલા વિસ્તારની ગાયો તમને અર્પણ કરીશ. એ ગાયોની સેવા કરીને તમારા જીવનને સુખી ને સમૃદ્ધ કરજો.'

બ્રાહ્મણે એ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. ઉપરથી જોતાં તો એનું શરીર કૃશ હતું અને એ કમજોર જેવો દેખાતો હતો, પરંતુ લાકડીને ફેંકતી વખતે એની શક્તિ સારી પેઠે દેખાઈ આવી. લાકડીને પોતાની સમગ્ર શક્તિ લગાડીને એવી તો જોરથી ફેંકી કે એ સરયૂને પેલે પાર જઈને ગાયોવાળા વિસ્તારમાં પડી.

રામ પ્રસન્ન થયા. એમણે બ્રાહ્મણને એ બધા આજુબાજુના વિસ્તારની હજારો ગાયો અર્પણ કરી. એમની સેવા કરીને બ્રાહ્મણે કુટુંબ સાથે પોતાની દરિદ્રતા દૂર કરી.

પ્રસંગ નાનો છે, પરંતુ ઘણો મોટો સાર સૂચવી જાય છે. રામના જમાનામાં દેશનું ગોધન કેટલું બધું વિશાળ હશે તેની કલ્પના તેના પરથી સહેજે કરી શકાય છે. આ તો એક અયોધ્યાના ગોધનની વાત છે. તેની બહારનું ગોધન તો કેટલુંય હશે. જે દેશનું ગોધન સમૃદ્ધ હોય તે દેશમાં ઘી દૂધની નદીઓ વહે ને ખેતીવાડીને મદદ મળે છે એમાં શંકા નથી. તે દેશ પર ઈશ્વરના આશીર્વાદ ઊતરે જ.

એક બીજી વાત. રામે રોકડ દાન આપવાને બદલે ગાયોનું દાન આપ્યું ને બ્રાહ્મણે એનો સહર્ષ સ્વીકાર કર્યો, એ શું બતાવે છે ? જે દેશની પ્રજા પશુપાલક હોય, ને સેવા કરીને નિર્વાહ કરવાની તૈયારીવાળી હોય, તે દેશની પ્રજા સમૃદ્ધ બને ને દીર્ઘકાળપર્યંત દરિદ્ર ના રહે. રાજા તથા પ્રજા ગોધનનું મૂલ્ય સમજે તો દેશ આબાદ બને. ભારતની કલ્યાણ યોજના કરનારી સરકાર ને પ્રજા એટલું સમજશે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૪૭. કાયાપલટ

નિર્વિકલ્પ સમાધિ યોગસાધનાની ઘણી ઊંચી અવસ્થા કહેવાય છે. એ સમાધિની પ્રાપ્તિ કાંઈ જેને-તેને નથી થતી. એને માટે લાંબા વખત લગી ઉત્સાહ, ધીરજ, ખંત અને હિંમતપૂર્વક કોઈ કુશળ માર્ગદર્શક અથવા સદગુરુની સૂચનાનુસાર નિયમિત રીતે પુરુષાર્થ કરવો પડે છે. ત્યારે કોઈ ધન્ય ક્ષણે એ પુરુષાર્થ ફળે છે અને નિર્વિકલ્પ સમાધિના મંગલમય મંદિરનું દ્વાર ઉઘડી શકે છે.

અષ્ટાંગયોગમાં શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે વિચારીએ તો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા ને સમાધિનો સમાવેશ થાય છે. તેમાં સમાધિ છેવટનું અંગ છે. ધ્યાનની સાધનામાં સિદ્ધહસ્ત થયા પછી કોઈક સૌભાગ્યશાળી સાધકને જ એ સમાધિની પ્રાપ્તિ થાય છે, અને સમાધિની પ્રાપ્તિ થયા પછી પણ, જીવનને કૃતાર્થ કરનારી, આત્મદર્શનનો અલૌકિક આનંદ આપનારી, નિર્વિકલ્પ સમાધિ તો અબજોમાં કોઈક એકાદ બડભાગીને જ મળતી હોય છે. એ એટલી બધી અસાધારણ, અમુલખ અથવા વિરલ છે. એટલે જ જ્ઞાની ને યોગી-શિરોમણી શંકરાચાર્યે એના અનુભવની અસાધારણતાનો નિર્દેશ કરતા કહ્યું છે કે, 'સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માના પરમ સુખસાગરમાં જેનું મન નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશીને મળી ગયું, કે સમાઈ ગયું છે તે મહાપુરુષનું કુળ પવિત્ર થયું, એની જનની કૃતાર્થ બની, અને એને લીધે પૃથ્વી પણ પુણ્યવતી થઈ ગઈ.'

અને એટલા માટે જ, નિર્વિકલ્પ સમાધિનો અભ્યાસ કરવાની એમણે ખાસ સૂચના આપી છે.

મહાત્મા શ્રી રામકૃષ્ણ પરમહંસને એમના યોગી ગુરુ તોતાપુરીની મદદથી એ સમાધિની પ્રાપ્તિ થઈ. પછી તો એની અનુભૂતિ એમને માટે એકદમ સ્વાભાવિક બની ગઈ. જગદંબાનું નામ લેતાં કે ગીત ગાતાં અથવા સાંભળતાં એમને એકાએક સમાધિ થઈ જતી. તે જોઈને એમની આજુબાજુના ભક્તો ને સાધકો આશ્ચર્યમાં ડૂબી જતાં. એમના પટ્ટશિષ્ય વિવેકાનંદને પણ ભારે આશ્ચર્ય થતું.

એક દિવસ વિવેકાનંદે-એ વખતે એમણે સંન્યાસ લીધો ન હતો, એમનું નામ નરેન્દ્ર હતું-પોતાના એ આલમની અજાયબી જેવા સર્વસમર્થ લોકોત્તર સદ્દગુરુને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. રામકૃષ્ણદેવને નરેન્દ્ર પ્રત્યે પુષ્કળ પ્રેમ હતો. એ એની સુષુપ્ત શક્તિઓને અને એના ઉજ્જવળ ભાવિને સારી પેઠે જાણતા. એટલે નરેન્દ્રને આશીર્વાદ આપીને બોલ્યા, 'જેવી રીતે કરે છે તેવી રીતે રોજ નિયમિત ધ્યાનની સાધના કરતો રહે તો થોડા જ વખતમાં એક ધન્ય દિવસે તને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ જરૂર થઈ રહેશે.'

રામકૃષ્ણદેવ જેવા મહાપુરુષની વાણી તથા સુભાશિષ ખોટા તો પડે જ કેવી રીતે ? એ તો સદા અમોઘ જ હોય. એ વાણીએ અને એની અંદર સંમિશ્રિત થયેલી સુભાશિષે નરેન્દ્રને વધારે ને વધારે ધ્યાન કરવાની પ્રેરણા આપી. એક દિવસ ધ્યાનની દૈવી દશામાં એને લાગ્યું કે એના ગુરુ એની ઉપર વિશેષ કૃપા કરી રહ્યા છે. એમની કૃપાથી એનું શાંત એકાગ્ર મન જોતજોતાંમાં શરીર તેમજ ઈન્દ્રિયોના પ્રદેશનો પરિત્યાગ કરીને નિર્વિકલ્પ સમાધિના પરમ સુખમય ક્ષીરસાગરમાં ડૂબી ગયું. એ વખતના અલૌકિક આનંદની કલ્પના પણ કોણ કરી શકે ? એ તો અનુભવની વસ્તુ હતી, કલ્પનાની નહિ. નરેન્દ્રનું મન સમાધિની પરમાનંદમય અલૌકિક અવસ્થામાંથી જાગ્યા પછી પણ એવું જ આનંદમય અને શાંત રહ્યું. એણે રામકૃષ્ણદેવનો, એમના

અદ્દભૂત અનુગ્રહ બદલ આભાર માન્યો. એટલે એમણે એને કોઈ મનપસંદ વસ્તુ માંગવા કહ્યું. તો એણે જણાવ્યું, 'થોડા વખતની સમાધિમાં જો આટલો બધો રસ ને આનંદ છે, તો કાયમની સમાધિમાં કેટલો બધો રસ ને આનંદ હશે ? તમે કૃપા કરીને મને એવી અવસ્થા આપો કે હું દિવસો સુધી સમાધિમાં જ પડ્યો રહું ને મને ખાવાપીવાનું, બોલવાનું કે બીજુ કશું ભાન જ ના રહે.'

રામકૃષ્ણદેવે જરાક હસીને છતાં જરાક કરૂણ સ્વરે કહ્યું, 'હું તો તને ઘણો વિવેકી માનતો'તો. પરંતુ તું તો સ્વાર્થની જ વાતો કર્યા કરે છે. દુનિયામાં ચારે કોર કેટલું બધું અજ્ઞાન, દુઃખ, ક્રંદન અને શોષણ છે તેની તને ખબર નથી ? તેને દૂર કરવા માટે તું કંઈ જ નહિ કરે ને તારા જ સુખનો વિચાર કરીને બેસી રહેશે ? ના, એવા એકલપેટા થવાને બદલે, બીજાને ઉપયોગી થવા માટે જગદંબાની મરજીને માન આપીને તારે જીવનભર પુરુષાર્થ કરવો પડશે. તારો જન્મ એટલા માટે જ છે. એ હેતુ પુરો થશે ત્યારે તને સમાધિનો એ અદ્દભૂત આનંદ ફરી મળી શકશે.'

નરેન્દ્ર સમજી ગયો. ગુરુની પ્રેરણા પ્રમાણે પાછળથી એ જ નરેન્દ્રે વીર વિવેકાનંદ બનીને જે વિરાટ કર્મ કર્યું, તે લોકસેવાના કર્મથી સૌ સુપરિચિત છે.

☼ ☼ ☼ ☼ ☼



## ૪૮. બહાદુર બાળકો

ધર્મ અથવા કર્તવ્યના પાલનનો પંથ બધે વખતે નિષ્કંટક અથવા સરળ નથી હોતો. એ પંથે પ્રયાણ કરનારને જાતજાતની ને ભાતભાતની અગ્નિપરીક્ષા કે કસોટીઓમાંથી પસાર થવું પડે છે. એ પંથને તલવારની તીક્ષ્ણ ધાર જેવો કહી શકાય. નિર્બળ મનના માનવો આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને એ પંથે પગલાં ભરતાં ડરે છે, પરંતુ ધર્મભાવનાથી ભરેલા, કર્તવ્યપાલનના આગ્રહવાળા, ઉત્તમ પ્રકારના મનોબળથી સંપન્ન માનવો, નાનો કે મોટો ભોગ આપવો પડે કે ગમે તેવું કષ્ટ સહન કરવું પડે તો પણ, એ પંથને મૂકવાનો વિચાર નથી કરતા, એ તો આગળ પગલાં ભર્યે જ જાય છે. એમના અંતરમાં પેલું શાસ્ત્રવચન સારી પેઠે અંકિત થઈ ગયું હોય છે કે,

ન જાતુ કામાન્નભયાન્ન લોભાત્, ધર્મં ત્યજેત જીવિતસ્યાપિ હેતોઃ ।

ધર્મો નિત્યો સુખદુઃખેત્વનિત્યે, જીવો નિત્યો હેતુરસ્ય ત્વનિત્યઃ ॥

'કોઈ પ્રકારની કામનાથી પ્રેરાઈને, ભયને લીધે, લોભથી કે જીવનની લાલસાથી પણ કદી ધર્મનો ત્યાગ ના કરવો. ધર્મ નિત્ય છે ને સુખ તથા દુઃખ તો અસ્થાયી છે, આત્મા અમર છે પરંતુ શરીર અનિત્ય છે.'

ભારતમાં એવા કર્તવ્યવત, ધર્મપરાયણ સ્ત્રીપુરુષો કેટલાંય થઈ ગયાં છે જેમણે કર્તવ્યને હંમેશા મહત્વનું સ્થાન આપ્યું છે, ને એને માટે જરૂર પડ્યે મોટી મોટી યંત્રણાઓ વેઠવામાં અને શરીરની આહુતિ આપવામાં પણ પાછી પાની નથી કરી, અને એ પણ હસતે મોઢે. ઈતિહાસમાં એમના નામ અમર છે ને સુવર્ણાક્ષરે અંકિત થયેલાં છે.

શીખ ધર્મમાં થઈ ગયેલા ગુરુ ગોવિંદસિંહ એમનામાંના એક હતા અને એમના પુત્રો પણ એવા જ પ્રતાપી હતા.

ગુરુ ગોવિંદસિંહને ધર્મને માટે ભારેમાં ભારે બલિદાન આપવા પડેલાં, છતાં પણ એ મહાપુરુષે પોતાની નિષ્ઠાનો ત્યાગ નહિ કરેલો.

સિંહના સંતાનો જેમ શિયાળ નહિ પણ સિંહ જ જન્મે તેમ એમના સુપુત્રો પણ એમના જેવા જ પરાક્રમી નીકળ્યા.

ગુરુ ગોવિંદસિંહ પ્રત્યેના દ્વેષભાવથી પ્રેરાઈને એક વાર સરહિંદના નવાબે એમના બે નાના પુત્રોને પોતાની પાસે બોલાવ્યા.

નવાબે એ બંને બાળકોને મુસલમાન બનવાની આજ્ઞા કરી, પરંતુ ધર્મપ્રેમી બહાદુર બાળકોએ એ આજ્ઞાનો અસ્વીકાર કર્યો.

નવાબે એમને ભાતભાતના પ્રલોભનો બતાવ્યાં તો પણ એ મક્કમ અને અડગ રહ્યા. પ્રલોભનો, ભય, ધમકી કે લાલચ એમની પોતાના ધર્મની નિષ્ઠામાં સહેજ પણ ફેર ના પાડી શકી.

એમના ધર્માંતરનો કોઈયે ઉપાય શેષ ના રહ્યો ત્યારે છેવટના શસ્ત્ર તરીકે નવાબે એમને દીવાલમાં જીવતા જ ચણી દેવાનો હુકમ કર્યો.

એ ભયંકર હુકમ પણ બાળકોને ના ડગાવી શક્યો. એમના દિલ એવા જ મક્કમ રહ્યાં.

સરહિંદના નવાબના કઠોર આદેશાનુસાર દીવાલ ચણવાની શરૂઆત કરવામાં આવી ને ચણતરની વચ્ચે ગુરુ ગોવિંદસિંહના બંને પુત્રોને ઊભા રાખવામાં આવ્યા.

નવાબે કહ્યું, 'છોકરાઓ, જક્કી થઈને એકની એક વાતને વળગી રહેવાને બદલે મુસલમાન બનીને જાન બચાવી લો. હાથે કરીને શા માટે મૃત્યુના મુખમાં પડી રહ્યા છો ?

બાળકો બોલ્યા, 'જક્કી થઈને એકની એક વાતને અમે નથી વળગી રહ્યા પણ તમે વળગી રહ્યા છો. અમારું ધર્માંતર કરાવવાના ગાંડપણને છોડી દો તો કોઈ પ્રશ્ન જ નથી. બાકી અમે મૃત્યુથી જરાપણ નથી ડરતા. ધર્મને માટે મરવું પડશે તો પણ એ મૃત્યુ અમારે માટે મંગલકારક થઈ પડશે.'

દીવાલ વધારે ને વધારે ચણાતી ચાલી.

બાળકો એવા જ અડગ અને નિર્ભય રહ્યા.

છાતી સુધી દીવાલ આવી પહોંચી એટલે આખુંયે દૃશ્ય કરુણ બની ગયું.

એ વખતે મોટા બાળકનું હૃદય ભરાઈ આવ્યું અને એની આંખમાંથી અશ્રુ ટપકી પડ્યાં.

એ જોઈને નાનો બાળક ગળગળો બની ગયો ને બોલ્યો, 'કેમ ? મરવાનું નથી ગમતું કે શું ? આંખમાં આંસુ કેમ આવ્યાં ?'

'આંસુ આવવાનું કારણ જુદું છે.' મોટા ભાઈએ સ્પષ્ટીકરણ કર્યું, 'ધર્મને માટે તું મારા કરતા નાનો હોવાથી વહેલો ચણાઈ જઈશ કે વહેલો મરીશ એ વિચારીને મને ઓછું આવે છે. હું તારા કરતાં નાનો હોત તો કેવું સારું થાત ?'

નવાબના હુકમથી એ બંને સુકોમળ બાળકો પર દીવાલ ચણાઈ ગઈ, પરંતુ એથી શું ? એમનો ધર્મપ્રેમ, જુસ્સો, આત્મત્યાગ અથવા બલિદાનભાવ અમર બની ગયો.

ધન્ય છે બાળકો ! ધન્ય એ સુપુત્રો !

એમનાં જીવન અનંત કાળ સુધી અનેકોને પ્રેરણા પાતાં રહેશે, અનેકને બળ ધરશે, અને અનેકના અંધકારથી આવૃત્ત જીવનમાં જ્યોતિ ભરશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૯. વિવેકાનંદની ચંચળતા

મહાત્મા શ્રી રામકૃષ્ણ પરમહંસદેવના વખતમાં કલકત્તાથી થોડેક દૂર ગાઝીપૂરમાં એક બીજા તપસ્વીશ્રેષ્ઠ મહાપુરુષ નિવાસ કરતા. એમનું નામ પવહારી બાબા હતું. એ મોટા ભાગે લોકસંપર્કથી દૂર નિતાંત એકાંતમાં રહેતા. બીજા સામાન્ય માણસો તો એમને પૂજ્યભાવથી જોતાં જ, પણ રામકૃષ્ણદેવ પોતે પણ પ્રસંગ મળતાં એમના ત્યાગ, એમની સાધુતા અને તપશ્ચર્યાની પ્રશંસા કરતા.

પવહારી બાબા કેવા પ્રકારના સંત હતા અથવા કોઈ જાતની વિશેષ તપશ્ચર્યા કે સાધના કરતા તેની માહિતી કોઈને ન હતી. એ સંબંધી એ ભારે ગુપ્તતા સેવતા. છતાં પણ લોકોમાં અને ખાસ કરીને શ્રદ્ધાભક્તિસંપન્ન ભક્તોમાં એ હઠયોગી તરીકે ઓળખાતા. સાધના દ્વારા સાંપડેલી કેટલીક વિશેષ શક્તિઓના પરચા એમના સંપર્કમાં આવનારા સ્ત્રી-પુરુષોને અવારનવાર મળ્યા કરતા. એને લીધે અને એમની કેટલીક બીજી યોગ્યતાઓને લીધે આજુબાજુના વિશાળ પ્રદેશમાં એ સારી પેઠે જાણીતા થઈ ચૂકેલા.

રામકૃષ્ણદેવની સાથે સ્વામી વિવેકાનંદ પણ પવહારી બાબાના દર્શને ગયેલા ને ત્યારથી એ પ્રતાપી લોકોત્તર મહાપુરુષને માટે વિશેષ આદરભાવ રાખતા થયેલા.

એ પછી તો વરસો વીતી ગયાં ને વિવેકાનંદ પરદેશ પણ જઈ આવ્યા.

પરદેશમાં ભારતીય ધર્મ, તત્વજ્ઞાન તથા સંસ્કૃતિના ઉદ્દગાતા કે પ્રચારક તરીકે એમને અખૂટ કીર્તિની પ્રાપ્તિ થઈ. એ કીર્તિ સાથે એ દેશમાં આવી પહોંચ્યા ત્યારે દેશવાસીઓએ એમનું ભારે ઉમળકાથી દબદબાપૂર્વક સન્માન કર્યું. એમના સ્વાગતમાં ઠેર ઠેર સભાઓ ભરવામાં આવી, ને એમણે કરેલા અભૂતપૂર્વ કાર્યની કદરરૂપે પ્રેમપૂર્વક એમની પ્રશસ્તિ કરી.

કૃતજ્ઞતા તેમ જ ગુણગ્રાહકતાના એ વિરાટ પ્રદર્શનથી વિવેકાનંદનું અંતર આનંદી ઊઠ્યું.

સૌનો સત્કાર ઝીલીને એ છેવટે કલકત્તામાં શાંતિપૂર્વક રહેવા માંડ્યા ત્યારે એમના મનમાં પવહારી બાબાની સ્મૃતિ પ્રબળપણે થઈ આવી. એથી એમના દર્શને જવાનું નક્કી કર્યું.

પવહારી બાબાનું દર્શન કરીને એ કૃતાર્થ થયા ને પોતાને બડભાગી માનવા લાગ્યા. પરંતુ એ ભાવ એટલેથી જ ના અટક્યો. એ દર્શનને લીધે એમના મનમાં એક નવો જ વિચાર પેદા થયો. એમને થયું કે મેં રામકૃષ્ણ પરમહંસદેવને ગુરૂ કર્યા છે એના કરતાં પવહારી બાબાને ગુરુ કર્યા હોત તો ? પવહારી બાબા રામકૃષ્ણદેવ કરતાં વિશેષ શક્તિશાળી લાગે છે !

એ વિચાર એમના મનને એવો તો ઘેરી વળ્યો કે એ સિવાય એ બીજું કાંઈ વિચારી શક્યા જ નહિ.

લાંબા વખતલગી એમણે એ વિચાર કર્યા કર્યો ને છેવટે એવું પણ નક્કી કર્યું કે સવારે ઊઠીને પવહારી બાબા પાસે જઈને એમને ગુરુ તરીકે સ્વીકારી લેવા.

ત્યાં તો એ રાતે એક અદ્દભુત બનાવ બન્યો. એને બનાવ કહો કે ચમત્કાર બધું એક જ છે.

ચાંદનીથી ચમકતા જે નાના સરખા ઉદ્યાનમાં એ આંટા મારી રહેલા તે ઉદ્યાનમાં એમની અજાયબી વચ્ચે એમણે એક અદૃષ્ટપૂર્વ દ્રશ્ય જોયું. એમનાથી થોડેક દૂર, એમની બરાબર સામે, રામકૃષ્ણદેવની

અલૌકિક આકૃતિ ઊભી રહેલી. અવકાશમાં ઊભેલી એ જ્યોતિર્મય સુધાસભર આકૃતિના દર્શનથી વિવેકાનંદને ભારે નવાઈ લાગી. એ આકૃતિ પોતાના ગુરૂ રામકૃષ્ણ પરમહંસદેવની જ હતી !

પરંતુ એમની મુખાકૃતિ પર હાસ્યને બદલે વિષાદ હતો. એની ઉપર પ્રસન્નતાને બદલે ખિન્નતાની છાયા સ્પષ્ટ દેખાઈ આવી. એનું કારણ ?

કારણને ખુલાસો કરતી હોય એમ એ આકૃતિ વિવેકાનંદને જાણે કે ઠપકો આપતી હોય તેમ કહેવા માંડી, 'મારામાં હજુ પણ આટલો બધો અવિશ્વાસ ? મારી આટલી બધી કૃપા હોવા છતાં પણ અવિશ્વાસ ?'

અને એ આકૃતિ અવકાશમાં વિલીન થઈ.

એ અલૌકિક અનુભવને લીધે વિવેકાનંદે પવહારી બાબાને ગુરુ કરવાનો વિચાર છોડી દીધો. પરંતુ બીજે દિવસે એ વિચારે પાછું જોર પકડ્યું ત્યારે રામકૃષ્ણદેવે પાછું એ જ રીતે દર્શન આપ્યું. કહે છે કે રામકૃષ્ણદેવે વિવેકાનંદને ઉપરાઉપરી એવી રીતે એકવીસ દિવસ સુધી દર્શન આપ્યું ત્યારે એમની રહી-સહી ભ્રાંતિ દૂર થઈ અને એમને ખાતરી થઈ કે રામકૃષ્ણદેવ ખૂબ જ શક્તિશાળી છે ને એમની પોતાના પર કાયમની કૃપાદૃષ્ટિ છે. પવહારી બાબાને ગુરુ કરવાનો વિચાર એમણે માંડી વાળ્યો.

આ પ્રસંગ શું શીખવે છે ? એ જ કે ગુરુમાં અખૂટ અને અડગ શ્રદ્ધાની આવશ્યકતા છે. એક યા બીજા કારણે વારંવાર ગુરુને બદલવાનું બરાબર નથી. સાધકની સાચી શ્રદ્ધાભક્તિ હશે તો ઈશ્વર તેને ગુરુની મારફત મદદ કરતા જ રહેશે. એ ઉપરાંત આ પ્રસંગમાં એક બીજો સંદેશ પણ સમાયેલો છે. સદ્‌ગુરુનો સંબંધ એમનું સ્થૂળ શરીર છૂટ્યા પછી પણ ચાલુ રહે છે. એ પોતાની વિશેષ શક્તિનો આશ્રય લઈને શિષ્ય કે શરણાગતની સદાય સંભાળ રાખે છે ને એની ભૂલ થતી હોય તો એ ભૂલને કરુણાથી પ્રેરાઈને સુધારી લે છે.

વિવેકાનંદ જેવાના સંબંધમાં આવું બન્યું તો આપણું તો શું ગજુ, એવું માનીને કોઈએ મનને નિર્બળ કરવાની જરૂર નથી, પરંતુ બળવાન બનાવવાનું ને જાગ્રત રહેવાનું છે. જોઈએ છે ગુરુને માટેનો દ્રઢ વિશ્વાસ. એ સાધકને માટે શ્રેયસ્કર ઠરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૦. સંત શ્રી નારાયણ સ્વામી

ભારતવર્ષમાં છેલ્લાં થોડાંક વરસોમાં જે પૂર્ણકામ, પ્રતાપી ને સાચા મહાત્મા પુરુષો થઈ ગયા તેમાં શ્રી નારાયણ સ્વામીનું નામ વિશેષ ઉલ્લેખનીય છે.

એ એક ઉચ્ચ કોટિના મહાત્મા હતા.

શરીરે માત્ર ગૂણ પાટની લંગોટી પહેરતા, ને મૌન રાખતા.

એટલા મોટા મહાત્મા હોવા છતાં પણ જાણે નમ્રતા તથા સરળતાની મૂર્તિ જ જોઈ લો.

એમની નમ્રતાનો એક જ પ્રસંગ કહું. એ પ્રસંગ આજે પણ મને એવો ને એવો જ યાદ છે.

ઈ.સ.૧૯૪૪માં નારાયણ સ્વામી ફરતા ફરતા હિમાલયના ઉત્તરકાશી સ્થાનમાં આવ્યા હતા. ત્યાં એમણે ત્યાંની પ્રસિદ્ધ બિરલા ધર્મશાળામાં મુકામ કરેલો.

બિરલા ધર્મશાળાથી થોડેક દૂર વિશ્વનાથ મંદિરનું સ્થાન છે ત્યાં નાગાજી કરીને એક સમર્થ સંતપુરુષ નિવાસ કરતા. એ પણ મૌન રાખતા તથા ભારે તપ કરતા. ઉત્તરકાશીમાં એમનું માન ઘણું વધારે હતું. વિશ્વનાથ મંદિરના નાનાસરખા કમ્પાઉન્ડમાં એકબાજુ એમની મઢૂલી હતી.

નારાયણ સ્વામી વિશ્વનાથ મંદિરમાંથી દર્શન કરીને બહાર નીકળ્યા એટલે નાગાજીએ પોતાની મઢૂલીમાંથી બહાર આવીને એમને નમસ્કાર કર્યા. નાગાજી પોતે ઉચ્ચ અવસ્થાએ પહોંચેલા મહાપુરુષ હોવા છતાં નારાયણ સ્વામીને પગે પડીને બે હાથ જોડીને એમની આગળ ઊભા રહ્યા એ કાંઈ એમની ઓછી નમ્રતા ન હતી.

પરંતુ તરત જ નારાયણ સ્વામીની નમ્રતાનું એક બીજું દૃશ્ય જોવા મળ્યું. એ દૃશ્ય પણ ભારે અજાયબીમાં નાખી દે તેવું હતું. નારાયણ સ્વામી પણ નાગાજીને પગે લાગ્યા તથા પ્રણામ કરીને ઊભા રહ્યા. નાગાજી નારાયણ સ્વામીને ફરી પગે લાગ્યા ને નારાયણ સ્વામી ફરી નાગાજીને પગે લાગ્યા. બંને મહાત્મા પુરુષો એકમેકને પગે લાગતા જ જાય. એવી રીતે કેટલીયવાર ચાલ્યું, અને આખરે અમે વચ્ચે પડ્યા ત્યારે તે શાંત રહ્યા.

અમને થયું કે એકસરખી અવસ્થાએ પહોંચેલા આ સંત પુરુષો કેટલા બધા નિખાલસ અને નમ્ર છે ! એમને માટેનો અમારો આદરભાવ વધી પડ્યો. સંતપુરુષોની અંદર પણ નાનામોટાના ભેદભાવ હોય છે તથા ચડસાચડસી ચાલતી હોય છે. એ દૃષ્ટિએ જોતાં આવા બે અસાધારણ મહાત્મા પુરુષો પરસ્પર પ્રણામ કરે એ કાંઈ નાનીસૂની વાત ના કહેવાય. એમના હૃદયની વિશાળતા ને ગુણગ્રાહકતાના એ મોટા પુરાવારૂપ જ કહી શકાય.

નારાયણ સ્વામી ઉત્તર પ્રદેશમાં કાયસ્થ કુટુંબમાં જન્મેલા. ઘરનો ત્યાગ કર્યા પછી એ બદરીનાથ ગયા. ગુરુ તરીકે એ બદરીનાથને જ માનતા હતા. એ મુખ્યત્વે ભક્ત હતા ને ભક્તિમાર્ગનો આધાર લઈને આગળ વધતા. ભક્તિમાર્ગમાં પણ એમનો મુખ્ય વિશ્વાસ નામજપમાં હતો. એમનો મુખ્ય ઉપદેશ નામજપનો હતો. એ કહેતા કે ઈશ્વરની પ્રાપ્તિ અથવા તો ચિત્તની શાંતિને માટે નામજપ જેવું સાધન બીજું એકેય નથી.

નામજપ સૌથી સરસ, સરળ અને સચોટ સાધન છે. એ સાધનમાં અડગ શ્રદ્ધા રાખીને એમણે પોતે જીવનનાં બાકીનાં વરસો દરમિયાન નારાયણ મંત્રનો જપ કર્યા કર્યો.

એમનું નામસ્મરણ સૂકું, જડ કે યાંત્રિક ન હતું પરંતુ સમજપૂર્વકનું કે ભાવમય હતું. નામસ્મરણ કરતી વખતે એમનું હૃદય ગદ્દગદ્દ બનતું, ભાવવિભોર થઈ જતું, અને એમની આંખ ભરાઈ જતી. એ દિવસનો મોટો ભાગ ભાવદશામાં જ રહેતા એમ કહીએ તો ચાલે. નર્મદાકિનારે ચાંદોદ ક્ષેત્રમાં વરસો સુધી તપશ્ચર્યા કરીને એમણે ઈશ્વરદર્શનનો આનંદ મેળવ્યો અને એથી એમનું જીવન ધન્ય બન્યું. એ ધન્યતાની પ્રાપ્તિ એમને જોતાંવેંત સહેજે થઈ શકતી.

નામસ્મરણની સાથે સાથે એ બીજો મુખ્ય ભાર મનની નિર્મળતા કે ચારિત્ર્યની શુદ્ધિ પર મૂકતા. મનને વિશુદ્ધ કરવાની સાથે સાથે નામસ્મરણ કરીને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ કેળવવાની એ ખાસ ભલામણ કરતા રહેતા. જેમને મદદની જરૂર છે એમને મદદરૂપ થવા માટે તત્પર રહેવાનો સંદેશ પણ એમની મારફત મળતો રહેતો.

ઉત્તર પ્રદેશ ને ગુજરાતમાં એમના અનેક ભક્તો, પ્રશંસકો અને અનુયાયીઓ હોવા છતાં એમણે કોઈ આશ્રમની ઈચ્છા ના કરી. જીવનભર સાચા અર્થમાં વિરક્ત રહીને એ વિચરણ જ કરતા રહ્યા. બદરીનાથધામ અને બદરીનારાયણ ભગવાનને માટે એમને અજબ પ્રકારનો પ્રેમ હતો અને એમની કૃપાથી જ એમને શાંતિ મળેલી. એમના સંગ, માર્ગદર્શન અને એમની મદદ દ્વારા બીજા કેટકેટલા જીવોએ શાંતિ મેળવી તે કોણ કહી શકે ? એનો હિસાબ કોણ કાઢી શકે ?

☼ ☼ ☼ ☼

**(સમાપ્ત)**

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

*